# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

એમ્મા સ્ટોન પતિ ડેવ મેકકેરીના દિગ્દર્શકમાં દર્શાવવા માટે ચર્ચામાં છે...



પેજ-09

મને ખબર નથી કે આગળ શું થશે પણ: રોહિતે વર્લ્ડ કપ રમવા પર કરી વાત




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 38.00 | 28.00 |
| વડોદરા | 39.00 | 28.00 |
| સુરત | 38.00 | 27.00 |


પેજ 5




કિંમતી ધાતુ અને બિટકોઈનમાં રોકાણ કરો ફાયદો કરાવશે શેરબજાર...

**14** APRIL-2024 SUNDAY

સાઉદીની જેલમાં કેદ ભારતીયને બચાવવા માટે 34 કરોડ ભેગા કર્યા




પેજ 10


**.....સુવિચાર.....**

મતલબી લોકો સાથે રહેવા કરતા, એકલા રહેવું લાખ ગણું સારું છે !


વર્ષ-13 | અંક-149 | વિક્રમ સંવત-2080 | ચૈત્ર સુદ-06 | પાના-12 | કિંમત 3/- | અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### સરકારી ક્ષેત્રમાં કોન્ટ્રાક્ટ સિસ્ટમ ખતમ કરીશું : ખેડૂતોની લોન માફ કરીશું

# અમે એક જ ઝટકામાં ગરીબી દુર કરીશું : રાહુલ ગાંધી

(એજન્સી) જગદલપુર । તા. 13

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ છત્તીસગઢમાં બસ્તરના લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડિયમમાં જનસભામાં સંબોધન કર્યું હતું. રાહુલે કહ્યું કે અમારી સરકાર આવશે તો મહાલક્ષ્મી યોજના શરૂ કરવામાં આવશે. અમે દરેક પરિવારમાંથી એક મહિલાને પસંદ કરીશું. આ પછી દર મહિને બેંક ખાતામાં 8.5 હજાર રૂપિયા જમા થશે. એટલે કે તમને એક વર્ષમાં 1 લાખ રૂપિયા મળશે. આ રીતે દેશમાંથી ગરીબી એક જ ઝટકામાં દુર કરીશું. કોંગ્રેસ સાંસદે કહ્યું કે જો અમારી સરકાર આવશે તો અમે સરકારી નોકરીઓમાં મહિલાઓને 50% અનામત આપીશું. આંગણવાડી અને આશા વર્કરોનું માનદ વેતન બમણું કરશે. રાહુલે કહ્યું કે અમે છત્તીસગઢમાં ખેડૂતોને પૈસા આપ્યા, અમે દેશમાં પણ તે જ કરીશું. અમારી સરકાર આવતાની સાથે જ પહેલું કામ ખેડૂતોની લોન માફ કરવાનું રહેશે. ખેડૂતોને યોગ્ય ભાવ મળશે, તે પણ કાયદાકીય ગેરંટી સાથે. કોંગ્રેસ સાંસદે એ પણ વચન આપ્યું હતું કે શ્રીમંત પરિવારોના બાળકો કામ કરતા પહેલા એક વર્ષની એપ્રેન્ટિસશિપ કરે છે. જેના માટે તેમને પૈસા પણ મળે છે. હજુ પણ એપ્રેન્ટિસશીપનો હક લાવવા જઈ રહ્યા છીએ. અમે ડિગ્રી અને ડિપ્લોમા ધરાવતા લોકોને એપ્રેન્ટિસશિપનો અધિકાર આપીશું.



#### 2-3 ટકા લોકો પાસે પૈસા જઇ રહ્યા છે

રાહુલ ગાંધીએ કહ્યું કે તમામ રુપિયા 2-3 ટકા લોકો પાસે જઈ રહ્યા છે. તમે GST ભરો છો, પરંતુ જ્યારે તમારા પૈસા વહેંચવામાં આવે છે, ત્યારે તમે લોકો તેમાં નથી હોતા.

#### 90 અધિકારીઓ દેશની સરકાર ચલાવે છે : રાહુલ

રાહુલ ગાંધીએ કહ્યું કે તમને દેશમાં મોટી કંપનીઓના માલિક ન તો આદિવાસીઓ જોવા મળશે કે ન તો ઓબીસી. એ જ લોકો મોટી મીડિયા સંસ્થાઓ ચલાવે છે. એ જ લોકો મોટી શૈક્ષણિક સંસ્થાઓ ચલાવે છે. દેશની સરકાર 90 અધિકારીઓ દ્વારા ચલાવવામાં આવે છે. જ્યારે બજેટ બને છે ત્યારે આ 90 લોકો નક્કી કરે છે કે કયા સેક્ટરમાં કેટલા પૈસા ફાળવવામાં આવશે.જ્યારે મેં પૂછપરછ કરી તો મને જાણવા મળ્યું કે તે 90 અધિકારીઓમાંથી 1 જ અધિકારી આદિવાસી સમુદાયના હતા. દેશના બજેટમાં 100 રૂપિયા ખર્ચવામાં આવે તો આદિવાસી અધિકારી 10 પૈસાનો નિર્ણય લે છે.

#### રાહુલ ગાંધીએ કહ્યું- આ વિચારધારાની લડાઈ છે

સભાને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું કે એક તરફ અમે બંધારણ બચાવવા માટે લડી રહ્યા છીએ. બીજી તરફ બંધારણ અને લોકશાહી પર પ્રહાર કરનારા નરેન્દ્ર મોદીજી, અદાણીજી, RSS જેઓ બંધારણને ખતમ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. મોદીજીએ આદિવાસી શબ્દ બદલવાનો પ્રયાસ કર્યો. અમે તમને આદિવાસી કહીએ છીએ અને ભાજપના લોકો તમને વનવાસી કહે છે.

## ભાજપના દબાણ હેઠળ તિહાડ જેલનું વહીવટીતંત્ર : આપના સંજયસિંહનો આરોપ

**મીટિંગ વિન્ડોમાં કેજરીવાલ પત્ની સાથે મુલાકાત કરે છે, આવું તો ખૂંખાર અપરાધી સાથે પણ થતું નથી**

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

આમ આદમી પાર્ટીના નેતા અને રાજ્યસભાના સાંસદ સંજય સિંહે તિહાડ જેલમાં બંધ દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ સાથે અમાનવીય વ્યવહારનો આરોપ લગાવ્યો છે. તેમણે શનિવારે (13 એપ્રિલ) કહ્યું કે મુખ્યમંત્રીને તેમની પત્ની સુનીતા કેજરીવાલને રૂબરૂ મળવાની મંજૂરી આપવામાં આવી રહી નથી. તેઓ તેમને મીટિંગ વિન્ડો દ્વારા મળી રહ્યા છે. જેલના નિયમ 602 અને 605 મુજબ રૂબરૂ મુલાકાત થઈ શકે છે. ખૂંખાર ગુનેગાર પણ તેમના પરિવારના સભ્યોને બેરેકમાં મળે છે, પરંતુ જેલ પ્રશાસને સુનીતાને કાચની બારીમાંથી મળવાની મંજૂરી આપી છે. પ્રશાસન પર ભાજપનું દબાણ છે. દિલ્હી લિકર પોલિસી કેસમાં 21 માર્ચે ધરપકડ કરાયેલા કેજરીવાલ 15 એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડીમાં છે. તેમણે પોતાની ધરપકડ સામે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી હતી, જેને ફગાવી દેવામાં આવી હતી. આ પછી તેમણે દિલ્હી હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. આ અંગેની સુનાવણી 15 એપ્રિલે થવાની છે.



#### સંજય સિંહે કહ્યું- પંજાબના મુખ્યમંત્રીને પણ મળવા દેવાયા ન હતા

સુનીતા ઉપરાંત મને અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને પણ તેમને મળવા દેવાયા નથી. અમારા વકીલે મારા અને માન માટે કેજરીવાલને મળવા માટે અરજી કરી હતી, જે સ્વીકારવામાં આવી હતી. અમને ટોકન પણ આપવામાં આવ્યું હતું, પરંતુ અચાનક એક મેઈલ આવ્યો કે આ મીટિંગ કેન્સલ કરવામાં આવી છે.

#### સંજય સિંહે કહ્યું- સુબ્રત રોય આ જેલમાં બિઝનેસ મીટિંગ કરતા હતા

સંજય સિંહે કહ્યું- આજ સુધી ક્યારેય કાચની બારીમાંથી કોઈને મળવાનું થયું નથી. ભાજપના લોકો કેજરીવાલના પરિવારને અપમાનિત કરવા માગે છે. આ અપરાધ, ઘમંડ અને સરમુખત્યારશાહી છે. સુબ્રત રોય અને ચંદ્ર બ્રધર્સ પણ આ જેલમાં રહ્યા હતા. તેઓ તેમના પરિવારના સભ્યોને રૂબરૂ મળતા હતા. તેઓ બિઝનેસ મિટિંગો પણ કરતા હતા.

## BRS નેતા કવિતાએ શરત રેડ્ડીને ધમકાવ્યો : સીબીઆઇ

**AAPને અપાવ્યા રૂ. 25 કરોડ : કોર્ટમાં CBIનો દાવો**

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

દિલ્હી લિકર પોલિસી કેસમાં આરોપી ભારત રાષ્ટ્ર સમિતિ (BRS)ના નેતા કવિતાને લઈને સીબીઆઈએ કોર્ટમાં મોટો ઘટસ્ફોટ કર્યો છે. કવિતાની કસ્ટડીની માગ કરતા સીબીઆઈએ કોર્ટને જણાવ્યું હતું કે, 'કવિતાએ કરબિંદો ફાર્માના પ્રમોટર શરત રેડ્ડીને આમ આદમી પાર્ટી (AAP)એ દિલ્હીમાં પાંચ રિટેલ ઝોનના બદલામાં રૂ. 25 કરોડ આપવાની ધમકી આપી હતી'. જોકે, કોર્ટે કવિતાને 15મી એપ્રિલ સુધી સીબીઆઈ કસ્ટડીમાં મોકલી દેવાયા છે. કોર્ટમાં સીબીઆઈએ જણાવ્યું હતું કે, 'તેલંગાણાના પૂર્વ મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવની પુત્રી કે. કવિતાએ શરથ રેડ્ડીને કહ્યું હતું કે જો તે દિલ્હીમાં આપને પૈસા નહીં આપે તો તેલંગાણા અને રાજધાનીમાં તેના બિઝનેસને નુકસાન થઈ શકે છે.' શરત ચંદ્ર રેડ્ડી હવે દિલ્હી લિકર પોલિસી કેસ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં સરકારી સાક્ષી છે. આ કેસની તપાસની જવાબદારી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની છે.



સીબીઆઈએ હજુ સુધી શરત રેડ્ડી સામે કોઈ ચાર્જશીટ દાખલ કરી નથી. સીબીઆઈએ આરોપ લગાવ્યો કે, 'કવિતાએ શરત ચંદ્ર રેડ્ડીને કહ્યું હતું કે આપએ દારૂના વ્યવસાય માટે દરેક રિટેલ ઝોન માટે રૂ. 5 કરોડ ચૂકવવા પડશે. આ જ ચુકવણી તેના સહયોગી અરુણ આર પિલ્લઈ અને અભિષેકને કરવામાં આવી હતી.

**Quick Read**

### પતંજલિના મધનો નમૂનો ફેલ : હવે ભરવો પડશે એક લાખ રૂપિયાનો દંડ

નવી દિલ્હી | પતંજલિના પેક મધના નમૂના ટેસ્ટિંગમાં ફેલ થતા નિર્ણાયક અધિકારીએ કાર્યવાહી કરવામાં આવી છે. આ બાબતે મળતી માહિતી પ્રમાણે આશરે ચાર વર્ષ પહેલા ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લાના ડીડીહાટમાંથી લેવામાં આવેલા પતંજલિના પેક્ડ મધના નમૂનાનું પરીક્ષણ કરવા માટે લેવામાં આવ્યા હતા. આ મામલે નિર્ણાયક અધિકારીએ ડીડીહાટના વેપારી અને રામનગરના ડિસ્ટ્રીબ્યુટર કંપની પર એક લાખ રુપિયાનો દંડ ફટકાર્યો હતો.

### કંગના રણૌત સામે ચૂંટણી લડશે કોંગ્રેસના 'યુવરાજ', સત્તાવાર જાહેરાત કરાઇ

ધર્મશાળા | લોકસભા ચૂંટણીને લઈને હિમાચલ પ્રદેશની મંડી બેઠક પર કોંગ્રેસ તરફથી વિક્રમાદિત્ય સિંહ ચૂંટણી લડશે. આ અંગેની જાહેરાત હિમાચલ પ્રદેશના કોંગ્રેસ અધ્યક્ષ પ્રતિભા સિંહે કરી છે. પરંતુ પક્ષે હજુ સુધી વિક્રમાદિત્ય સિંહના નામની સત્તાવાર જાહેરાત કરી નથી. જો કે, ભાજપે મંડી બેઠક પર બોલિવૂડ અભિનેત્રી કંગના રણૌતને ઉમેદવાર જાહેર કર્યા છે. હિમાચલ પ્રદેશના કોંગ્રેસ અધ્યક્ષ પ્રતિભા સિંહે કહ્યું કે, 'કંગના શું કરી રહી છે કે શું કહી રહી છે, તેનાથી અમને કોઈ ફરક પડતો નથી.

### કાશ્મીરના વિસ્થાપિતો માટે ચૂંટણીપંચનો મહત્ત્વનો નિર્ણય, મોટી સમસ્યા ઉકેલી દીધી

જમ્મુ | જમ્મુ-કાશ્મીરના જમ્મુ અને ઉધમપુર જિલ્લાના કાશ્મીરી પ્રવાસીઓને (વિસ્થાપિતો) ચૂંટણી પંચે મોટી રાહત આપી છે. હવે તેમને લોકસભાની ચૂંટણીમાં મતદાન કરવા માટે 'ફોર્મ M' ભરવાની જરૂર નથી, કારણ કે પંચે જૂની માગણીને સ્વીકારીને વિસ્થાપિત લોકો માટે વર્તમાન મતદાન યોજનામાં ફેરફાર કરવાનો આદેશ આપ્યો છે. અગાઉ, ખીણના વિસ્થાપિત મતદારો માટે જમ્મુ અને કાશ્મીરમાં દરેક સંસદીય અને વિધાનસભા ચૂંટણી પહેલા આ ફોર્મ ભરવાનું ફરજિયાત હતું.

### માહિતી ન આપીને ચૂંટણી પંચે આરટીઆઇ કાયદાનો કર્યો ભંગ, સીઆઇસીએ નોટિસ ફટકારી

નવી દિલ્હી | કેન્દ્રીય માહિતી પંચ સીઆઈસીએ ચૂંટણી પંચને આરટીઆઇની માહિતી ના આપવા બદલ નોટિસ ફટકારી છે, સાથે જ કહ્યું છે કે માહિતી આપવાની ના પાડીને કાયદાનો ભંગ કરવામાં આવ્યો છે. ઈવીએમ અને વીવીપીએટી સાથે સંકળાયેલી આરટીઆઈનો જવાબ 30 દિવસ પસાર થઈ જવા છતા ચૂંટણી પંચ દ્વારા નહોતો આપવામાં આવ્યો. . બાદમાં અરજદારે માહિતી કમિશન સમક્ષ અપીલ કરી હતી.

### RSS અને નીતિન ગડકરીનો કિલ્લો ધ્વસ્ત કરી નાખવા કોંગ્રેસનો માસ્ટર સ્ટ્રોક! ભાજપ ટેન્શનમાં

નાગપુર | લોકસભા ચૂંટણી વચ્ચે ઘણી એવી હોટસીટ છે જે ચર્ચામાં છે. એમાંથી એક નાગપુર લોકસભા સીટ પણ છે. ભાજપના દિગ્ગજ નેતા નીતિન ગડકરી અહીંથી ચૂંટણી લડી રહ્યા છે. આ બેઠક કોંગ્રેસનું ગઢ રહી છે પરંતુ છેલ્લી બે ચૂંટણીમાં અહીં ભાજપનો વિજય થયો છે. આ વખતે કોંગ્રેસને અહીં ફરી આશા છે. 2019ની ચૂંટણીમાં ભાજપનો વોટ શેર 10 ટકા સુધી વધી ગયો હતો. નાગપુરમાં લોકો બેરોજગારી અને નાગરિક સુવિધાઓ જેવા સ્થાનિક મુદ્દાઓ વિશે વાત કરી રહ્યા છે.

## અમારા ધારાસભ્યોને રૂ.50 કરોડની ઓફર આપે છે ભાજપ : સિદ્ધારમૈયાના નિવેદનથી ખળબળાટ

(એજન્સી) બેંગ્લોર । તા. 13

ભારતીય જનતા પાર્ટી પર ફરી એક વખત બીજી પાર્ટીના ધારાસભ્યોને પોતાના પક્ષમાં જોડાવા માટે પૈસાની ઓફર આપી હોવાનો આરોપ લાગ્યો છે. આ વખતે આ આરોપ કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ લગાવ્યો છે. કર્ણાટકના સીએમ એ દાવો કર્યો છે કે, લોકસભા ચૂંટણી પહેલા BJP તેમની સરકારને તોડવાનો પ્રયાસ કરી રહી છે અને રાજ્યમાં ઓપરેશન લોટસ ચલાવી રહી છે. સીએમ સિદ્ધારમૈયાએ કહ્યું કે, બીજેપીએ સત્તારુઢ કોંગ્રેસના ધારાસભ્યોને પોતાની પાર્ટીમાં સામેલ કરવા માટે 50 કરોડ રૂપિયાની ઓફર આપી હતી. તેમણે બીજેપી પર આરોપ લગાવતા કહ્યું કે, તે છેલ્લા એક વર્ષથી મારી સરકારને તોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે અમારા ધારાસભ્યોને 50 કરોડ રૂપિયાની ઓફર આપી. તેમણે પ્રયાસ કર્યો પરંતુ તેઓ અસફળ રહ્યા.



**BJPએ આ તમામ આરોપોને નકારી કાઢ્યા :** કર્ણાટકના સીએમના આ તમામ આરોપો પર બીજેપીની પ્રક્રિયા પણ આવી છે. બીજેપી સાંસદ એસ પ્રકાશે કર્ણાટકના સીએમના તમામ આરોપોને નકારી કાઢ્યા છે. તેમણે કહ્યું કે, આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે, તેઓ માત્ર સમાજના એક વર્ગની સહાનુભુતિ જીતવા માટે વારંવાર આવા આરોપો લગાવી રહ્યા છે. એસ પ્રકાશે કહ્યું કે, મુખ્ય મુદ્દાઓ અને કર્ણાટક સરકારની ઉપલબ્ધિઓ પર ધ્યાન આપવાના બદલે મુખ્ય મંત્રી બીજેપી પર ખોટા આરોપો લગાવી રહ્યા છે અને ચૂંટણી બાદ પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા પર ફોકસ કરી રહ્યા છે. સીએમને જ્યારે પૂછવામાં આવ્યું કે, લોકસભા ચૂંટણી હારી જવા પર કોંગ્રેસ નેતૃત્વ વાળી સરકાર પણ પડી ભાંગશે?

**પ્રિયંકા ગાંધીના ભાજપ પર પ્રહાર**

## 75 વર્ષથી કંઇ નથી થયું તો IIM, IIT અને AIIMS ક્યાંથી આવ્યાં...



(એજન્સી) રામનગર । તા. 13

કોંગ્રેસના સ્ટાર પ્રચારક પ્રિયંકા ગાંધી આજે ઉત્તરાખંડના રામનગર પીરુમદારામાં જનસભાને સંબોધિત કરવા માટે પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે કેન્દ્રની ભાજપ સરકારને આડે હાથ લીધી હતી અને અનેક આકરા સવાલ પૂછ્યા હતા. આજે ઉત્તરાખંડમાં પ્રિયંકા ગાંધીની બે જનસભા હતી. તેમાંથી પીરુમદારામાં તેમણે પહેલી જનસભાને સંબોધિત કરી અને ત્યારબાદ તેઓ રુડકીની જનસભા માટે રવાના થઈ ગયા હતા. પૌડી ગઢવાલ લોકસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર ગણેશ ગોડિયાલના પ્રચારને ધાર આપવા માટે પ્રિયંકા ગાંધી પીરુમદારા કિસાન ઈન્ટર કોલેજના સ્પોર્ટ્સ ગ્રાઉન્ડમાં ચૂંટણી જનસભાને સંબોધિત કરવા માટે પહોંચ્યા હતા. આ દરમિયાન કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે, 'ક્યાં સુધી કોંગ્રેસ પર દોષ ઠાલવતા રહેશો? છેલ્લા 10 વર્ષોથી કોંગ્રેસનું રાજ નથી. 10 વર્ષથી ભાજપ સંપૂર્ણ સત્તામાં છે. અને હજુ તેઓ કહે છે કે, અબકી બાર 400 પાર. તેમને હજુ વધુ સત્તા જોઈએ છે.' આ દરમિયાન કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે, 'ક્યાં સુધી કોંગ્રેસ પર દોષ ઠાલવતા રહેશો?

**રામલલ્લાના લલાટે સૂર્ય સુશોભિત**

## રામનવમી પહેલાં સૂર્યતિલકની ટ્રાયલ સફળ

### મુખ્ય પૂજારીએ કહ્યું- ત્રેતાયુગનું દૃશ્ય કળિયુગમાં જોવા મળ્યું

(એજન્સી) અયોધ્યા । તા. 13

અયોધ્યામાં રામલલ્લાના કપાળ પર સૂર્યતિલકની ટ્રાયલ હાથ ધરવામાં આવી. સૂર્યનાં કિરણો અરીસા દ્વારા ભગવાનના મસ્તક પર પડ્યાં. રામનવમીના દિવસે 17 એપ્રિલે બપોરે બરાબર 12 વાગ્યે સૂર્યનાં કિરણોથી રામલલ્લાનું તિલક કરવામાં આવશે. આ પહેલાં શુક્રવારે બપોરે બરાબર 12 વાગ્યે વૈજ્ઞાનિકોની હાજરીમાં ટ્રાયલ કરવામાં આવી હતી, જે સફળ રહી હતી. એનો વીડિયો પણ સામે આવ્યો છે. એક મિનિટ 19 સેકન્ડના વીડિયોમાં રામલલ્લાના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસ ભગવાનની આરતી કરી રહ્યા છે. દરમિયાન સૂર્યનાં કિરણો રામલલ્લાના લલાટે સુશોભિત થતાં જોવા મળે છે. રામ સિયારામ, સિયારામ જય જય રામની ધૂન વાગી રહી છે. રામલલ્લાના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસે કહ્યું હતું કે વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલી સફળ ટ્રાયલ બાદ સ્પષ્ટ છે કે ભગવાન રામલલ્લાનું સૂર્યતિલક આ વખતે રામનવમીના અવસર પર કરવામાં આવશે. અગાઉ એવું અનુમાન કરવામાં આવી રહ્યું હતું કે મંદિરનું સંપૂર્ણ નિર્માણ થયા બાદ જ સૂર્યતિલક શક્ય બનશે, પરંતુ વૈજ્ઞાનિકોએ શુક્રવારે સફળતાપૂર્વક સૂર્યનાં કિરણોને ભગવાનના મસ્તક સુધી પહોંચાડ્યાં. આચાર્ય સત્યેન્દ્ર દાસે જણાવ્યું હતું કે જ્યારે અમે ભગવાન રામની આરતી કરી રહ્યા હતા અને સૂર્ય ભગવાન તેમના કપાળ પર રાજતિલક કરી રહ્યા હતા ત્યારે એ દૃશ્ય ખૂબ જ અદભુત લાગી રહ્યું હતું. વૈજ્ઞાનિકોએ જે રીતે પ્રયાસ કર્યો એ ખૂબ જ પ્રશંસનીય છે.



## રક્ષા મંત્રાલયે 97 'તેજસ ફાઈટર જેટ'નો આપ્યો ઓર્ડર

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

રક્ષા મંત્રાલયે ભારતીય વાયુ સેના માટે સ્વદેશી 97 ફાઈટર જેટ (LCA Mk-1A) તેજસની ખરીદી માટે સરકારી એરોસ્પેસ હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)ને એક ટેન્ડર જારી કર્યું છે. રક્ષા અધિકારીઓએ આ વિશે જાણકારી આપી. આ યુદ્ધ વિમાનોની કિંમત લગભગ 67,000 કરોડ રૂપિયા હોવાનું અનુમાન છે. તેજસ વિમાન હવાઈ યુદ્ધ અને આક્રમક એર સપોર્ટ મિશન માટે ખૂબ શક્તિશાળી માનવામાં આવે છે જ્યારે રિકોનિસન્સ અને એન્ટિ-શિપ ઓપરેશન્સ તેનો સેકન્ડરી રોલ છે. નવેમ્બરમાં સંરક્ષણ સંપાદન પરિષદ (Defense Acquisition Council) એ ભારતીય વાયુ સેના (IAF) માટે 97 તેજસ જેટ ખરીદવાના પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી હતી. DCA એ હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા પોતાના એસયૂ-30 ફાઈટર કાફલાને અપગ્રેડ કરવાના ભારતીય વાયુસેનાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી દીધી.

### ખારાઘોડા રણમાં ભયકંર અકસ્માત:અકસ્માત એટલી હદે ગોઝારો હતો કે, રણમાં ટ્રકમાંથી ઈજાગ્રસ્તોને બહાર કાઢવા ક્રેન બોલાવવી પડી હતી...

# ધૂળની ડમરીઓ વચ્ચે બે ટ્રક અથડાતા એકનું મોત, એક ગંભીર રીતે ઈજાગ્રસ્ત





(એજન્સી) સુરેન્દ્રનગર | તા.13

ખારાઘોડા રણમાં ધૂળની ડમરીઓ વચ્ચે બે ટ્રક સામસામે અથડાતા એક વ્યક્તિનું મોત થયું હતું. જ્યારે એક યુવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. અકસ્માતમાં ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર અર્થે પાટડી સરકારી હોસ્પિટલે લઈ જવાયા બાદ વધુ સારવાર અર્થે અમદાવાદ હોસ્પિટલે લઈ જવાતાં એક યુવાનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. અકસ્માત એટલી હદે ગોઝારો હતો કે, રણમાં ટ્રકમાંથી ઈજાગ્રસ્તોને બહાર કાઢવા ક્રેન બોલાવવી પડી હતી.

હાલમાં ખારાઘોડા અને ઝીંઝુવાડા રણમાં જેસીબી અને ડમ્પરો સહિતના સાધનો વડે મીઠું ખેંચવાની સીઝન પૂરજોશમાં ચાલી રહી છે. રણમાં આગ ઓકતી કાળઝાળ ગરમી અને ધૂળની ડમરીઓ વચ્ચે સેંકડો ટ્રકો દ્વારા મીઠું ખેંચવાની સીઝન અત્યારે પૂરજોશમાં ચાલી રહી છે, ત્યારે ખારાઘોડા રણમાં નારાણપુરાની હોજ પાસે પૂરઝડપે આવતી બે ટ્રકોના ચાલકોએ સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા બંને ટ્રકો સામસામે ટકરાતા એક ટ્રક પલ્ટી ખાઈ ગઈ હતી. જ્યારે એક ટ્રકનો ખુડદો બોલી ગયો હતો.

આ અકસ્માતની ઘટનામા બંને ટ્રકોના ચાલકો પોલાભાઈ બાથાણી અને ભાવેશભાઈ બાથાણીને હાથે, પગે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. રણમાં ટ્રકમાંથી ઈજાગ્રસ્તોને બહાર કાઢવા ક્રેન બોલાવવી પડી હતી. બાદમાં બંને ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર અર્થે પાટડી સરકારી હોસ્પિટલે લઈ જવાયા બાદ વધુ સારવાર અર્થે અમદાવાદ હોસ્પિટલે લઈ જવાયા બાદ પોલાભાઈ બાથાણી નામના ખારાઘોડાના યુવાનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે ભાવેશભાઈ બાથાણી હાલમાં ગંભીર હાલતમાં અમદાવાદ હોસ્પિટલમા સારવાર હેઠળ છે.

રણમાં સર્જાયેલા આ ગોઝારા અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. જ્યારે આ અકસ્માતની ઘટનાની જાણ થતાં પોલીસે પણ તાકીદે ઘટનાસ્થળે દોડી જઈ લાશને પોસ્ટ મોર્ટમ અર્થે હોસ્પિટલ ખાતે મોકલી આપી અકસ્માતે મોત અંગેનો ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. રણમાંથી મીઠું ખેંચવાની સીઝન દરમિયાન લાયસન્સ વગર ટ્રકો દોડાવી લોકોની જિંદગી જોખમમા મૂકતા ડ્રાઈવરો વિરુદ્ધ આરટીઓ વિભાગ દ્વારા રણમાં ડ્રાઈવ ગોઠવી સઘન ચેકીંગ ઝુંબેશ ચલાવવામાં આવે એવી વ્યાપક માંગ ઉઠી છે.

## ન્યૂઝ કોર્નર

### વીજ આંચકો લાગતા ખેડૂત પ્રૌઢનું થયું મોત

જામનગર | લાલપુર તાલુકાના વિજયપુર ગામે પાણીની મોટર ચાલુ કરવા જતા વીજ શોક લાગતા ખેડૂતનું મોત થયું હતું. જે અંગે પોલીસે અકસ્માતે મૃત્યુની નોંધ કરી તપાસ હાથ ધરી છે. લાલપુરના વિજયપુર ગામમાં રહેતા અને ખેતીકામ કરતા પોલાભાઈ મુરુભાઈ ભાદરકા નામના 50 વર્ષના ખેડૂતને પોતાની વાડીમાં ટ્રાન્સફોર્મર ની બાજુમાં આવેલી પાણીને મોટર ચાલુ કરવા જતાં સ્ટાર્ટરમાંથી તેને એકાએક વિજ આંચકો લાગ્યો હતો અને દાઝી જતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કરાયું છે. આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

### અકસ્માત:બાઈક સ્લીપ થતા વૃદ્ધનું મૃત્યુ, પત્નીને ગંભીર ઈજા

જૂનાગઢ | બાઈક સ્લીપ થતા કોયલાણાનાં વૃદ્ધનું મૃત્યુ નીપજ્યું હતું અને મૃતકના પત્નીને ગંભીર ઈજા થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. માણાવદર તાલુકાના કોયલાણા ગામના 64 વર્ષીય ઉદયસિંહ ઉર્ફે ઉદેસિંગ જોરુભા ચાવડા અને તેમના પત્ની કૃષ્ણાબા 5 એપ્રિલના રોજ બાંટવાથી તેમના બાઈક પર બેસીને કોયલાણા જઈ રહ્યા હતા. ઉદયસિંહ ઉર્ફે ઉદેસિંગને વિશેષ સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવતા 11 એપ્રિલના રોજ સવારે તેમનું મૃત્યુ નિપજ્યું હતું.

### વિવાદ:તું કેમ અહિંથી નીકળે છે કહી 4 શખ્સે યુવકને માર માર્યો

જૂનાગઢ | અજંતા ટોકીઝ પાસે આવેલ ફિલ્ટર પ્લાન્ટ નજીક રહેતો સાફીન સબીરભાઈ ખોખર ઉ. વ. 22 ગુરુવારની રાત્રે મિત્ર દાનિશનો ફોન આવતા ચિતાખાના ચોક જવા બાઈક પર નીકળ્યો હતો. મસ્જિદ પાસે પહોંચતા મોઈન કાલવાણી અને ફેઝલએ રોકી 'તને અહીંથી નીકળવાની ના પાડે છે તો કેમ નીકળે છે' તેમ કહી બંને શખ્સે પાઈપ વડે હુમલો કરી અને બે અજાણ્યા શખ્સે માર મારતાં સાફીનને ઈજા થવાથી સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

### વડોદરામાં રૂપાલા વિરુદ્ધ પોસ્ટરો લાગ્યાં...

# ભાજપના કાર્યકર કે આગેવાને પ્રવેશવું નહીં, માંજલપુરમાં મધરાતે પોલીસ દોડી

(એજન્સી) વડોદરા | તા.13

લોકસભાની ચૂંટણી માથે છે અને હાલમાં ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે ક્ષત્રિય સમાજ પર રાજકોટના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ કરેલી ટિપ્પણીને લઈ હજુ વિવાદ શમ્યો નથી. વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર બાદ હવે શહેરના માંજલપુર વિસ્તારમાં મોડીરાત્રે 'ભાજપના કોઈપણ કાર્યકાર અને આગેવાનેએ પ્રવેશવું નહીં, જ્યાં સુધી પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ રદ ન થાય ત્યાં સુધી' એવાં બેનરો લાગતાં પોલીસ દોડતી થઈ હતી. આ બાબતે આગેવાને પોલીસને ભાજપની ગુલામ કહી હતી.

આગામી લોકસભાની ચૂંટણીમાં પુરુષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ વિરુદ્ધ કરવામાં આવેલા નિવેદનને ધ્યાનમાં રાખીને શહેરના માંજલપુરમાં ભાજપના કાર્યકરો, ઉમેદવારોને પ્રવેશબંધી કરતાં બેનરો રાતોરાત લગાવી દેતાં શહેરમાં પણ વિરોધ શરૂ થયો છે. હાલમાં શહેરમાં લોકસભાની ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષોએ પોતાના ઉમેદવારોના ચૂંટણીપ્રચાર શરૂ કરી દીધા છે, જેમાં ઘરે ઘરે ફેરણી, વિસ્તારોમાં રેલીઓ યોજવામાં આવી રહી છે, પરંતુ બીજી તરફ પુરુષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ વિરુદ્ધ કથિત નિવેદનને પગલે જ્યાં એક તરફ સમગ્ર રાજ્યમાં રૂપાલાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે, સાથે જ રૂપાલાની ઉમેદવારી રદ કરવા માગ ઊઠી છે. ત્યારે શહેરના માંજલપુરમાં પણ હવે રાજપૂત કરણીસેના તથા ક્ષત્રિય સમાજ દ્વારા રાત્રે બેનર લગાવી વિરોધ નોંધાવ્યો છે.

બેનરમાં લખ્યું છે કે ભાજપના કોઈપણ કાર્યકર કે આગેવાને પ્રવેશવું નહીં, જ્યાં સુધી ટિકિટ રદ ન થાય ત્યાં સુધી. આ અંગે ક્ષત્રિય આગેવાન રવિરાજસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે ક્ષત્રિય સમાજ હિન્દુઓ, હિન્દુસ્તાન માટે પોતાના સમાજની વાત આવે તો મરતા કે મારતા ખચકાશે નહીં. ભાજપની સરકાર સમાજને દબાવવા માગે છે.



### આ તો માત્ર ટ્રેલર છે, હજુ પિક્ચર બાકી છે

બેનરમાં લખ્યું છે કે ભાજપના કોઈપણ કાર્યકર કે આગેવાને પ્રવેશવું નહીં, જ્યાં સુધી ટિકિટ રદ ન થાય ત્યાં સુધી. આ અંગે ક્ષત્રિય આગેવાન રવિરાજસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે ક્ષત્રિય સમાજ હિન્દુઓ, હિન્દુસ્તાન માટે પોતાના સમાજની વાત આવે તો મરતા કે મારતા ખચકાશે નહીં. ભાજપની સરકાર સમાજને દબાવવા માગે છે.

આ તો માત્ર ટ્રેલર છે, હજુ પિક્ચર બાકી છે. આ તો ક્ષત્રિય સમાજ છે, પહેલેથી કુરબાની આપી છે. અમને મારવા કે મરવાથી કઈ ફરક નથી પડતો. તમારી તાકાત હોય તો માંજલપુરમાં પ્રચાર કરી જુઓ, એવી ચીમકી ઉચ્ચારી હતી.

### ભાજપે રૂપાલા માટે ક્ષત્રિયોને નજરઅંદાજ કર્યા

તેમણે વધુમાં કહ્યું, ભાજપે રૂપાલાની ટિકિટ રદ કરી નથી, પણ હવે ક્ષત્રિય સમાજને આંખ બતાવવાની કોશિશ કરી રહી છે, ક્ષત્રિય સમાજ ભાજપ વિરોધી નથી, પરંતુ રૂપાલા મુદ્દે જે રીતે ભાજપ રૂપાલાનો પક્ષ લઈ ક્ષત્રિય સમાજને નજરઅંદાજ કરી ક્ષત્રિયોને આંખ દેખાડશે તો ક્ષત્રિય સમાજ કદાપિ સાંખી નહીં લે.

આ તો ફક્ત ટ્રેલર જ છે, આગળ ફિલ્મ હજી બાકી છે એમ તેમણે જણાવ્યું હતું. ઘટનાને પગલે પોલીસ પહોંચી હતી. જો પોલીસે બેનર ઉતાર્યા તો પરિણામ ખરાબ આવવાની ચીમકી ઉચ્ચારી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

# પોરબંદરના માર્કેટીંગ યાર્ડમાં બરડાની કેસર કેરીની સારી આવક જોવા મળી

(એજન્સી) પોરબંદર | તા.14





હાલ ઉનાળાના સમયમાં કેરીની આવક શરૂ થતી હોય છે. ગીરની કેસર કેરીની જેમ પોરબંદરના બરડા પંથકની કેસર કેરી પણ પ્રખ્યાત છે. હાલ પોરબંદરના માર્કેટીંગ યાર્ડમાં બરડાની કેસર કેરીની આવક જોવા મળી રહી છે. ખેડૂતોને કેરીના ભાવ પણ સારા મળી રહ્યા છે. હજુ ગીરની કેસર કેરીની આવક શરૂ થઈ નથી.

ગીરની કેસર કેરી પ્રખ્યાત છે. તેમ પોરબંદરના બરડા પંથકની કેસર કેરી પ્રખ્યાત છે. સામાન્ય રીતે એપ્રિલ માસના અંતમા કેસર કેરીની આવક જોવા મળતી હોય છે, પરંતુ પોરબંદરના બરડા પંથકની કેસર કેરીની આવક વ્હેલી જોવા મળી રહી છે. બરડા પંથકના કાટવાણા, આદિત્યાણા, બિલેશ્વર, ખંભાળા અને હનુમાનગઢમાં કેરીના બગીચા આવેલા છે. હાલ બરડા પંથકની કેસર કેરીની આવક જોવા મળી રહી છે. પોરબંદરના યાર્ડમાં હાલ 400 કિલો બરડા પંથકની કેસર કેરીની આવક જોવા મળી રહી છે.

તેમનો 10 કિલોનો ભાવ રૂ. 900થી 1800 જેવો મળી રહ્યો છે. બરડા પંથકની કેસર કેરી રસદાર અને વજનદાર હોય છે. ગીરની કેસર કેરી કરતા બરડાની કેસર કરીની માગ વધારે જોવા મળે છે. કેસર ઉપરાંત મહારાષ્ટ્રની રત્નાગીરીની પણ 200 કિલો જેવી આવક જોવા મળી રહી છે. તેમનો કિલોનો ભાવ રૂ. 120થી 170 જેવો જોવા મળી રહ્યો છે. પોરબંદરના યાર્ડમાં કેસર કેરીની આવક શરૂ થતા કેરીના શોખીનો તેમની ખરીદી કરી રહ્યા છે.

# અધૂરી કામગીરી:બારડોલી પાલિકા 3 વર્ષેય પે એન્ડ પાર્કની કામગીરી પૂર્ણ કરાવી ન શકી

બારડોલી | બારડોલી નગરમાં ગૌરવપથ પર આવેલ જલારામ મંદિરની બાજુમાં પાલિકાએ 60 લાખના ખર્ચે પે એન્ડ પાર્કિંગ બનાવ વાની કામગીરી 2 વર્ષે અધૂરી છે, જે પૂર્ણ કરવામાં તો પાલિકાના જવાબ દારો સરેઆમ નિષ્ક્રિય રહ્યા જ છે. પણ આ અધૂરી કામગીરી જીવલેણ અકસ્માત સર્જી શકે તેવી હાલતમાં હોવા છતાં, હજુ સુધી નિંદ્રામાં છે. પાર્કિંગ માટેનો આરસીસી સ્લેબ પર કોઈ આળસ કરવામાં આવી નહી હોય, ખાડીની 20 ફૂટથી વધુ ઊંચાઈ હોય, અકસ્માતે નીચે પટકાય તો જીવનું જોખમ રહેલું છે. ત્યારે અકસ્માતમાં કોઈ જાનહાની થાય તો, જવાબદાર સ્વીકારશે ખરા ? આડશ અભાવે લોકોએ ખુલ્લા સ્લેબને કચરાપેટી પણ બનાવી અહી ખુલ્લામાં નગરજનો કચરો ફેંકો રહ્યા છે. જે પણ ખોટું છે. નગરના મુખ્યમાર્ગ પર ગંદકી કરવી જોઈએ નહી. બીજી તરફ પાલિકાના આરોગ્ય વિભાગ પણ સફાઈ નહી કરીને નિષ્ક્રિયતા રાખે છે.

### બે માસ પહેલા પુત્રે જીવન ટૂંકાવી લીધું હતું

# કુવાડવા ગામે પુત્રના વિયોગમાં પિતાનો ફાંસો ખાઇ આપઘાત

(એજન્સી) રાજકોટ | તા.13



રાજકોટના કુવાડવા ગામે રહેતા અને મજૂરીકામ કરતા વૃદ્ધ પોતાના ઘેર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા તેના પરિવારમાં શોક છવાયો હતો. બનાવને પગલે કુવાડવા પોલીસે તપાસ કરતા બે માસ પહેલા તેના પુત્રે તેના ગામમાં કૂવામાં ઝંપલાવી જીવન ટુંકાવી લીધું હોય તેના વિયોગમાં આ પગલું ભર્યાનુ બહાર આવતા પોલીસે વિશેષ કાર્યવાહી કરી હતી. પોલીસસૂત્રોના જણાવ્યા મુજબ વાઘજીભાઈ સવશીભાઈ બાહુકિયા (ઉ.વ.60) એ પોતાના ઘેર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા જમાદાર મહાવીરસિંહ સહિતના સ્ટાફે તપાસ કરતા મૃતક વૃદ્ધના એકના એક પુત્રે બે માસ પહેલા આપઘાત કરી લીધો હતો વૃદ્ધ ગુમસુમ રહેતા હોય અને આ પગલું ભરી લીધાનુ પરિવારે જણાવતા પોલીસે વધુ કાર્યવાહી કરી હતી.

### ઓવિયાણમાં દીપડા માટેના પાંજરામાં કૂતરો પુરાયો...

# કૂતરો પાંજરે પુરાયો:પાંજરામાં મુકેલી મરઘી ખાવાની લાલચે અંદર ઘુસ્યો હતો



(એજન્સી) કામરેજ | | તા.13

સુરત શહેરને અડીને આવેલા અંત્રોલી અને ઓવિયાણ ગામની સીમમાં છેલ્લા કેટલાક દિવસથી દીપડા દેખાતા લોકોમાં ભયનો માહોલ છે. ત્યારે વન વિભાગ દ્વારા ઓવિયાણ તેમજ અંત્રોલી બંને ગામમાં મારણ સાથે પીંજરા ગોઠવવામાં આવ્યા હતા. આ પીંજરામાં મારણ તરીકે મરઘી મૂકવામાં આવી હતી. જેથી શિકારની લાલચમાં દીપડો પીંજરામાં પુરાય શકે. પરંતુ રાત્રિના સમયે હાસ્યાસ્પદ ઘટના બની હતી. દીપડાની જગ્યાએ પીંજરામાં એક કૂતરો પુરાય ગયો હતો. પીંજરામાં મારણ તરીકે મુકેલ મરઘીનો શિકાર કરવા જતાં કૂતરો કેદ થઈ ગયો હતો. સવારે જ્યારે લોકોએ પીંજરાનો દરવાજો બંધ જોયો તો દીપડો પુરાયો ગયો હોવાનું જાણી તપાસ કરવા ગયા તો અંદર કૂતરું નજરે પડ્યું હતું. દરમ્યાન ગ્રામજનોએ કુતરાને બહાર કાઢી ફરીથી મારણ મૂકી દીપડાને પકડવાની તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

# રૂ.5.25 લાખના 2 કેમેરા ભાડે લઈ જીપીએસ ફેંકી યુવક ફરાર

(એજન્સી) વડોદરા | તા.13

સયાજીગંજ ખાતેથી ઈવેન્ટમાં શુટિંગ કરવા રૂ.5.25 લાખના બે કેમેરા ભાડે લઈ સિક્યુરિટી પેટે કોરો ચેક તથા આધારકાર્ડ આપ્યું હતું. પરંતુ કેમેરા પરત ન આપી ઠગાઈ કરી હતી. તેમણે કેમેરામાં લાગેલું જીપીએસ પણ કાઢીને વાઘોડીયા રોડના નાળામાં ફેંકી દીધું હતું. દુકાનદારે તપાસ કરતા તે પુરાવા બનાવટી હોવાનું જણાતાં સયાજીગંજ પોલીસે બન્ને સામે ગુનો નોંધ્યો હતો. તાંદલજાના આમીર વોરાએ ફરિયાદ નોંધાવી કે, દર્શનમ એવન્યુમાં ડિએસએલઆરએસ વાલા દુકાનમાંથી ઈલેક્ટ્રીક સાધનો ભાડે આપું છું. 6 એપ્રીલે રાત્રે 9 વાગે બે યુવક આવ્યા હતા. તેમણે ખાનગી યુનિવર્સિટીમાં ઈવેન્ટ માટે બે કેમેરા માગ્યા હતા. બંનેને કેનોનનો કેમેરો તથા લેન્સ રૂ.2,25 લાખ તથા સોની કંપનીનો એ-7 માર્ક-4, સોનીનો 24-105 એમએમનો લેન્સ આપ્યા હતા. તેજસ હિતેશ પ્રજાપતિએ આધારકાર્ડ આપ્યું હતું. જેમાં રાહુલ કાનાભાઈ સાભાડીયા (રહે, ગ્રીન ફિલ્ડ એપાર્ટમેન્ટ, ભાસણા ભાયલી રોડ) હતું. 7 એપ્રીલે ત્રીજો કેમેરો માગ્યો હતો. બાદમાં ફોન બંધ હતો. આધારકાર્ડ અને ચેક બનાવટી હોવાનું જણાયું હતું. રાહુલનું સાચું નામ તેજસ તથા અન્ય યુવકનું નામ આશિષ મકવાણા (રહે, ભાવનગર) હોવાનું જણાયું હતું.

**બ્રેકિંગ ન્યૂઝ**

### ભુકંપનો આંચકો:કોટડા સાંગાણી પંથકમાં ધરતીકંપ અનુભવાયો

કોટડા સાંગાણી | કોટડાસાંગાણીના વેરાવળમાં ભુકંપનો આંચકો અનુભવાયો હતો જેના પગલે લોકોમાં ભય ફેલાયો હતો અને ધરતી ધ્રુજવા લાગતાં લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. જો કે કંપનની તીવ્રતા ખૂબ સામાન્ય હોઈ કોઈ નુકસાનીના વાવડ સામે આવ્યા નથી. કોટડાસાંગાણીના વેરાવળ, શાપર અને પરવલડામાં બપોરના સમયે 12.50 કલાકે ભુકંપનો આંચકો અનુભવાયો છે. આ ત્રણે ગામ ઈન્ડસ્ટ્રિઅલ એરિયામાં આવે છે. જો કે ભૂકંપના પગલે કોઈ જાનહાનિ કે કોઈ ઈમારતો ને કોઈ નુકસાની થઇ નથી.

### અકસ્માત:બારડોલીમાં શાકભાજી ભરેલો ટેમ્પો વીજ પોલ સાથે અથડાયો

બારડોલી | મહારાષ્ટ્રથી શાકભાજી ભરીને એક ટેમ્પો નંબર MH 19 CX 3349 સુરત એ.પી.એમ.સી. માર્કેટ જઈ રહ્યો હતો . ત્યારે બારડોલી સુરતી જકાત નાકા પાસેથી પસાર થતી વખતે શુક્રવારે વહેલી સવારે ત્રણ વાગ્યાના સુમારે ટેમ્પા ચાલકે સ્ટિયરિંગ ઉપરથી કાબુ ગુમાવતા ટેમ્પો વીજળીના થાંભલા સાથે ધડાકાભેર અથડાતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત સર્જાતા થયેલ અવાજને કારણે બસ સ્ટોપની આસપાસ ઉભેલા લોકો દોડી આવ્યા હતા. અને ટેમ્પામાં ફસાયેલા ડ્રાયવરને બહાર કાઢ્યો હતો. સદનસીબે આ ગમખ્વાર અકસ્માતમાં કોઈ જાનહાની થઈ નથી.

### જામનગરના જોડિયામાં પૈસાની લેતી દેતી મામલે બબાલ

# જોડીયામાં ઈલેક્ટ્રીકના કોન્ટ્રાક્ટરે પૈસાની લેતી દેતીના મામલે મકાન માલિક પર હુમલો

(એજન્સી) જામનગર | તા.13



જામનગર જિલ્લાના જોડીયામાં એક મકાન માલિકે પોતાના મકાનમાં ઈલેક્ટ્રીકનું કામ રખાવ્યું હતું, જે કોન્ટ્રાક્ટર યુવાને પૈસાની લેતી લેતી મામલે મકાન માલિક સાથે તકરાર કરી હુમલો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે.

આ ફરિયાદ અંગે મળતી માહિતી મુજબ જામનગરમાં પંચવટી સોસાયટીમાં રહેતા ઈમરાનભાઈ સીદીભાઈ સમેજા નામના વેપારી કે જેઓનું જોડિયામાં મકાન આવેલું છે, જે મકાનમાં ઈલેક્ટ્રીકનું કામ કરવાનું હોવાથી તે કામનો કોન્ટ્રાક્ટ જોડિયામાં રહેતા અબુબકર મોહમ્મદ હનીફભાઈ ગંઢારને આપ્યો હતો, અને તે કામ મુજબના પૈસા ઉપરાંત વધારાના પૈસા પણ આપ્યા હતા. તેમ છતાં કોન્ટ્રાક્ટર દ્વારા વધુ પૈસાની માંગણી કરવામાં આવતાં વધુ પૈસા આપવાની ના પાડી હતી. જેથી કોન્ટ્રાક્ટર અબુબકર ઉસકેરાઈ ગયો હતો, અને મકાન માલિક ઈમરાનભાઈ સમેજા ઉપર હુમલો કરી દીધો હતો. જેથી સમગ્ર બનાવને જોડિયા પોલીસમથકમાં લઈ જવાયો છે, અને જોડિયા પોલીસે ઈમરાન ભાઈ સમેજાની ફરિયાદના આધારે હુમલાખોર આરોપી અબુભાઈ અબુબકર ગંઢાર સામે જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધી તેની શોધ ખોળ હાથ ધરી છે.

### ડિલિવરી બોય પાસે 14 કિલોની બોટલ લઈ 3, 5, 7 કિલોમાં ભરી બમણા ભાવે વેચતા

# સુરતનાં લસકાણામાં ગેસ રિફિલિંગ કૌભાંડ ઝડપાયું

(એજન્સી) સુરત | તા.13

લસકાણામાં ગેસ રિફિલિંગ કૌભાંડ પકડાયું છે. ડિલિવરી બોય પાસે 14 કિલોની બોટલ લઈ 3, 5, 7 કિલોમાં ભરી બમણા ભાવે વેચતા બેને સરથાણા પોલીસે પકડી પાડ્યા છે. રામાપીરના મંદિરની પાસે એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફ્લોરની દુકાનમાંથી આ રેકેટ પકડાયું છે. દુકાનમાં ફાયરના સાધનો પણ ન હતા. ભાડાની દુકાનમાં દુકાનદાર બેનંબરમાં આ વેપલો એક વર્ષથી કરતો હતો. સરથાણા પોલીસે દુકાનદાર પારસલાલ માંગીલાલ ગુર્જર (40) (રહે,રામદેવનગર, લસકાણા, મૂળ.રાજસ્થાન)ની ધરપકડ કરી છે.

દુકાનમાંથી નાની-મોટી ગેસની 48 બોટલો, ગેસ રિફિલિંગનું મશીન અને નળી, ઈલેક્ટ્રિક વજન કાંટો સહિત 1 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી મોટી ગેસની બોટલમાંથી નાની બોટલમાં ગેસ રિફિલિંગ કરી આપતો હતો. પારસલાલ હજીરાથી પણ ગેસની બોટલો લાવતો હતો. આરોપીના મોબાઈલની છેલ્લા 3 મહિનાની કોલ ડિટેઈલ્સની તપાસ થાય તો તેના બેનંબરી ધંધાની વિગતો મળી શકે તેમ છે. કાપોદ્રામાં પણ ગેસ સર્વિસના નામે કૌભાંડ પકડાયું, બે કૌટુંબિક ભાઈઓ 10 બોટલો સાથે પકડાયા કાપોદ્રામાં ગેસ સર્વિસની નામે દુકાનમાં ગેસ રિફિલિંગ કરતા બે કૌટુંબિક ભાઈઓ 10 બોટલો સાથે પકડાયા છે. દિન દયાળનગર વસાહતના ગેટ પાસે ચામુંડા ગેસ સર્વિસની દુકાનમાં ગેસ રિફિલિંગ કરાતું હતું. કાપોદ્રા પોલીસે ગત 9મીએ સાંજે દરોડા કરતા 10 ગેસની બોટલો મળી આવી હતી. દુકાનદાર પ્રકાશ ભવરલાલ ખટીક(42) (રહે,શ્રીનાથજી સોસા,પુણાગામ) અને તેનો કૌટુંબિક ભાઈ ભેરૂલાલ રતનલાલ ખટીક(35) (રહે, લક્ષ્મીનગર સોસા,પુણાગામ)ની સામે કાપોદ્રા પોલીસે બે ગુના દાખલ કર્યો છે. ગેસની બોટલોના ટેમ્પાના ચાલક રસ્તામાં દુકાનદારની પાસેથી 400-500 રૂપિયાનું કમિશન લઈ ગેસની 14 કિલોની 1200 રૂપિયામાં, કોર્મશિયલ બોટલ 19, 38 અને 47 કિલોની ગેસની બોટલ પર ચાલકો 500-700 બોટલ દીઠ દુકાનદાર પાસેથી વધારાના લેતા હોય છે.

### ગેસ રીફીલીંગમાં ડબલ કમાણી કરે છે

ગેસ રીફીલીંગ કરી દુકાનદારો ડબલ કમાણી કરે છે. મજૂરી કરતા લોકો પાસે નાની ગેસની બોટલ સાથેનો ચૂલો હોય જેમાં 3, 5 અને 7 કિલોની ગેસની બોટલમાં રીફીલીંગ આવા દુકાનદારો પાસે કરાવતા હોય છે. ગેસ રીફીલીંગનો વેપલો કરતા ત્રણેય આરોપીઓ પાસેથી એચપી-20, ઈન્ડિયન-13, જીવન જ્યોત-1, કિશાન-1, રિલાયન્સ-2 અને ભારત કંપનીના 21 બોટલો ભરેલી અને અમુક અડધી ખાલી મળી હતી.

# સર ટી. હોસ્પિટલનો ઐતિહાસિક ગેટ તોડી પડાતા વિવાદ

(એજન્સી) ભાવનગર | તા. 13

લાલ દવાખાના તરીકે ઓળખાતી ભાવનગરની ૧૪૫ વર્ષ જુની સર ટી. હોસ્પિટલનો બીજા નંબરનો ગેટ તોડી પાડવામાં આવતા વિવાદ થયો હતો. અહીં છેલ્લા ઘણાં દિવસથી રિપેરિંગ કામ ચાલી રહ્યું છે. હોસ્પિટલના ટ્રોમા સેન્ટર સુધી એમ્બ્યુલન્સને પ્રવેશવા માટેનો આ દરવાજો પહોળો કરવા માટે દિવાલ તોડવામાં આવી છે અને તેના પિલ્લરને ફરી લગાવી દેવામાં આવશે તથા અગાઉ ત્રીજા નંબરનો ગેટ પણ આ પ્રકારે પહોળો કરવામાં આવી ચુક્યો હોવાનું હોસ્પિટલના બાંધકામ વિભાગ તરફથી જાણવા મળ્યું છે. ભાવનગરની વર્ષો જુની સર ટી. હોસ્પિટલ સારવારની સાથે સાથે તેના પૌરાણિક બાંધકામના લીધે પોતાની અલગ ઓળખ ધરાવે છે. ૧૪૫ વર્ષ જુની સર ટી.હોસ્પિટલનો બીજા નંબરનો ગેટ ગત મોડી રાતના તોડી પાડવામાં આવતા વિવાદ થયો હતો. નાગરિકોમાં રોષ જોવા મળ્યો હતો. હોસ્પિટલનો આ ગેટ કોઈ ઐતિહાસિક કિલ્લાનો ગેટ હોય તેવી ડિઝાઈન ધરાવે છે. છેલ્લા ઘણાં દિવસોથી અહીં રિનોવેશનની કામગીરી ચાલી રહી છે અને છેલ્લા ત્રણ દિવસથી આ ગેટ તોડવામાં આવી રહ્યો હતો. આજે તેના પિલ્લપ તોડવામાં આવ્યા હતા અને તે પછી વિવાદ વકર્યો હતો. આ મામલે નાયબ કાર્યપાલક ઈજનેર પીઆઈયુ અર્પિણભાઈ કાત્રોડિયાએ જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગના બાંધકામ વિભાગની મંજુરીથી આ ૧૦ ફુટના ગેટને ૨૨ ફુટ સુધી પહોળો કરવા માટે તેની દિવાલ તોડવામાં આવી છે. તેના પિલ્લર ફરી લગાવી દેવામાં આવશે.

## ન્યુઝ ફ્લેશ

### કારની ટક્કરે ઈજાગ્રસ્ત રાહદારીનું સારવાર દરમિયાન મોત થયું

આણંદ | આણંદ જિલ્લાના સોજિત્રાના બાલીન્ટા ચોકડી ખાતે એક સપ્તાહ પૂર્વે અજાણ્યા ફોરવ્હીલ ગાડીના ચાલકે એક રાહદારીને અડફેટે લેતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. તે રાહદારીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. સોજિત્રા તાલુકાના બાલીન્ટા ગામે રહેતા દિનેશભાઈ ભવાનભાઈ વણકરના સગા ભાઈ કનુભાઈ ગત તા.૬ એપ્રીલના રોજ સવારે બાલીન્ટા ચોકડીથી ચાલતા પસાર થઈ રહ્યા હતા. દરમિયાન કોઈ અજાણ્યા ફોરવ્હીલ ગાડીના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે હંકારી લાવી તેમને અડફેટે લેતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. કનુભાઈનું ગુરૂવારે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે સોજિત્રા પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ઈલેક્શન સિઝર મેનેજમેન્ટે કુલ 10.46 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

નડિયાદ | ચૂંટણી પંચ દ્વારા ૧૭-ખેડા સંસદીય મતવિભાગ ખર્ચ નિરીક્ષક તરીકે કાલરુની નિમણૂક કરવામાં આવી છે. દસક્રોઈ, ધોળકા, માતર, નડિયાદ, મહેમદાવાદ, મહુધા અને કપડવંજ વિધાનસભા મતવિભાગના ચૂંટણી ખર્ચ નિરીક્ષક તરીકે નિમાયેલા ભાસ્કર કાલરુએ જિલ્લા ચૂંટણી ખર્ચ નોડલ અને જિલ્લા વિકાસ અધિકારી (ઈ.ચા.) એલ. એ. પટેલની ઉપસ્થિતિમાં ખર્ચ નિરીક્ષણ ટીમ સાથે બેઠક કરી હતી.

ચૂંટણી ખર્ચ નિરીક્ષણ ટીમ દ્વારા તા. ૧૬ માર્ચ ૨૦૨૪ના રોજ ચૂંટણી જાહેર થયા બાદ ૧૭ વીએસટી, ૧૦ વીવીટી, ૫૮ એસએસટી, ૨૨ એફએસટી તથા ૧૧ એટી ટીમો દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી છે.

### ઉમેદવારી નોંધાવાના પ્રથમ દિવસે 35 ફોર્મ ઉપડયા:એક ફોર્મ ભરાયું

ગાંધીનગર | હાઈપ્રોફાઈલ ગણાતી ગાંધીનગર લોકસભા બેઠક માટે જિલ્લા કલેક્ટર દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવાની સાથે જ ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થઇ ગયો છે ત્યારે આજે પ્રથમ દિવસે જ ધાર્યા કરતા વધુ ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. કોંગ્રેસના ઉમેદવાર માટે ફોર્મ લેવામાં આવ્યા ઉપરાંત અન્ય માન્ય તથા નાના ૧૦ જેટલા પક્ષોના ઉમેદવારો માટે ફોર્મ ઉપડયા છે. તો બીજીબાજુ ૧૪ અપક્ષોએ પણ આજે પ્રથમ દિવસે ફોર્મ ઉપાડયા છે. આગામી તા.૧૯મી સુધી ફોર્મ ભરી શકાશે. લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં ગુજરાતની ૨૬ બેઠકો પૈકી ગાંધીનગરની હાઈપ્રોફાઈલ બેઠકની પણ ચૂંટણી યોજાવાની છે ત્યારે ચૂંટણી અધિકારી મેહુલ કે.દવે દ્વારા જાહેરનામું આજે બહાર પાડવામાં આવ્યું હતું. જાહેરનામું બહાર પાડયાની સાથે જ ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા પણ શરૂ થઇ ગઇ છે. ત્યારે આજે પ્રથમ દિવસે જ ગાંધીનગર બેઠક માટે ૩૫ જેટલા ફોર્મ ઉપડયા છે.

## હવે, પાણીનો બગાડ કર્યો છે તો ખેર નથી- પાલિકા

# ભુજ શહેરમાં પાણીનો દુરપયોગ કરનારના કનેક્શન કાપી નખાશે

(એજન્સી) ભુજ | તા. 13

ભુજ શહેરની સોસાયટી કોલોની વિસ્તારમાં પાણીનો વેડફાટ કર્યો તો ખેર નાથી. જો આવું પાલિકાની નજરે પડશે તો પાણીના કનેકશન જ કાપી નખાશે. આજે ભુજ નગરપાલિકાએ ખાસ પરિપત્ર બહાર પાડીને વોર્ડમેન-વાલ્વમેનોને સુચના આપી છે કે જો પાણી વેડફાટ કોઈ કરે તો ફોટોગ્રાફી સાથે પાલિકાને જાણ કરે.ભુજમાં સર્જાયેલા જળ સંકટ બાદ પાણી વિતરણ બાદ હવે પાણી વેડફાટની ફરિયાદો સામે આવી રહી છે. ત્યારે, આજરોજ ભુજ નગરપાલિકાના ચીફ ઓફિસરે પરિપત્ર બહાર પાડીને પાણીનો વેડફાટ કરનારના કનેકશન જ કાપી દેવાની ચિમકી આપી છે. પરિપત્રમાં વાલ્વ મેન અને વોર્ડમેનોને સુચના આપવામાં આવી છે કે, ભુજ શહેરના જુદા જુદા વિસ્તારોમાં ઘરોના ખાનગી ટાંકાના વાલ્વ લિંક હોવાથી પાણીનો દુરૂપયોગ થાય છે. રોડ પર પાણીનો વેડફાટ જોવા મળે છે. શેરીઓમાં પાણી વહી રહ્યા છે. ત્યારે, દરેક વોર્ડ મેન અને વાલ્વ મેનોને જો શેરી કે ઘરની બહાર પાણીનો વેડફાટ દેખાય તો ફોટોગ્રાફી સાથે રિપોર્ટ કરે. ત્યારબાદ પાણીનો વેડફાટ કરનારના પાણીના કનેકશન જ કાપી દેવાશે.



પાણીનો વેડફાટ જોવા મળે તો ફોટોગ્રાફી સાથે રિપોર્ટ કરવા વોર્ડમેન-વાલ્વમેનોને સુચના આપતો પરિપત્ર



### લિફરી પ્રાથમિક શાળામાં ધોરણ 8ના બાળકોનો વિદાય કાર્યક્રમ યોજાયો

મહેશ એલ.સોની નખત્રાણા

નખત્રાણા તાલુકાના અંતરિયાળ નાના એવા લિફરી ગામની પ્રાથમિક શાળાના ધોરણ ૮ ના બાળકોનો વિદાય કાર્યક્રમ યોજાયો. વિદાય લેતા બાળકોએ શાળા પ્રત્યેના પોતાના પ્રતિભાવો આપ્યા હતા.બાલિકાઓ સ્કૂલ થી વિદાય લેતી વખતે આંખોના આંસુ રોકી શકી નહોતી.લાગણીશભર દ્રશ્યો સર્જાયા હતા. બાળકોએ પ્રતિક ભેટ શાળાને અર્પણ કરી હતી. અને શાળાનું સદાય ઋણ રહેશે એવું જણાવ્યું હતું.

શાળાના આચાર્ય મનસુખ ભાઈ પરમાર,શિક્ષકો લાલજીભાઈ પરમાર, હેમલતાબેન પરમારે બાળકોને જીવનમાં પ્રગતિના શિખરો સર કરો એવી શુભ કામનાઓ પાઠવી હતી સાથે દેશપ્રેમ કેળવવાની શિખામણ આપી હતી.

## આચારસંહિતાના પગલે રાજકીય બેનર-પોસ્ટર હટાવવામાં આવ્યા હતા

# ભાવનગરમાં રાજકીય પોસ્ટર દેખાતા બંને વિધાનસભાના નોડલને નોટિસ




(એજન્સી) ભાવનગર | તા. 13

લોકસભાની સામાન્ય ચૂંટણીના પગલે આચારસંહિતાનુ કડક પાલન થાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા પગલા લેવામાં આવી રહ્યા છે. ચૂંટણી જાહેર થતા રાજકીય પોસ્ટર-બેનર હટાવવા સુચના આપી હતી, જેના પગલે કામગીરી કરાઈ હતી પરંતુ તેમ છતા શહેરમાં કેટલાક સ્થળેથી રાજકીય પોસ્ટર દેખાતા શહેરની બંને વિધાનસભાના આચારસંહિતાના નોડલને નોટિસ ફટકારવામાં આવી છે.

ભાવનગર લોકસભા બેઠક પર ચૂંટણી આચારસંહિતાનુ કડક પાલન કરવા જિલ્લા ચૂંટણી અધિકારીએ સુચના આપી છે, જેના પગલે આચારસંહિતાના મુખ્ય નોડલ અધિકારીએ સાતેય વિધાનસભામાંથી રાજકીય પોસ્ટર-બેનર હટાવવા સુચના આપી હતી. ચૂંટણી જાહેર થતા પાંચ-છ દિવસમાં મોટાભાગના રાજકીય પોસ્ટર-બેનર હટાવી લેવામાં આવ્યા હતા પરંતુ તેમ છતા શહેરમાં હજુ કેટલાક સ્થળે રાજકીય પોસ્ટર હોવાની ફરિયાદ મળતી હોય છે, જેના પગલે આચારસંહિતાના મુખ્ય નોડલ અધિકારીએ જયશ્રીબેન જરૂએ તેઓની કચેરીના કર્મચારીઓ પાસે તપાસ કરાવી હતી અને કેટલીક જગ્યાએ રાજકીય પોસ્ટર દેખાયા હતા તેથી ફોટા પાડીને પોસ્ટર ઉતારવાની કામગીરી કરી હતી.

શહેરમાં હજુ રાજકીય પોસ્ટર દેખાતા આચારસંહિતાના મુખ્ય નોડલ અધિકારીએ ભાવનગર શહેરની પૂર્વ અને પશ્ચિમ વિધાનસભાના આચારસંહિતાના નોડલને નોટિસ ફટકારી ખુલાસો પુછ્યો છે. બંને નોડલનો ખુલાસો આવ્યા બાદ આગળની કાર્યવાહી કરાશે. ઉલ્લેખનીય છે કે, શહેર અને જિલ્લામાં મંજુરી વગરના રાજકીય બેનર-પોસ્ટર તંત્રએ હટાવવાના હોય છે પરંતુ કામમાં બેદરકારી રાખવામાં આવતા કાર્યવાહી થતી હોય છે.



### ડાકોરમાં બે મહિનાથી પગાર ન થતા સફાઈ કામદારો કામથી અળગા રહ્યાં

(એજન્સી) ડાકોર | તા. 13

ડાકોર નગરપાલિકા વિસ્તારમાં સફાઈ કામદારો ફરી હડતાળના મૂડમાં જોવા મળી રહ્યા છે. સફાઈ કામદારોનો બે મહિનાથી પાલિકાતંત્ર દ્વારા પગાર નહીં થવાના કારણે બે દિવસથી ૩૦ જેટલા સફાઈ કામદારો નોકરી પર આવતા નથી. જેના પરિણામે ડાકોરના મુખ્ય માર્ગો પર કચરાના ઢગ ફરી જોવા મળી રહ્યા છે. યાત્રાધામ ડાકોર માં ૫૦ જેટલા સફાઈકમદારો કામ કરે છે જેમને ડાકોર નગરપાલિકામાંથી દર મહિને પગાર ચુકવવામાં આવે છે. જે છેલ્લા બે મહિનાથી કરવામાં નહીં આવતા સફાઈ કામદારો સફાઈ કરવા આવતા નથી. અગાઉ પણ આજ સફાઈકમદારોને બે મહિનાનો પગાર યાત્રાધામ વિકાસ બોર્ડની એજન્સીએ નહીં ચૂકવીને હાથ ઉંચા કરી દીધા હતા. ત્યાર પછી યાત્રાધામ વીકાસ બોર્ડે તત્કાલીન ચીફ ઓફિસરને જવાબદારી સોંપાતા ડાકોર નગરપાલિકામાંથી સફાઈ કરાવવાનું કામ સોંપાયું હતું. જે સફાઈકામદારો યાત્રાધામની એજન્સીમાં કામ કરતા હતા તેમની નોકરી ચાલુ રાખીને સફાઈ કરવાનું નક્કી કર્યું હતું.



### છેલ્લા 10 વર્ષથી ચાલી રહેલો નિઃશુલ્ક અસ્થિ વિસર્જનનો સેવાયજ્ઞ

(એજન્સી) આણંદ | તા. 13

આણંદના લાંભવેલ રોડ ઉપર આવેલ સાંઇબાબા જનસેવા ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૧૪થી શરૂ કરાયેલ અસ્થિ વિસર્જનના સેવાયજ્ઞા અંતર્ગત સદ્ગતના આત્માઓના અસ્થિ વિસર્જન હરીદ્વાર ખાતે વિદ્વાન શાસ્ત્રી દ્વારા ગંગા કિનારે વૈદિક પૂજા વિધિથી કર્યા બાદ સર્વે મૃતાત્માના નામ સહિત અસ્થિ વિસર્જન દર માસની અમાસે નિઃશુલ્ક કરવામાં આવે છે. અસ્થિ વિસર્જન એ હિન્દુ ધર્મમાં ફરજિયાત ધાર્મિક વિધિઓમાંનું એક સૌથી મહત્વપૂર્ણ છે. બધા પવિત્ર ગ્રંથો સુચવે છે કે વ્યક્તિની આત્મા તેના મૃત્યુ પછી ભૌતિક અને માનવ શરીર સાથેના કોઈપણ જોડાણને સમાપ્ત કરે છે. જ્યારે આત્મા તેના સંબંધોને કાપી નાખે છે, ત્યારે તે ઉત્ક્રાંતિમાં તેની યાત્રા શરૂ કરે છે. આત્માનું ગંતવ્ય મોટાભાગે અગાઉના તમામ પુનર્જન્મ અને પુનર્જન્મમાંથી મેળવેલા તેના સામુહિક કર્મ પર આધારિત છે. જ્યારે ઉત્ક્રાંતિની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યારે આત્મા આખરે ભગવાન સાથે ભળી જાય છે અને એક થઈ જાય છે.



### આણંદના સરદાર પટેલ માર્ગ ઉપર રોડની બંને સાઈડે ગેરકાયદે દબાણો

(એજન્સી) આણંદ | તા. 13

આણંદના સરદાર પટેલ રાજમાર્ગ ઉપર આવેલ પ્રાપ્તિ સર્કલથી બાકરોલ ટી-પોઈન્ટ તરફ જવાના માર્ગની બંને સાઈડે છેલ્લા ઘણાં સમયથી ગેરકાયદેસર દબાણો ખડકાયા છે અને આવા દબાણકર્તાઓ વસવાટ માટે જાહેરમાર્ગનો પણ ઉપયોગ કરી રહ્યાં છે. ત્યારે તંત્ર દ્વારા સત્વરે આ મામલે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. મળતી માહિતી મુજબ સરદાર પટેલ રાજમાર્ગ ઉપર આવેલ પ્રાપ્તિ સર્કલથી બાકરોલ ટી-પોઈન્ટ તરફ આવેલ માર્ગને અડીને છેલ્લા ઘણા સમયથી મજૂર વર્ગના લોકો ઝૂંપડા બાંધી વસવાટ કરે છે. દિવસે ને દિવસે આ પરપ્રાંતીયો દ્વારા ગેરકાયદેસર દબાણ કરી જાહેર માર્ગનો પણ ખાનગી માલિકી તરીકે ઉપયોગ કરે છે. મજૂર વર્ગના અનેક પરિવારો બળતણ માટેના લાકડાં સહિતનો સરસામાન જાહેર માર્ગને અડીને ખડકી દે છે. સાથે સાથે આવા પરિવારોના પાલતુ પશુઓ પણ જાહેર માર્ગ પર રઝડતા મુકી દે છે જેને લઈ અવારનવાર નાના મોટા અકસ્માતો સર્જાતા હોય છે.



### સિહોરથી ઘાંઘળી સુધીનો 6 કિ.મી. બિસ્માર રોડ ગોઝારો અકસ્માત નોતરશે

(એજન્સી) સિહોર | તા. 13

સિહોરથી ઘાંઘળી તરફ જતો છ કિ.મી.ના રોડ પર ઠેર-ઠેર ગાબડા પડી જતા ઉબડ ખાબડ રસ્તા પર વાહન ચલાવવું દુષ્કર બનેલ છે. આ બિસ્માર રોડના કારણે નાના-મોટા જીવલેણ અકસ્માતો પણ થતા હોય જવાબદાર તંત્રના પેટનું પાણી હલતું નથી ત્યારે રાહદારી ફિટકારની લાગણી જન્મી છે. સિહોરથી ઘાંઘળી જતો ૬ કિલોમીટરનો રોડ સાવ તૂટી ગયેલ હોય, ઠેર-ઠેર મસમોટા ખાડાઓ પડી ગયેલ છે. દરેક વાહન હાલક ડોલક હાલતમાં ચાલતા હોય છે. થોડા દિવસ પહેલા એક યુવકે જીવ ગુમાવ્યો હતો. સિહોર શહેરની બે જીઆઈડીસી ત્યાં આવેલી છે. આ રોડ અમદાવાદ જવા તેમજ ઘાંઘળી, વલ્લભીપુર, નાના ગામડામાં જવા માટે લોકો ઉપયોગ કરે છે અને આ રોડ ૨૪ કલાક ધમધમતો રહેતો હોય છે. છથી સાત કિ.મી. લાંબા આ રસ્તા પર ડામરનું નામ નિશાન નથી. મોટા ખાડાઓ પરથી વાહનો ચાલે તો ધૂળના ગોટે ગોટા ઉડતા નજરે ચડે છે.

## ભુજ-ભચાઉ વચ્ચે પધ્ધર નજીક કુતરાને બચાવવા જતાં દૂર્ઘટના

# સોની પરિવારની જીપ પુલની દિવાલ સાથે અથડાઈ: ચારના મૃત્યુ, 7ને ઈજા

(એજન્સી) ભુજ | તા. 13

ભુજ-ભચાઉ હાઈવે પર શુક્રવારે વહેલી સવારે પધૃધર ગામ નજીક સર્જાયેલા માર્ગ અકસ્માતના બનાવમાં કુતરાને બચાવવા જતાં તૂફાન જીપ પુલીયા સાથે ધડાકાભેર આૃથડાતાં જીપમાં સવાર માધાપર સોની પરિવારના દંપતિ સહિત ચાર લોકોના કમકમાટી ભર્યા મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય સાત જણાઓને વતી ઓછી ઈજાઓ થતાં સારવાર અૃર્થે જી.કે.જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ચાર-ચારના મોતાથી પરિવારના સભ્યોમાં હૈયાફાટ આક્રંદ છવાઈ ગયો હતો.

દ્વારકા અને સોમનાથ દર્શન કરવા પોતાની તૂફાન જીપથી ગયો હતો. જ્યાંથી દ્વારકા, સોમનાથ દર્શન કર્યા પછી દિવ ફરીને શુક્રવારે પરત આવતી વખતે સવારના છ વાગ્યાના અરસામાં પધૃધર ગામ નજીક બીકેટી અને સુઝલોન કંપની વચ્ચેના માર્ગ પર કૂતરું આડું ઉતરતા તેને બચાવવા જતા તુફાન જીપના ચાલકે સ્ટીયરીંગનો કાબુ ગુમાવી દેતાં તૂફાન જીપ પુલીયા સાથે ધડાકાભેર આૃથડાઈ હતી. આ અકસ્માતના કારણે જીપમાં સવાર પરિવારના ૧૧ લોકોને ઈજા પહોંચી હતી. જેમાં દિનેશભાઈ સુરેન્દ્રભાઈ સોની (ઉ.વ.૪૯), મનોજભાઈ સુરેન્દ્રભાઈ સોની (ઉ.વ.૫૫) અને કૌટુંબીક ભાઈ દિલીપભાઈ હીરજીભાઈ સોની (ઉ.વ.૬૨)નું ઘટના સૃથળ પર જ મોત નીપજ્યું હતું. અન્ય ઘાયલોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં મનોજભાઈના પત્ની ગીતાબેન મનોજભાઈ સોની (ઉ.વ.૪૦)નું સારવાર મળે તે પહેલા મોત નિપજ્યું હતું.

## મહત્તમ અને લઘુતમ તાપમાનમાં ઘટાડો થતાં ગરમીમાં રાહત

# ભાવનગરમાં ગાજવીજ સાથે હળવા વરસાદની સંભાવના

(એજન્સી) ભાવનગર | તા. 13

ઉનાળાની આકરી ગરમી વચ્ચે ભાવનગરવાસીઓને ગરમીમાં થોડી રાહત મળી છે. આજે દિવસ અને રાતનું તાપમાન ઘટતા ગરમીનું પ્રમાણ પણ ઘટયું છે. આજે દિવસનું તાપમાનમાં ૦.૬ ડિગ્રી અને રાતનું તાપમાનમાં ૪.૧ ડિગ્રી ઘટયું છે. સાયક્લોનિક સર્ક્યૂલેશન સક્રિય થવાના કારણે સૌરાષ્ટ્ર કચ્છના ઘણાં જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. જેમાં ભાવનગરમાં પણ ગાજવીજ સાથે હળવા વરસાદની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.એપ્રીલ મહિનાના પ્રારંભથી આકરી ગરમીનો સામનો કરી રહેલા ભાવનગરવાસીઓને આજે ગરમીમાં થોડી રાહત મળી છે. આજે દિવસ અને રાતના તાપમાનમાં ઘટાડો થતાં ગરમીનું પ્રમાણ પણ ઘટયું છે. ભાવનગરમાં ગઈકાલની સરખામણીએ આજે મહત્તમ તાપમાન ૦.૬ ડિગ્રી ઘટીને ૩૭.૨ ડિગ્રી તથા લઘુતમ તાપમાન ૪.૧ ડિગ્રી ઘટીને ૨૨.૮ ડિગ્રી નોંધાયું છે. આજે સવારે પવનની ગતિ ૨ કિમીની રહી હતી પણ બપોરના સમયે પવનની ગતિ ૨૬ કિમી પ્રતિકલાક સુધીની થઈ ગઈ હતી. તેમજ સવારે ભેજનું પ્રમાણ ૪૪ ટકા હતું તે ઘટીને બપોર સુધીમાં ૨૦ ટકા નોંધાયું હતું. ગઈકાલની સરખામણીએ આજે ભાવનગરના વાતાવરણમાં આવેલા મહત્વપૂર્ણ ફેરફારથી લોકોને ગરમીમાં ઘણી રાહત મળી હતી. ગઈકાલે ભાવનગરમાં મહત્તમ તાપમાન ૩૭.૮ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૯ ડિગ્રી નોંધાયું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યૂલેશનના કારણે સૌરાષ્ટ્ર કચ્છના ઘણાં જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લાના અમુક ભાગોમાં તા.૧૨ અને ૧૩ એપ્રીલ દરમિયાન ગાજવીજ સાથે હળવા વરસાદની શક્યતા હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ૧૨મી એપ્રીલની સાંજ સુધીમાં ભાવનગર શહેર કે જિલ્લામાં ક્યાંય કમોસમી વરસાદ પડયો નહોતો પરંતુ મોડી રાતે અથવા ૧૩મી એપ્રીલે શહેર કે જિલ્લામાં માવઠું પડે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.




### આણંદ જિલ્લામાં 24 કલાક કંટ્રોલરૂમ કાર્યરત કરાયો

(એજન્સી) આણંદ | તા. 13

આણંદ જિલ્લામાં યોજાનાર લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અને ૧૦૮-ખંભાત વિધાનસભાની પેટા ચૂંટણીની જાહેરાત ભારતના ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી છે. તેમજ આ ચૂંટણીનું મતદાન આગામી મે મહિનાની ૭મી તારીખે યોજાનાર છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરના માર્ગદર્શન હેઠળ આણંદ જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી અને ખંભાત વિધાનસભા પેટા ચૂંટણી માટે ચૂંટણી તંત્ર પુરજોશમાં તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત ચૂંટણીને લગતી આદર્શ આચારસંહિતા એક્સપેન્ડિચર મોનીટરીંગને લગતી તેમજ ચૂંટણી સંબંધિત કોઈપણ ફરિયાદ નોંધાવી શકે તે માટે જિલ્લાની ૭ વિધાનસભા ખાતે ૨૪ બાય ૭ કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવ્યા છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)** આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને દરેક સંજોગોમાં વિજય મળશે. કાર્યકાળમાં સુધારો કરવા માટે આજનો દિવસ સારો છે.

**વૃષભ (બ,વ,ઉ)** દિવસ તમારા માટે નસીબદાર છે અને સંપત્તિની પ્રાપ્તિનો સંકેત આપી રહ્યો છે. ધનમાં વધારો થશે. શત્રુ હારશે અને અંતે સર્વત્ર સફળતાની પ્રાપ્તિથી ખુશ થશો.

**મિથુન (ક,છ,ઘ)** ગ્રહોની શુભ સ્થિતિને કારણે આજે તમને અચાનક મોટી રકમ મળી શકે છે અને તમારા ભંડોળમાં પણ વધારો થશે. તમારી સમસ્યાઓ તમારા પોતાના દમ પર ઉકેલવાનો પ્રયાસ કરો.

**કર્ક (ડ,હ)** આજે તમારો દિવસ વ્યસ્ત છે અને આખો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવામાં પસાર થશે. પૈસાની દ્રષ્ટિએ તમને ફાયદો થશે અને પરિવારમાં સમૃદ્ધિ મળશે.

**સિંહ (મ,ટ)** આજે તમારે વેપાર વ્યવસાય તરફ ધ્યાન આપવાની વધારે જરૂર છે. આજે બપોર સુધીમાં તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને એક કરી શકશો.

**કન્યા (પ,ઠ,ણ)** આજનો દિવસ શુભ છે અને તમને લાભ મળશે. દરેક પ્રકારની ઈચ્છા પ્રાપ્ત થશે. ઘરે શુભ કાર્યો ગોઠવી શકાય છે અથવા સમાજના કાર્યક્રમમાં ભાગ લઈ શકો છો.

**તુલા (ર,ત)** આજે તમને શ્રેષ્ઠ સંપત્તિ મળશે અને ભાગ્યની સહાયથી કાર્યો પૂરા થશે. આજે ધન રાશિના માલિકના આશીર્વાદથી તમને ભાગ્યનો સહયોગ પ્રાપ્ત થશે.

**વૃશ્ચિક (ન,ય)** શુભ દિવસ રહેશે અને તમને પરિવારના બધા સભ્યોનો સહયોગ મળશે. ઓફિસમાં લોકો તમારી સહાય માટે તૈયાર રહેશે અને મનમાં ખાસ પ્રકારનો ઉત્સાહ રહેશે.

**ધન (ભ,ધ,ફ)** તમે ભાગ્યની સહાયથી ખુશ અને સમૃદ્ધ થવાના છો અને તમને ભેટો અને સન્માનનો લાભ મળશે. મિત્રની સલાહ તમે તમારા ખરાબ કાર્યોને પણ યોગ્ય રીતે કરી શકો.

**મકર (ખ,જ)** આજે તમારો ખાસ દિવસ છે અને તમારી રાશિના લોકોને આજે વિશેષ લાભ મળશે. આજનો દિવસ ભાગદોડમાં વિતાવશો અને વિશેષ ચિંતા રહેશે.

**કુંભ (ગ,શ,સ)** આ દિવસે તમને ભાગ્યનો સહયોગ મળશે. ક્ષેત્રમાં સ્થાળાંતરથી તમને ફાયદો થઈ શકે છે અને ધંધામાં પણ નફો વધશે.

**મીન (દ,ચ,ઝ,થ)** દિવસ તમારા માટે શુભ છે. આજે ઘણા દિવસોથી અટકેલા પૈસા મળી શકે છે. આજે ચંદ્ર સુખ અને શાંતિ આપશે અને તમને તમારા ભાગ્યનો પૂરો સહયોગ મળશે.

## ન્યૂઝ ટ્રેક

### ટીસીએસનો નફો 9 ટકા વધી 12434 કરોડ, શેરદીઠ રૂ. 28 ડિવિડન્ડ



દેશની ટોચની આઈટી કંપની તાતા કન્સલ્ટન્સી સર્વિસિઝ (TCS)એ નાણાકીય વર્ષ 2023-24 માટે અપેક્ષા કરતાં વધુ સારા પરિણામો જારી કર્યા છે. જો કે, આવકોની દ્રષ્ટિએ વૃદ્ધિ નજીવી રહી છે. ચોથા ત્રિમાસિકમાં રૂ. 12434 કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો છે. જે અગાઉના વર્ષે રૂ. 11392 કરોડ સામે 9.1 ટકા વધ્યો છે. આવકો 3.5 ટકા વધી રૂ. 61237 કરોડ થઈ છે. ટીસીએસ બોર્ડે રોકાણકારો માટે શેરદીઠ રૂ. 28નું અંતિમ ડિવિડન્ડ જારી કર્યું છે. નાણાકીય વર્ષ 2023-24ના અંતે ટીસીએસે તેના રોકાણકારોને શેરદીઠ કુલ રૂ. 73 ડિવિડન્ડની લ્હાણી કરી છે.

### માર્ચમાં મોંઘવારી દર 10 મહિનામાં સૌથી નીચલી સપાટીએ

મુંબઇ | માર્ચ 2024માં છૂટક ફુગાવાનો દર ઘટીને 4.85 ટકા થઈ ગયો છે, જે ફેબ્રુઆરી 2024માં 5.09 ટકા હતો. માર્ચ મહિનામાં ખાદ્ય મોંઘવારી દરમાં પણ ઘટાડો થયો છે અને તે ફેબ્રુઆરી 2024માં 8.66 ટકાની સરખામણીએ ઘટીને 8.52 ટકા પર આવી ગયો છે. દેશમાં મોંઘવારી સામે માર્ચ મહિનામાં સામાન્ય માણસને મોટી રાહત મળી હતી. આ ઉપરાંત સરકારના પ્રયાસો પણ ફળ્યા છે. માર્ચમાં છૂટક ફુગાવો 10 મહિનામાં સૌથી નીચો હતો.

### ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ- ભારતીય શેરબજારમાં કરેક્શન જોવા મળ્યું

મુંબઇ | ચૂંટણી બાદ કેન્દ્રમાં ફરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મજબૂત સરકાર રચાવાની હેટ્રિક લાગવાની અને આર્થિક વિકાસ મામલે ભારત અસાધારણ વૃદ્ધિ હાંસલ કરશે એવી અપેક્ષાએ ફંડોનું રોકાણ આકર્ષણે ભારતીય શેરબજાર એ સપ્તાહની શરૂઆતમાં સતત તેજી સાથે નવી ઐતિહાસિક ટોચ બનાવી હતી, જો કે સપ્તાહના અંતિમ દિવસે ભારતીય શેરબજારમાં ઘટાડો નોંધાયો હતો. અમેરિકાના ફુગાવામાં વૃદ્ધિ અને ઈરાન-ઈઝરાયલ વચ્ચે વધતા જિયો પોલિટિકલ ટેન્શનના કારણે વૈશ્વિક બજારો ઘટ્યા તેમજ માર્કેટમાં વોલ્યૂમ ઓવર વેઈટ થઈ રહ્યા છે.

## કિંમતી ધાતુ અને બિટકોઈનમાં રોકાણ કરો ફાયદો કરાવશે

# શેરબજાર, રિયલ એસ્ટેટ કડડભૂસ થશે : રોબર્ટ

(એજન્સી) નવી મુંબઇ | તા.13

શેરબજારની તેજીને ધ્યાનમાં લેતાં મોટાપાયે રોકાણકારો શેરોમાં રોકાણ વધારી રહ્યા છે. સોના-ચાંદીમાં પણ તેજીનો લાભ લેવા માટે ઘણા રોકાણકારોએ કિંમતી ધાતુમાં પણ રોકાણ વધાર્યુ છે. પરંતુ આ તેજી જળવાઈ રહેવાની છે કે, નહિં તે વિશે 'Rich Dad Poor Dad'ના લેખક રોબર્ટ ટી. કિયોસાકી (Robert T. Kiyosaki)એ શેરબજાર, રિયલ એસ્ટેટ અને બોન્ડ માર્કેટ વિશે નકારાત્મક વલણ દર્શાવ્યુ છે. તેઓ વૈશ્વિક સ્તરે જોવા મળેલા પડકારોને ધ્યાનમાં લેતાં સોના-ચાંદી અને બિટકોઈનમાં રોકાણ કરવા સલાહ આપી રહ્યા છે.



**ચાંદીમાં રોકાણ માલામાલ બનાવશે |** રોબર્ટ ટી. કિયોસાકીએ અગાઉ પણ ધનવાન બનવાનો માર્ગ ચાંદીમાં રોકાણ દર્શાવ્યો હતો. તેઓ અગાઉ પણ ઘણીવખત સોના-ચાંદીમાં રોકાણ અંગે સલાહ આપી ચૂક્યા છે. ખાસ કરીને કિયોસાકી ચાંદી પર સૌથી વધુ બુલિશ વલણ ધરાવે છે. ગત વર્ષે એક પોસ્ટમાં તેમણે લોકોને ચાંદીમાં રોકાણ કરવા અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, જો તમે ગરીબમાંથી અમીર બનવા માગતા હોવ, તો હવે સમય આવી ગયો છે. ચાંદી મારફત ધનવાન બનવાનું સ્વપ્ન પૂર્ણ કરી શકો છો. ચાંદી 3થી 5 વર્ષ માટે 20 ડોલર પર જળવાઈ રહેશે, બાદમાં આગામી સમયમાં 100 ડોલરથી 500 ડોલર સુધી વધશે.

### સ્ટોક બોન્ડ અને રિયલ એસ્ટેટમાં મંદી આવશે

રોબર્ટે સોશિયલ મીડિયા X મારફત રોકાણ અંગે સલાહ આપતાં કહ્યું છે કે, સ્ટોક, બોન્ડ રિયલ એસ્ટેટમાં બબલ ફુલ્યો ફાલ્યો છે. જે ગમે ત્યારે ક્રેશ થશે. પોસ્ટમાં અમેરિકા પર સતત વધી રહેલા દેવાનો પણ ઉલ્લેખ કર્યો છે. દર 90 દિવસમાં અમેરિકાનું દેવુ 1 લાખ કરોડ ડોલર વધી રહ્યુ છે, અમેરિકાનું દેવાળુ ફુંકાઈ રહ્યુ હોવાની આશંકા દર્શાવતાં રોબર્ટે સલાહ આપી છે કે, પોતાને બચાવો, મહેરબાની કરીને સોના-ચાંદી અને બિટકોઈન ખરીદો. બધું જ બરબાદ થઈ જશે. મુશ્કેલીના સમયમાં માત્ર સોનું-ચાંદી અને બિટકોઈન જ સહારો આપશે.



## ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ વધતા એન્જિનિયરિંગ વીમા પ્રિમિયમ ચાર વર્ષમાં બમણું થયું

નવી દિલ્હી | તા.13

ભારતમાં એન્જિનિયરિંગ વીમા પ્રિમિયમ ૪ વર્ષમાં બમણું થઈ ગયું છે. આ તેજી આ સમયગાળા દરમિયાન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધતા રોકાણને કારણે થઈ છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં એપ્રિલ-ફેબ્રુઆરી (નાણાકીય વર્ષના પ્રથમ ૧૧ મહિના) દરમિયાન એન્જિનિયરિંગ સેગમેન્ટમાં ગ્રોસ ડાયરેક્ટ પ્રીમિયમ વધીને રૂ. ૪,૮૪૮.૦૬ કરોડ થયું હતું (સંપૂર્ણ વર્ષનો આંકડો રૂ. ૫,૩૦૦ કરોડની આસપાસ છે). નાણાકીય વર્ષ ૨૦૨૦ દરમિયાન આ પ્રીમિયમ રૂ. ૨,૬૩૪.૯૦ કરોડ હતું. જનરલ ઈન્સ્યોરન્સ કાઉન્સિલના ડેટા અનુસાર, ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં રૂ. ૩,૭૦૫.૩૫ કરોડની સરખામણીએ નાણાકીય વર્ષ ૨૦૨૪ના પ્રથમ ૧૧ મહિનામાં ગ્રોસ ડાયરેક્ટ પ્રીમિયમમાં ૩૦.૮૪ ટકાનો વધારો થયો છે. સામાન્ય વીમા ઉદ્યોગમાં એન્જિનિયરિંગ સૌથી ઝડપથી વિકસતું બિઝનેસ સેગમેન્ટ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં મોટા પાયે જાહેર રોકાણને કારણે બાંધકામ વીમા પ્રિમિયમમાં વધારો થયો છે. જેના કારણે આ સેગમેન્ટમાં ઝડપી વૃદ્ધિ થઈ છે. સરકાર કુલ ફાળવણીમાં મૂડી ખર્ચનો હિસ્સો વધારી રહી છે. વચગાળાના બજેટમાં, સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૫માં રૂ. ૧૧.૧ લાખ કરોડનો મૂડી ખર્ચનો લક્ષ્યાંક રાખ્યો છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૦માં રૂ. ૩.૪ લાખ કરોડ હતો. એન્જિનિયરિંગ વીમો ચાલુ બાંધકામ પ્રોજેક્ટ્સ, ઈન્સ્ટોલેશન પ્રોજેક્ટ્સ, પ્રોજેક્ટમાં વપરાતા મશીનો અને સાધનોને નાણાકીય સુરક્ષા પ્રદાન કરે છે. વીમા ઉદ્યોગના નિષ્ણાતોના મતે, છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતના આર્થિક વિકાસને બાંધકામ ક્ષેત્રે ટેકો મળ્યો છે અને રસ્તા, મેટ્રો, રિન્યુએબલ એનર્જી, ભારે ઉદ્યોગો, ગ્રામીણ વિદ્યુતીકરણ, રેલવે, ગ્રીન હાઈડ્રોજન અને સેમિકન્ડક્ટર વગેરેમાં રોકાણ વધ્યું છે.

### બંને દેશોએ આ ટેક્સ સંધિ પર 7 માર્ચે હસ્તાક્ષર કર્યા હતા

## ભારત-મોરેશિયસ વચ્ચે ટેક્સ સંધિ મામલે IT વિભાગે ચિંતા દર્શાવી

(એજન્સી) નવી દિલ્હી | તા12

ભારત અને મોરેશિયસ વચ્ચે હાલમાં જ થયેલા ટેક્સ સંધિ મુદ્દે આવકવેરા વિભાગે મહત્વની નોટિફિકેશન જારી કરી છે, જેના પગલે મોરેશિયસથી થતા વિદેશી રોકાણ પર અસર થઈ શકે છે. આવકવેરા વિભાગે જણાવ્યુ છે કે, ભારત અને મોરેશિયસ વચ્ચે સંશોધિત ડબલ ટેક્સેશન અવોઈડન્સ એગ્રિમેન્ટ (DTAA Treaty)માં નિયમો અને દિશા-નિર્દેશોને મંજૂરી આપવા તેમજ તે અંગે સ્પષ્ટતા જારી કરવાની બાકી છે. બંને દેશોએ આ ટેક્સ સંધિ પર 7 માર્ચે હસ્તાક્ષર કર્યા હતા. જેમાં એક પ્રિન્સિપલ પર્પજ ટેસ્ટ વ્યવસ્થા નિર્ધારિત કરવામાં આવી હતી. જે



વિદેશી રોકાણકાર આ સંધિનો લાભ લેવા સક્ષમ છે કે નહિં તેની ખાતરી કરી છે. આવકવેરા વિભાગે ચિંતા વ્યક્ત કરી હતી કે, મોરેશિયસમાંથી નોંધાતા વિદેશી રોકાણોને ટેક્સ અધિકારીઓ દ્વારા તપાસનો સામનો કરવો પડશે. તેમજ ભૂતકાળમાં કરવામાં આવેલા રોકાણોને સંશોધિત પ્રોટોકોલ હેઠળ આવરી લેવા પડશે. આવકવેરા વિભાગે સોશિયલ મીડિયા મંચ એક્સ પર પોસ્ટ મારફત આ સંધિ પર ગંભીર ચિંતાઓ દર્શાવી હતી. વિભાગે કહ્યું છે કે, અમે આ સંદર્ભે સ્પષ્ટ કરવા માગીએ છીએ કે, ભારત અને મોરેશિયસ વચ્ચે જારી કરવામાં આવેલી ટેક્સ સંધિને હજી આવકવેરા અધિનિયમ 1961ની કલમ 90 અંતર્ગત માન્યતા મળી નથી. જેથી હાલ કોઈ સમસ્યા નથી. પરંતુ દિશાનિર્દેશો લાગૂ થાય ત્યારબાદ જરૂરી આશંકાઓ અને ચિંતાનું સમાધાન કરવા પગલાં લેવા પડશે.

## વોર ફીઅર : વૈશ્વિક સોનું 2400 ડોલરની ટોચે: ઘરઆંગણે રૂ.74500નો નવો વિક્રમ

(એજન્સી) મુંબઈ | તા.13

ઈઝરાયલ તથા ઈરાન વચ્ચે ઘર્ષણ વધવાની ભીતિ વચ્ચે વિશ્વ બજારમાં સોના તથા ક્રૂડતેલના ભાવ ઉછળતા જોવા મળ્યા હતા. આ અહેવાલો પાછળ આજે અમદાવાદમાં સોનું રૂ. ૭૪૫૦૦ની નવી ટોચે પહોંચ્યું હતું. જ્યારે ક્રૂડ ૯૧ ડોલરની સપાટી કૂદાવી ગયું હતું. મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં રેકોર્ડ બ્રેક તેજી ફરી આગળ વધતાં નવી ટોચ દેખાઈ હતી. વિશ્વ બજારમાં સોનાના ભાવ વધુ ઉછળી ઔંશના ઉંચામાં ૨૪૦૦ ડોલરને આંબી જતાં બજારમાં ખાસ્સી ચકચાર જાગી હતી. વિશ્વ બજાર ઉછળતાં ઘરઆંગણે આયાત પડતર ફરી વધી જતાં દેશના ઝવેરી બજારોમાં આજે ઐતિહાસિક તજી વણથંભી આગળ વધી હતી. અમદાવાદ બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૩૦૦ વધી ૯૯.૫૦ના રૂ.૭૪૩૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૭૪૫૦૦ના નવા મથાળે પહોંચ્યા હતા. જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના આજે વધુ રૂ.૫૦૦ વધી રૂ.૮૩ હજારને આંબી ગયા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૨૩૩૫થી ૨૩૩૬ વાળા ઉંચામાં ૨૪૦૦થી ૨૪૦૧ થઈ ૨૩૯૬થી ૨૩૯૭ ડોલર રહ્યાના નિર્દેશો હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ ઔંશના ૨૭.૯૯થી ૨૮.૦૦ વાળા ઉંચામાં ૨૯.૨૨ થઈ ૨૯.૦૮થી ૨૯.૦૯ ડોલર રહ્યા હતા.

## વર્ષ 2024ના પ્રથમ 100 દિવસમાં ઈક્વિટી કરતા સોના પર વધુ વળતર

### વ્યાજ દરમાં સૂચિત ઘટાડાથી સોનાના ભાવને ટેકો

(એજન્સી) મુંબઇ | તા.13

વર્તમાન કેલેન્ડર વર્ષના પ્રથમ ૧૦૦ દિવસની વાત કરીએ દેશમાં પરંપરાગત એસેટ કલાસમાં ઈક્વિટીઝની સરખામણીએ સોનામાં રોકાણકારોને નોંધપાત્ર ઊંચુ વળતર પ્રાપ્ત થયું છે. વર્તમાન વર્ષના પ્રથમ ૧૦૦ દિવસમાં સેન્સેકસ પર ચાર ટકા જેટલું વળતર છૂટ્યું છે જ્યારે સોના પર રોકાણકારોને ૧૪ ટકા જેટલું વળતર છૂટયાનું એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં જણાવાયું હતું. વર્તમાન વર્ષના પ્રથમ ૧૦૦ દિવસમાં એમસીએક્સ પર સોનાના ભાવમાં દસ ગ્રામ દીઠ રૂપિયા ૮૧૦૦ જેટલો વધારો થયો છે જ્યારે સેન્સેક્સ ૭૫૧૨૪ નવી ઓલટાઈમ હાઈ સાથે ૨૮૮૪ પોઈન્ટ જેટલો વધ્યો છે. એસેટ કલાસીસમાં સેફ હેવન તરીકે ગણાતા ગોલ્ડમાં ભૌગોલિકરાજકીય તાણને કારણે



વૈશ્વિક સ્તરે નવી ઊંચી સપાટી જોવા મળી છે, જેને પરિણામે ઘરઆંગણે પણ નવા ઊંચા ભાવ જોવા મળ્યા છે. રશિયા-યુક્રેન યુદ્ધ, ઈરાન-ઈઝરાયલ તાણ તથા ઈઝરાયલ-પેલેસ્ટાઈન કટોકટીને કારણે સોનામાં સેફ હેવન ખરીદીથી ભાવ ઊંચકાયા છે. આ ઉપરાંત ફેડરલ રિઝર્વ વ્યાજ દરમાં ઘટાડો કરશે તેવી ધારણાંએ પણ સોનાના ભાવને ટેકો આપ્યો છે. નાણાં વર્ષ ૨૦૨૫માં ઈક્વિટીઝ કરતા ગોલ્ડ પરના રોકાણ પર સારુ વળતર મળી રહેશે તેવી એક વિશ્લેષકે ધારણાં વ્યકત કરી હતી.

# અર્થતંત્ર સમતુલિત રહેતાં ભારત માટેના સ્ટેબલ આઉટલુકને જાળવી રખાયું

(એજન્સી) મુંબઇ | તા.13

ભારત માટેના સ્ટેબલ આઉટલુકને મૂડી'સ ઈન્ડિયા દ્વારા જાળવી રાખવામાં આવ્યું છે. ભારત સરકાર માટેના લોંગ ટર્મ તથા શોર્ટ ટર્મ રેટિંગ્સને મૂડી'સે બીએએ૩ અને પી-૩ના સ્તરે જાળવી રાખ્યું છે. જો કે ભારતમાં રાજકીય તાણ દેશના લાંબા ગાળાના વિકાસ પરિઘને હાનિ પહોંચાડી શકે છે તેવી પણ એજન્સીએ ચેતવણી ઉચ્ચારી છે. સ્ટેબલ આઉટલુકનો અર્થ ભારતની રાજકોષિય સ્થિતિ તેના હરિફ દેશોની સરખામણીએ મજબૂત વિકાસ ભાવિ વચ્ચે તબક્કાવાર સુધરવાનું ચાલુ રાખશે. સ્થિર આઉટલુક જાળવી રાખતા મૂડી'સે નોંધ્યું હતું કે, ભારત તેના મોટા અને વૈવિધ્યસભર અર્થતંત્રને



સમતુલિત રાખી રહ્યું છે. ભારતનું અર્થતંત્ર કોરોનાની મહામારીમાંથી મજબૂત રીતે ઊભરી આવ્યું છે. જો કે તબક્કાવાર રાજકોષિય શિસ્તતા વચ્ચે આગામી વર્ષમાં ભારતના દેવામાં મોટો ઘટાડો જોવા નહીં મળે એમ પણ રેટિંગ એજન્સીના રિપોર્ટમાં દાવો કરાયો છે. વધી રહેલી રાજકીય તાણોને કારણે ઊભા થતા જોખમો સામે ભારત નબળું પડે છે. વધી રહેલા દેવાબોજ ભારતની રાજકોષિય સદ્ધરતાને નબળી પાડી શકે છે અને રેટિંગ પર ઘટાડાતરફી દબાણ લાવી શકે છે. માળખાકીય વિકાસ, ડિજિટાઈઝેશન અને નાણાંકીય વ્યવસ્થાની પુનર્રચનાનો ભારતને લાભ થઈ રહ્યો છે. નાણાં વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ ત્રણ ત્રિમાસિક ગાળામાં વિકાસના શ્રેણીબદ્ધ મજબૂત આંકડાને ધ્યાનમાં રાખી મૂડી'સે સમાપ્ત થયેલા નાણાં વર્ષ માટે આર્થિક વિકાસ દરનો અંદાજ સુધારી આઠ ટકા મૂકયો છે. આગામી બે નાણાં વર્ષમાં ભારતના આર્થિક વિકાસ દરના ૬ ટકાથી વધુના અંદાજને મૂડી'સે જાળવી રાખ્યા છે. માર્ચમાં જારી કરેલા રિપોર્ટમાં એજન્સીએ ૨૦૨૪-૨૫માં ભારતનો આર્થિક વિકાસ દર જી૨૦ દેશોમાંની હરિફ ઊભરતી બજારો કરતા વધુ રહેશે તેવી ધારણાં મૂકી હતી. ગયા નાણાં વર્ષના ડિસેમ્બર ત્રિમાસિકમાં ભારતનો આર્થિક વિકાસ દર ૮.૪૦ ટકા જેટલો મજબૂત રહ્યો હતો.

### નવ મહિનાના નીચલા સ્તરે ફુગાવો પહોંચ્યો, સરકારે આંકડા કર્યા જાહેર

(એજન્સી) મુંબઈ | તા.13

ભારતનો છૂટક મોંઘવારી દર 9 મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો છે. સરકારે માર્ચ માટે છૂટક ફુગાવાના દરના આંકડા જાહેર કર્યા છે. માર્ચમાં છૂટક ફુગાવાનો દર ઘટીને 4.85 ટકા થયો છે, જે ફેબ્રુઆરીમાં 5.09 ટકાથી ઓછો છે. 12 એપ્રિલના રોજ, આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે છૂટક ફુગાવાનો દર જાહેર કર્યો છે. રિપોર્ટ અનુસાર રિટેલ મોંઘવારી દર જૂન 2023 પછી સૌથી નીચો છે. ગયા વર્ષે જૂનમાં તે 4.81 ટકા હતો. ગયા અઠવાડિયે, 5 એપ્રિલના રોજ, ભારતીય રિઝર્વ બેંકની મોનેટરી પોલિસીએ તાજેતરના ફુગાવાના આંકડા જાહેર કર્યા હતા, જેમાં પોલિસી રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હતો. રિઝર્વ બેંકની મોનેટરી પોલિસીમાં સતત સાતમી વખત પોલિસી રેપો રેટ 6.5 ટકા રાખવામાં આવ્યો છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

### Elon Muskની Starlinkની ભારતમાં ભવ્ય એન્ટ્રી થવા જઈ રહી છે

મુંબઇ | એલોન મસ્કની કંપની સ્ટારલિંકને ટૂંક સમયમાં ભારતમાં સેટેલાઇટ બ્રોડબેન્ડ સર્વિસ માટે લાયસન્સ મળી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર મસ્કની ભારત મુલાકાતની જાહેરાત બાદ ટેલિકોમ વિભાગે કંપનીને લાઇસન્સ આપવાની પ્રક્રિયા ઝડપી બનાવી છે. મતલબ કે હવે ભારતમાં ટૂંક સમયમાં સેટેલાઇટ બ્રોડબેન્ડ સેવાઓ શરૂ થશે. કહેવામાં આવી રહ્યું છે કે, કંપની આગામી 10 દિવસમાં લાઇસન્સ મેળવી શકે છે. કંપનીએ ઓક્ટોબર 2022માં લાઇસન્સ માટે અરજી કરી હતી.



### LRSના દુરુપયોગને ટાળવા RBI વિદેશ મોકલાતા ફંડની તપાસ કરશે

મુંબઇ | જો તમે કોઇ બીજા દેશમાં પૈસા મોકલો છો અથવા પોતે લઇને વિદેશ જઇ રહ્યાં છો તો તમારે બેન્કના કેટલાક સવાલોના જવાબ આપવા પડી શકે છે. બેન્કોએ આવા પૈસાનો સ્ત્રોત પૂછવાનું શરૂ કરી દીધું છે, ખાસ કરીને ત્યારે, જ્યારે તેનો ઉપયોગ વિદેશમાં પ્રોપર્ટી ખરીદવા માટે કરવાનો હોય.

### અમેરિકામાં ફુગાવો હજુ ઊંચો: ફેડ વ્યાજદર ઘટાડો હજુ ટાળી શકે

મુંબઇ | યુએસમાં અપેક્ષિત ફુગાવો લાંબા સમય સુધી વ્યાજ દરોને ઊંચા રાખશે. આને ધ્યાનમાં રાખીને દેશોએ વૈશ્વિક ઉથલ-પાથલ માટે તૈયાર રહેવું જોઈએ તેમ વરિષ્ઠ બેન્કર અને કોટક મહિન્દ્રા બેન્કના સ્થાપક ઉદય કોટકે જણાવ્યું હતું. અમેરિકામાં મોંઘવારી દર અપેક્ષા કરતા વધારે છે.ત્યાં નવેમ્બરમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે.

**માર્ચમાં 0.2 ટકા વધ્યો હતો** | 5 એપ્રિલના રોજ પૂર્ણ થતાં સપ્તાહમાં દેશની ફોરેક્સ રિઝર્વે 648 અબજ ડોલરની સપાટી વટાવી છે

# ફોરેક્સ રિઝર્વ સતત સાતમાં સપ્તાહે નવા રેકોર્ડ સ્તરે, ગોલ્ડ રિઝર્વ 2398 અબજ ડોલર વધ્યું

(એજન્સી) મુંબઇ | તા.13

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા ગોલ્ડ રિઝર્વની ખરીદીમાં વધારો નોંધાતા ફોરેક્સ રિઝર્વે સતત સાતમા સપ્તાહે રેકોર્ડ ટોચ નોંધાવી છે. 5 એપ્રિલના રોજ પૂર્ણ થતાં સપ્તાહમાં દેશની ફોરેક્સ રિઝર્વે 648 અબજ ડોલરની સપાટી વટાવી છે. આરબીઆઈ દ્વારા જારી આંકડાઓ અનુસાર, 5 એપ્રિલે પૂર્ણ થતાં સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વ 2.98 અબજ ડોલર વધી 648.562 અબજ ડોલર થયું છે. જેમાં વૃદ્ધિ પાછળનુ કારણ ગોલ્ડ રિઝર્વમાં વધારો છે. ગોલ્ડ રિઝર્વ 2.398 અબજ ડોલર વધી 54.558 અબજ ડોલરે પહોંચ્યુ છે. રિઝર્વ બેન્ક ગવર્નર શક્તિકાંત દાસે ગત સપ્તાહમાં જણાવ્યું હતું કે, આરબીઆઈએ સોનામાં ખરીદી વધારી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સોનાની કિંમતોમાં તેજીના કારણે ગોલ્ડ રિઝર્વ પણ મજબૂત થઈ છે. ફોરેક્સ રિઝર્વ કરન્સી 54.9 કરોડ ડોલર વધી 571.166 અબજ ડોલરની સપાટી ક્રોસ કરી છે.



### સાત સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વ 32.47 અબજ ડોલર વધ્યું

છેલ્લા સાત સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વ 32.465 અબજ ડોલર વધ્યું છે. અગાઉ 29 માર્ચે સમાપ્ત થતાં સપ્તાહમાં 2.951 અબજ ડોલર વધી 645.583 અબજ ડોલરના રેકોર્ડ લેવલે હતું. 22 માર્ચ અને 15 માર્ચે પૂર્ણ થતાં સપ્તાહમાં પણ રેકોર્ડ 642.631 અબજ ડોલર અને 642.492 અબજ ડોલર ફોરેક્સ રિઝર્વ નોંધાયુ હતું.

**રૂપિયો મજબૂત બનશે |** ફોરેક્સ રિઝર્વમાં સતત વૃદ્ધિના પગલે ડોલર સામે રૂપિયો સતત સ્થિર સ્તરે જળવાઈ રહ્યો છે. મજબૂત ડોલર સામે રૂપિયામાં ઘટાડો થતો અટકાવવા માટે હાજર અને ફોરેક્સ કરન્સી માર્કેટ દખલગીરી કરી વધુ ડોલર જારી કરે છે. તેનાથી વિપરિત ફોરેક્સ રિઝર્વમાં ઘટાડો રૂપિયાને વધુ નબળો બનાવે છે.

## નેક્સઝુ મોબિલિટીએ વર્લ્ડ આર્ટ ડેની ઊજવણીરૂપે 'ક્રિએટિવિટી ઓન વ્હીલ્સ' ચેલેન્જનું આયોજન કર્યું

પૂણે

ઈનોવેટિવ અર્બન ટ્રાન્સપોર્ટેશન સોલ્યુશન પ્રોવાઈડર નેક્સઝુ મોબિલિટીએ 15 એપ્રિલે વર્લ્ડ આર્ટ ડેની ઊજવણી કરવા માટે એક ડિજિટલ ડિઝાઈન ચેલેન્જ 'ક્રિએટિવિટી ઓન વ્હીલ્સ'નું આયોજન કર્યું છે. બ્રાન્ડે નેક્સઝુ ઈવી સાયકલ્સની તેમની પોતાની ડિઝાઈન સબમિટ રજૂ કરવા દ્વારા પોતાની પ્રતિભા બતાવવા માટે તમામ ડિઝાઈન ઉત્સાહીઓને આમંત્રણ પાઠવ્યું છે.

નેક્સઝુ મોબિલિટીના બિઝનેસ હેડ શ્રી ચિંતામણિ સરદેસાઈએ જણાવ્યું હતું કે "અમે માનીએ છીએ કે સાયકલ્સ કેવળ ટ્રાન્સપોર્ટેશનથી કંઈક વિશેષ છે. તે વ્યક્તિગતતા તથા સ્ટાઈલ સ્ટેટમેન્ટ્સ પણ છે. ટાર્ગેટ ઓડિયન્સ રોજબરોજ મુસાફરી કરતી વ્યક્તિ હોય, પ્રોફેશનલ સાયક્લિસ્ટ હોય કે પછી રિક્રિએશનલ રાઈડર હોય, માત્ર સારા જ ન લાગે પરંતુ તેમને અપીલ કરે તેવા ગ્રાફિક્સ બનાવવા ડિઝાઈનરો માટે મુશ્કેલીભર્યું કામ છે. આ પહેલ થકી અમને નવા યુગના ગ્રાહકો તરફથી આંતરદ્રષ્ટિ, પરિપ્રેક્ષ્ય તથા આઈડિયા મળશે તેવી અમને આશા છે. પોતાની અંદર કલાત્મકતા ધરાવતા લોકોને તેમનું વ્યક્તિત્વ દર્શાવવા માટે આ 'ક્રિએટિવિટી ઓન વ્હીલ્સ' પહેલમાં ભાગ લેવા અમે વિનંતી કરીએ છીએ."

'ક્રિએટિવિટી ઓન વ્હીલ્સ' ચેલેન્જ એ નેક્સઝુ ઈવી-સાયકલની ફ્રેમ માટે અનોખી રીતે ગ્રાફિક ડિઝાઈન કરવા માટે દરેક વ્યક્તિ માટે એક તક રજૂ કરે છે. પાંચ વર્ષથી વધુ ઉંમરના ઉત્સાહીઓ 18 એપ્રિલ સુધીમાં ગ્રાફિક્સના તેમના વર્ઝન સબમિટ કરીને આ ચેલેન્જમાં ભાગ લઈ શકે છે. પ્રાપ્ત થનારી અરજીઓમાંથી સૌથી ક્રિએટિવ સબમિશનને બ્રાન્ડ તરફથી વિશેષ ઈનામો જીતવાની તક મળશે. સ્પર્ધકો નેક્સઝુ મોબિલિટીની ઓફિશિયલ વેબસાઈટ (https://nexzu.in/world-art-day-2024/) પરથી ઈવી-સાયકલની ફ્રેમ ડાઉનલોડ કરી શકે છે અને ફાઈલ અપલોડ કરતા પહેલા તેમના કલર્સ તથા ડિઝાઈન્સ ઉમેરી શકે છે.

સૌથી વિખ્યાત કલાકારો પૈકીના એક લિયોનાર્ડો દ વિન્સીના જન્મતિથિ ઉપરાંત વર્લ્ડ આર્ટ ડે વિવિધ કલાકારોના પ્રદાનને સન્માનિત કરવા તેમજ દરેકના જીવનમાં તેના મહત્વને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે ઊજવવામાં આવે છે. ઓટો ઉદ્યોગમાં વાહનની ઓળખ તથા બ્રાન્ડ પર આર્ટની મોટી અસર પડે છે. તે ઓટોમોટિવ ડિઝાઈન અને રચનાત્મકતાના જોડાણને સન્માનિત કરે છે તથા વાહનોને કળાની રચના તરીકે ઓળખે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, ચૈત્ર સુદ-06

# ચીનનું જિદ્દી વલણ : સીમા વિવાદ ઉકેલવા PMની પહેલ

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ચીન સાથેના સરહદ વિવાદને ઉકેલવાની જરૂરિયાત વ્યક્ત કરી છે, જે એકદમ યોગ્ય વલણ છે. બંને દેશો પડોશીઓ તેમજ વિશ્વની બે મુખ્ય અર્થવ્યવસ્થાઓ અને વૃદ્ધિ એન્જિન છે. તેથી, કોઈપણ પ્રકારનો સંઘર્ષ બંને માટે નુકસાન છે. આવી સ્થિતિમાં પીએમ મોદીનું કહેવું યોગ્ય છે કે ભારત અને ચીન વચ્ચે સ્થિર અને શાંતિપૂર્ણ સંબંધો સમગ્ર ક્ષેત્ર અને વિશ્વ માટે મહત્વપૂર્ણ છે. ભારતનું આ વલણ એવા સમયે સામે આવ્યું છે જ્યારે ચીને ફરી એકવાર અરુણાચલ પ્રદેશને લઈને જિદ્દી વલણ અપનાવ્યું છે. તેણે અરુણાચલ પ્રદેશમાં ભારતીય સરહદ પર ઘણી જગ્યાઓના નામ બદલી નાખ્યા છે. ચીન આ વિસ્તાર પર પોતાનો દાવો રજૂ કરી રહ્યું છે અને આ રાજ્યને જંગનાન કહે છે. હાલમાં ભારતમાં લોકસભાની ચૂંટણીનો પ્રચાર ચાલી રહ્યો છે. આવી સ્થિતિમાં વિપક્ષ પણ ચીન સાથે વિવાદનો મુદ્દો ઉઠાવી રહ્યો છે. વિપક્ષનો આરોપ છે કે ચીને 2020માં અમારા હિસ્સાની જમીન પર કબજો કર્યો હતો, જ્યારે સરકાર તેને પાયાવિહોણો ગણાવી રહી છે. ભારતની પહેલ બાદ હવે બોલ ચીનના કોર્ટમાં છે. તેની બાજુથી કેટલાક સકારાત્મક પગલાં જોવા જોઈએ. જો કે, છેલ્લા કેટલાક વર્ષોમાં ચીનનું વલણ કોઈ આશા જગાડે તેવું રહ્યું નથી. બંને દેશો વચ્ચેના વર્તમાન સંબંધોની વાત કરીએ તો 2017માં ડોકલામ વિવાદ બાદ સરહદ પરનું વાતાવરણ ક્યારેય સામાન્ય બન્યું નથી. તેના બદલે, 2020 માં ગલવાનમાં અથડામણથી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે. ભારત સ્પષ્ટપણે કહે છે કે ચીને પહેલા પોતાની સેના હટાવી લેવી જોઈએ, તો જ સંબંધો આગળ વધશે. હવે સવાલ એ છે કે ચીન ભારત પ્રત્યે આટલું આક્રમક કેમ છે? બાકીના પડોશીઓ સાથે, તેણે સરહદ વિવાદ ઉકેલી લીધો છે અથવા તેને ઉકેલવાની નજીક છે, પરંતુ ભારત સાથે તે તાજેતરના વર્ષોમાં આ વિવાદને વધારી રહ્યો છે. વાસ્તવમાં તેને ચીનની વિદેશ નીતિનો એક ભાગ કહી શકાય. ચીનના બાકીના પડોશીઓ હાલમાં વિશ્વમાં તેની સરખામણીમાં ઊભા રહેવાની ક્ષમતા ધરાવતા નથી, જ્યારે ભારત ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે. દુનિયા એ પણ માની રહી છે કે જો ચીનનો વિકલ્પ હોઈ શકે તો માત્ર ભારત. આવી સ્થિતિમાં ચીન સરહદ વિવાદને જીવંત રાખીને ભારત પર દબાણ જાળવી રાખવા માંગે છે. આ જ કારણે લદ્દાખથી લઈને અરુણાચલ સુધી તે કોઈને કોઈ તોફાન કરતો રહે છે.જો કે, વધુ સારું રહેશે જો ચીન ભારતમાં ટોચના સ્તરેથી લેવામાં આવેલી આ પહેલને સ્વીકારે અને પરસ્પર વિવાદને વાતચીત દ્વારા ઉકેલે. ભારત સાથે કોઈપણ પ્રકારનો વિવાદ બંને દેશો માટે સારો નહીં હોય. સાથે જ બંને વચ્ચે શાંતિપૂર્ણ સંબંધો બનશે તો તેમની પ્રગતિનો માર્ગ મોકળો થશે.

# લવચાલી રેન્જના RFOની કામગિરી શંકાસ્પદ, શિકાર પ્રવૃત્તિ વધતા વન્ય પ્રાણીઓના અસ્તિત્વ સામે ખતરો

સુશીલ પવાર | ડાંગ

રાજ્યના છેવાડે આવેલ ડાંગ જિલ્લો વનસંપદાથી ઘેરાયેલો વિસ્તાર છે.ડાંગ જિલ્લાનો ઉત્તર દિશાનો વિસ્તાર ઘનિષ્ટ વનસંપદા તથા વન્યસૃષ્ટિનાં પગલે આગવી ઓળખ ધરાવે છે.પરંતુ જંગલો અને વન્યપ્રાણીઓની ઓળખ ધરાવનાર ઉત્તર વન વિસ્તાર વનવિભાગનાં વન કર્મીઓની બેદરકારીનાં પગલે શિકાર પ્રવૃત્તિ વધતા વન્ય પ્રાણીઓના અસ્તિત્વ સામે ખતરો ઉભો થવા પામ્યો છે.

જેનુ સચોટ અને ઉત્તમ ઉદાહરણ ડાંગ જિલ્લાનાં ઉત્તર વન વિભાગમાં સમાવિષ્ટ લવચાલી રેંજનાં જંગલ વિસ્તારમાં થોડાક દિવસ પૂર્વે જોવા મળ્યુ હતુ.અહી સ્થાનિક શિકારીઓએ લવચાલી રેંજનાં જંગલ વિસ્તારમાં



શિકાર પ્રવૃત્તિઓને વેગ આપવા ઠેરઠેર ટ્રેપ ગાળીયા ગોઠવી દીધા હતા.આ ટ્રેપ ગાળીયામાં દીપડો પણ ફસાયો હતો.અહી દીપડો ફસાયાની ઘટનામાં લવચાલી રેંજનાં આર.એફ.ઓ અર્ચના હિરે અને તેઓની વનકર્મીઓની ટીમ ઉંઘતી ઝડપાઈ હતી.રાજ્ય સરકાર દ્વારા છેવાડેનાં ડાંગ જિલ્લામાં વનસંપદા અને વન્ય જીવોનાં સંરક્ષણ અને સંવર્ધન માટે વર્ષ દહાડે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.પરંતુ વન વિભાગ દ્વારા વન્યજીવો માટેની ગ્રાન્ટ સાર્થક કરવાની જગ્યાએ કાગળ પર રાખતા વન્યજીવોનાં અસ્તિવ સામે ખતરો મંડાયો છે.

ડાંગ જિલ્લાના લવચાલી વન વિભાગ દ્વારા મોંડે મોંડે સ્થળ પર પોહચી દીપડાને ગાળીયામાંથી મુક્ત કર્યો હતો.અને બે ત્રણ દિવસ પછી આરોપીને પણ ઝડપી પાડ્યા છે.પરંતુ ઉત્તર વન વિભાગનાં લવચાલી રેંજનાં આર.એફ.ઓ અર્ચના હિરેની બેદરકારી કહો કે પછી લાપરવાહીનાં કારણે જ જંગલ વિસ્તારમાં ખુલ્લેઆમ શિકાર પ્રવૃત્તિ ફૂલી ફાલેલી જોવા મળી રહી છે.ડાંગ જિલ્લાનાં લવચાલી રેંજનાં આર.એફ.ઓ અર્ચનાબેન હિરે જંગલ વિસ્તારમાં વિઝીટ પણ ન લેતા અને સઘન પેટ્રોલિંગ પણ ન કરતા શિકાર સહિત વૃક્ષછેદન પ્રવુતિને વેગ મળ્યો છે.

ડાંગ જિલ્લાનાં ઉત્તર વનવિભાગમાં સમાવિષ્ટ લવચાલી રેંજનું જંગલ વિસ્તાર બેદરકાર અને લાપરવાહી ધરાવનાર આર.એફ.ઓ અર્ચનાબેન હિરેની નિષ્ફળ કામગીરીનાં કારણે દિન પ્રતિ દિન ખોખલુ બની રહ્યુ છે.જેથી રાજ્ય સરકાર આવા બેદરકાર કર્મી સામે તુરંત જ કડક પગલા ભરે તે જરૂરી બની ગયુ છે.નહીંતર આવનાર દિવસોમાં લવચાલી રેંજનાં જંગલ વિસ્તાર બોડા બંજર તથા તેમા રહેનાર વન્યજીવો નામશેષ થઈ જશે જેમાં બેમત નથી.

### જિલ્લા ચૂંટણી અધિકારીનાં અધ્યક્ષ સ્થાને

# જિલ્લાના વિવિધ વેપારી મંડળો સાથે મતદાર જાગૃતિ કેમ્પેઇન માટે mou કરવામાં આવ્યા

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ નુ મતદાન તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ યોજાનાર છે જે અંતર્ગત જિલ્લા ચુંટણી અધિકારીશ્રી ધ્વારા વિવિઘ માધ્યમો ધ્વારા મતદાનની ટકાવારી વધે તે હેતુસર ઘણા કાર્યક્રમો તથા નવતર પ્રયોગો કરવામાં આવી રહેલ છે જે અંતર્ગત આજરોજ લુણાવાડાના વિવિઘ વ્યવસાયો સાથે જોડાયેલ વેપારીઓ, મેડીકલ સ્ટોરના માલીકો તથા મોલ અને હોટેલના સંચાલકો સાથે બેઠકનુ આયોજન કરવામાં આવ્યું

મતદાર જાગૃતિ કાર્યક્રમમાં તમામ સંસ્થાઓની સહભાગીતા



આવશ્યક છે જે અનુસાર જુદા જુદા વ્યવસાયકારોને તેમની વ્યવસાયના સ્થળે સેલ્ફી પોઇન્ટ, બેનર, સ્ટીકર તથા સ્ટેમ્પીંગ સ્લોગન લગાવવા તથા પત્રિકાઓ પ્રદર્શિત કરવા અને મતદાનના દિવસે મત આપીને આવેલા મતદારોને ખાસ ડીસ્કાઉન્ટ તેમજ તેમનુ સન્માન કરવા જેવા કાર્યક્રમો આયોજીત કરવા ચર્ચા વિચારણા કરવામાં આવ્યું તથા લુણાવાડાના વેપારી એશોરીએશન સાથે મતદાર જાગૃતિમાં સહયોગ અર્થે સહમતી કરાર કરવામાં આવ્યા.

આ બેઠકમાં પ્રોબેશનલ આઈએએસ મહેંક જૈન, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એમ એસ મનાત ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુરમાં દેવપુરા પાટીયા પાસે જીવલેણ અકસ્માત : એકનું મોત

પાલનપુર | તા.13

પાલનપુરમાં દેવપુરા પાટીયા પાસે ઈકો ગાડી અને ટ્રેલર વચ્ચે જીવલેણ અકસ્માત સર્જાયો હતો અકસ્માતમાં ઈકો ગાડીમાં બેસેલા એક યુવાન નું મૃત્યુ થયું હતું દેવપુરા પાટીયા પાસે આવેલ ઓવર બ્રિજ પર ટ્રેલર અને ઈકો ગાડી વચ્ચે અકસ્માત સર્જાતા સ્થાનિક લોકો નાં ટોળા ધટના સ્થળે દોડી આવ્યા હતા અને પોલીસ ને જાણ કરતાં પોલીસ ધટના સ્થળે તાત્કાલિક પહોંચી આગળની કાર્યવાહી કરી હતી અને મુત્યુ પામેલા યુવાન ની લાસને તાત્કાલિક પી એમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# ચાણસ્માના દેલમાલ ગામે લીંબજા માતાજીનો વરઘોડો નીકળશે

નિતિન ઠાકર | ચાણસ્મા



શ્રી લિંબજા માતાજી દેલમાલ ગામમાં ચૈત્ર સુદ સાતમનો સમસ્ત જેઠી સમાજમાં ખૂબ જ મહત્વનો દિવસ છે. લિંબજા માતાજી જેઠી ચતુર્વેદી મોડ બ્રાહ્મણ સમાજના કુળદેવી છે. મા લિંબજાનુ મંદિર ખૂબ જ પ્રાચીન અને વિશાળ આજે પણ અડીખમ ઊભું છે. કારણ કે લિંબજા માતાજી ની કૃપા અને જેઠી સમાજની ખુમારી દર્શાવે છે. વાત કરીએ ચૈત્ર સુદ સાતમની તો આ દિવસ આવતાં જ સમસ્ત જેઠી સમાજમાં આનંદ જોવા મળે છે. આ તહેવારની રાહ પણ ખૂબ જ આતુરતાથી જોવા મળે છે. ચૈત્ર સુદ સાતમના આગલા દિવસે એટલે કે ચૈત્ર સુદ છઠ્ઠના દિવસે જેઠી સમાજના ભાઈઓ તથા બહેનો ભુજ, વડોદરા, દેત્રોલી, ઉદયપુર, કોટા વગેરે સ્થળોથી પગપાળા સંઘો લઈને દેવભૂમિ દેલમાલ ગામે આવે છે. એમનું સ્વાગત કરી માતાજીના મંદિરે ધજા ચડાવવામાં આવે છે. ત્યારબાદ સાતમની વહેલી સવારે માતાજીના મંદિરે દર્શનાર્થે ઉમટી પડે છે. અને સવારે ૯:૦૦ કલાકે થી માતાજીના રથને એક અલગથી પરંપરિક રીતે તૈયાર કરવામાં આવે છે. ત્યારબાદ૧૨:૦૦ કલાકે જેઠી સમાજના બે બળદને તૈયાર કરવામાં આવે છે. બળદની ચેતના કંઈક અલગ જ હોય છે. ત્યાર પછી માતાજીના રથમાં બળદ જોડીને શ્રી પલ્લી માતાજીના મંદિરે જવા માટે પ્રયાણ કરે છે. ત્યાર પછી પલ્લી માતાજીના મંદિરે હવન આરતી કરીને રથ પરત થાય છે.

તેની એક વિશેષતા એ છે કે બળદને જોતર વિના રથમાં જોડાવામાં આવે છે. ત્યારબાદ હનુમાનજીના મંદિર પાસે બળદ છોડી દેવામાં આવે છે. ત્યાંથી જેઠી સમાજના ભાઈઓ હાથાબેલી ની સાંકળ બનાવી માતાજીના રથને પરત શ્રી લિંબજા માતાજીના મંદિરે લઈ આવવામાં આવે છે. આ દિવસે રથના દોડવા પરથી નવા વર્ષની શુકન જોવામાં આવે છે.તેવુ ગામના ત્રિભુવનદાસ જેઠી એ જણાવ્યું હતું.

### જાફરાબાદમાં પીવાના પાણીની સમસ્યા વિકટ બનતા આક્રોશ સાથે

# 100 મહિલાઓએ મામલતદાર તથા પાલિકા કચેરીએ આવેદનપત્ર આપ્યું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદના સામાકાંઠે આવેલ પીપળીકાંઠા વિસ્તારમાં અનેક સમસ્યાઓ વિકટ જેવીકે પીવાનાપાણીની સમસ્યા દિન-પ્રતિદિન વધતી જતી હોય આ સમસ્યાનો અંત લાવવા માટે મહિલાઓ દ્વારા મામલતદાર સાહેબ ને આવેદનપત્ર આપવામાં આવ્યું પીપળી કાંઠા ના સામાકાંઠા વિસ્તારમાં અનેક બાબતની સમસ્યાઓનો સામનો કરતી આમજનતા જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાંથી આક્રોશ સાથે ૧૦૦ મહિલાઓ દ્વારા આવેદનપત્ર અપાયું: સમસ્યા ન ઉકેલાયતો આંદોલન જાફરાબાદના પીપળી કાંઠા વિસ્તારમાં મોટાભાગે ખારવા સમાજની વસ્તી છે. અને મોટા ભાગના લોકો અહીં માછીમારીનુ વ્યવસાય કરે છે. એક તરફ અરબી સમુદ્ર ના પાણીનો અખાધ પ્રવાહ ધુઘવે છે. પરંતુ દરિયાનાં કાંઠે જ લોકો ને પીવાના પાણી માટે વલખાં મારી રહ્યા હોય તેવી પરિસ્થિતિ નિર્માણ થયું છે. આ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી લોકોને જીવનજરૂરીયાત પણી ૧૫થી૨૦



દિવસ સુધી મળતું નથી મળેતો માંડ અડધો કલાક આપે તે પણ સાવ ધીમું આવે છે. ચુંટણી નજીક છે. ત્યારે પણ લોકોની હાલત કફોડી છે. છતાં નેતાઓ પણ આ વિસ્તારમાં લોકોની સમસ્યાઓ ઉકેલવા માટે ડોકાતા નથી આથી રોષે ભરાયેલી આ વિસ્તારની ૧૦૦ જેટલી મહિલાઓ એ રેલી કાઢી હતી અને પાલિકા તથા મામલતદાર કચેરીએ આવેદનપત્ર આપવામાં આવ્યું અને સામાકાંઠા ની સમસ્યાઓ વિશે જણાવ્યું કે પીપળી કાંઠા વિસ્તારમાં ઠેકઠેકાણે ગંદકી દુર કરવા તથા સફાઈ વેરો વર્ષોથી સામાકાંઠા ની જનતા ભરી રહી હોવા છતાં સાફસફાઈ કરવામાં આવતી ન હોવા છતાં પણ પાલિકા વેરો વસુલાત કરવામાં આવી રહ્યો છે. સફાઈ માટે કામદારો મુકવા આવે તથા શહેરીજનો પરસેવો પાડીને નગરપાલિકા ને દરેક સ્તરે વેરો ભરવામાં આવતો હોવા છતાં સુવિધા ઝીરો શહેરીજનો પાલિકાની નિષ્ક્રિયતાથી ત્રાહિમામ સામાકાંઠા ના શહેરીજનો પાલિકાના વિવિધ કરવેરા ભરતા હોવા છતાં પણ પીપળી કાંઠા વિસ્તાર સાથે અન્યાય કેમ ઠેકઠેકાણે ઉકળડાઓ જોવા મળી રહ્યા છે. સ્વચ્છતા હી સેવા માત્રને માત્ર કાગળ ઉપર ચાલતું હોવાનો શહેરીજનો કરે છે. આક્ષેપ એક બાજુ સરકાર સ્વચ્છતા હી સેવા અભિયાનની મહિમો ચલાવે છે. તેવા સમયે પાલિકા ની ઉલ્ટી ગંગા સફાઈ વેરો પણ સમયસર ભરવા છતાં ઓર માયુ વર્તન ઠેકઠેકાણે ગંદકી ના ગંજ હોય પણ લોકોની શુંકાકારીની કોઈ ચિંતા નથી સામાકાંઠા વિસ્તારમાં ગંદકીના ઢગલા ખડકાયા છે.

# ગ્રામ પંચાયત દિવડા ખાતે ચુનાવ પાઠશાળાનું આયોજન કરવામાં આવ્યું

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી નેહા કુમારીનાં અધ્યક્ષતામાં ૧૨૩-વિધાનસભા મતદાન વિભાગના મતદાન મથક નંબર-૭૦ દીવડા-૨ માં ગત લોકસભા ચૂંટણીમાં ૫૦%થી ઓછું મતદાન થયેલ હોવાથી ગ્રામ પંચાયત દિવડા ખાતે 'મતદાર જાગૃતિ અભિયાન' કાર્યક્રમ અંતર્ગત ચુનાવ પાઠશાળા નું આયોજન કરવામાં આવ્યું.



આ પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી નેહા કુમારી એ જણાવ્યું હતું કે, વધુને વધુ લોકો આ અવસરમાં જોડાઈને પોતે તો મત કરે પણ આજુ બાજુના લોકોને પણ મતદાનના દિવસે મતદાન કરવા જોડે લઈ ને આવે અને યુવા મતદારો પણ ઉત્સાહ સાથે જોડાય.તેમણે નાગરિકોને અચૂક મતદાન કરી લોકશાહીના આ પર્વને ગર્વભેર ઉજવવા અપીલ કરી હતી તથા BLO, સ્થાનિક આગેવાનો , આશા વર્કરો, તલાટી કમ મંત્રી, મભયો સંચાલકોએ ડોર ટુ ડોર મતદાર જાગૃતિ માટે પ્રચાર/ પ્રસાર કરવા અંગે સમજૂત કર્યા. આ સાથે લોકશાહીના મહત્ત્વને સમજી મતદાન કરવા માટે પ્રેરિત કરવા સંબંધે શપથ લેવડાવી લોકોને જાગૃત કર્યા.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી , નિવાસી અધિક કલેકટરશ્રી , પ્રાંત અધિકારીશ્રી સંતરામપુર, મામલતદાર કડાણા, તાલુકા વિકાસ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસાણામાં " ગોરાણી રસોઇ શો " નું આયોજન કરાયું

નિતીન ઠાકર | ચાણસ્મા

**શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ મહેસાણા અને મહેસાણા જિલ્લા બ્રહ્મ સમાજ મહિલા પાંખના સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમ યોજાયો**

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્ય - કક્ષા) અને મહેસાણા મહિલા પાંખ દ્વારા મહેસાણા ખાતે ૨૩/૪/૨૦૨૪ ના રોજ સર્વે બ્રહ્મસમાજ ની મહિલા એ 'ગોરાણી રસોઈ શો' સ્પર્ધા માં ભાગ લે અને પોતાની રસોઈ કલા ને પ્રદર્શીત કરી રસોઈ ક્લા માં ઉત્કૃષ્ઠ સફળતા મેળવી વિશિષ્ઠ મહિલા તરીકે ની આગવી ઓળખ પ્રાપ્ત કરી શકે તેવા શુભ હેતુશર આયોજન કરવામાં આવ્યું છે ગોરાણી રસોઈ શો વાનગી હરીફાઈ સ્પર્ધા માં ભાગ લેવા ઈચ્છતી સમસ્ત બ્રહ્મસમાજ બહેનો એ ચાર્મી રાવલ, ઉષા વ્યાસ, કેતા વ્યાસ, હેમાગીની રાવલ, માલતી જાની આ મહિલા આયોજકો પાસે થી સ્પર્ધા અંગે ની માહિતી ની જાણકારી મેળવી સ્પર્ધા માં ભાગ લેવા માટે સ્પર્ધા ના આયોજક પાયલ દવે અને ભાવના ગોરે ગુજરાત બ્રહ્મ સમાજની સર્વે મહિલાઓને નિમંત્રણ પાઠવ્યું છે

# રાજુલા રેલવે ટ્રેન બાજુમાં થતાં સિંહોના અકસ્માત માટે તપાસ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જ્યાં સિંહો માટે રેલ્વે ટ્રેક ગોઝારો સાબિત થઈ રહ્યો છે. તે રાજુલા વિસ્તારના ટ્રેક પર ફેન્સિંગનાં રિપેરીંગ કામમાં અને ઝાંઝરડા રેસ્ક્યુ સેન્ટરની કમ્પાઉન્ડ વોલનાં કામમાં ભ્રષ્ટાચારના આક્ષેપો ઉઠતા દોડધામ મચી છે. પ્રિ. સીસીએફ સહિતના ફોરેસ્ટ ઓફિસરો સંભવતઃ આજે ગોઝારા રેલ ટ્રેકની મુલાકાતે ઊચ્ચ અધિકારીઓની મુલાકાત સમયે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપ અમરેલી જિલ્લાના પીપાવાવ, રાજુલા, સાવરકુંડલા, લીલીયા સુધીના રેલ્વે ટ્રેક પર સિંહોના કમોત થઈ રહ્યા છે. આ મુદ્દે હાઈકોર્ટે આકરી ટીકા કરી છે. હવે વન વિભાગના પ્રિસીસીએફ અને સીસીએફ સહિતના અધિકારીઓ સંભવતઃ આવતીકાલ- તા. ૧૧મીએ ગોઝારી ટ્રેકની મુલાકાત લે તેવી શક્યતાઓ છે. અફસરોની આ મુલાકાતના સમયે જ રેલ્વે ટ્રેક પર ચાલતા ફેન્સિંગના કામમાં ભ્રષ્ટાચાર અને કામ ચાલુ હોવા છતાં તેનું પૂરેપૂરૂ ચુકવણું થઈ ગયું હોવાના આક્ષેપો ઉઠતા વનતંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે.

# મમ્મીનું પારાવાર અપમાન કરવાની સજા ભગવાને મને આપી છે



ધ્રુવ સત્ય

- રુપાલી દવે

મમ્મી,તને ખબર છે કે સ્વપ્ન ને આંખો મીચીને જોવ છું ત્યારે આકાશ વિશાળ લાગે છે ને મને મારી જાત સાથે સંપૂર્ણ આનદ આવે છે.મને તો કાયમ આંખો મીંચેલી રહે એમાં જ આનદ આવે છે. સ્વપ્ન માં હું ઉડી શકું છું.આખો ખોલીને જોવ છું ત્યારે ખબર પડે છે કે મારું પથ્થર જીવન સવાર સાંજ મૃત્યુની ઘડી ની રાહ જુવે છે.જીવન તારા પર પડેલા ભાર રૂપ મને ઉઠાવી લે જેથી તું મારાથી મુક્ત થઈ શકે.દરેક માબાપ એવું ઈચ્છતા હોય છે કે કાશ પુત્ર જન્મ લે એમના ઘરે એ એમનો ઘડપણ નો સહારો હોય છે. માબાપ માટે પુત્ર કે પુત્રી વચ્ચે કોઈ ભેદભાવ નથી હોતો,એના માટે તો બન્ને એના જ શરીર નાં અંગ હોય છે.પરંતુ દીકરાને સાસરે મોકલવો નથી પડતો.પુત્ર માબાપ ને બે સહારા મૂકીને છોડી જતો રહે એ અલગ વાત છે.મમ્મી, તારા દીકરા ની બાબતમાં પણ ક્યાંક એવું જ તો છે.મારી બન્ને દીદી નો એક નો એક ભાઈ એમની બન્ને બહેનો અને માં નેં મદદ કરવા અસમર્થ છે.તમારી મદદ કરવાને બદલે તમારી પાસે સેવા કરાવી રહીયો છુંમમ્મી એ ધ્રુવ ના માથા પર હાથ ફેરવતા કહ્યું કે ઓહો!!! મારા દીકરા,કેમ આજે આટલો બધો દુઃખી છો? તું તો પરિવાર નો લાડલો છો.ભલે તું લાંબા સમય સુધી પથ્થર જેવી હાલત માં રહે એનો કોઈ વાંધો નહિ.ભૂલેચૂકે મરવાની વાત મુખ માથી બોલતો નહિ,દીકરા તને જોઈને તો અમે બધા જીવી રહ્યા છે.એ કાળમુખા દિવસે તું મૃત્યુ પામ્યો હોત તો અમે બધા જીવતા મડદા ની જેવા થઈ ગયા હોત.બેટા,મને મારા ભગવાન પર વિશ્વાસ છે કે એક દિવસ મારો ધ્રુવ પથારી માંથી ઉભો થઇ શકશે.

હેમાબેન એ ધ્રુવની સ્પંચ વગેરે વિધિ પૂરી કરીને ધ્રુવની મનપસંદ ફિલ્મ 'મુન્નાભાઈ એમબીબીએસ ' ચાલુ કરીને રૂમનો દરવાજો બંધ કરીને અન્ય કામ પર લાગી ગયા.ફિલ્મ તો ચાલુ હતી પરંતુ ધ્રુવ નું મન એ દિવસ ના ઘટનાક્રમ ના વમળમાં ફસાયું હતું. ૯માં ધોરણ ની પરીક્ષા માં ગણિતમાં ફેલ થયો ભયના લીધે આત્મહત્યા કરવાની કોશિશ કરી હતી.મારા મુખ નાં હાવભાવથી એ દિવસે દીદી ને ખબર પડી ગઈ હતી કે ક્યાંક કોઈ વાતથી દુખી છું.એટલે એ મારી પાછળ પાછળ દોડતી ઉપર આવીને રૂમનો દરવાજો જોર જોરથી ખખડાવવા લાગી,પરંતુ એ વખતે મારા ગળા નો ફાંસો એટલો મજબૂત હતો કે મે ઘણાબધા પ્રયત્નો કર્યા પણ છૂટતો નહતો. ચીસ પડવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ અવાજ તો સાવ ગાયબ થઈ ગયો હતો. આંખો માંથી ગંગા યમુના વહી રહી હતી. ત્યારે સતત એવા વિચાર આવતા હતા કે મારે મરવું નથી,મારે તો જીવવું છે...એજ સમયે દીદી દરવાજા નું લોક તોડીને દોડી ને મને છત પર થી નીચે ઊતર્યો ને જલદી હોસ્પિટલ માં દાખલ કરી દિધો.એ દિવસે જીવ તો બચી ગયો ,પરંતુ ૧૦વર્ષથી ગળાથી નીચેના પથ્થર બની ગયેલ શરીર સાથે જીવી રહ્યો છું. અત્યારે તો હું!!બાસ્કેટબોલ ચેમ્પિયન ધ્રુવ પોતાની જ નબળી ક્ષણમાં કરેલ ભૂલ ને કારણે હારી ગયો છે. બસ ભગવાન તને એક જ પ્રાર્થના કરું છું કે મે મારા કારણે ખૂબ સજા ભોગવી લીધી છે,ક્યાં તો મને ઉઠાવી લે અથવા પથ્થર બની ગયેલ શરીર માં શક્તિ નો સંચાર થાય.

ધ્રુવ ની સામે ચાલી રહેલી ફિલ્મ પણ કંટાળાજનક લાગી રહી હતી શું થાય માણસ એક જ સ્થિતિ માં કેટલા વર્ષ સુઈ શકે.મનમાં વિચારવા લાગ્યો કે જીવન નું મોટા માં મોટું સત્ય છે કે માણસ એની જીદગી માં કોઈપણ મુકામે પોતાના પ્રયત્નો થી જ પોહચી શકે છે.જ્યારે ૮માં આવ્યો ત્યારથી ગણિત,વિજ્ઞાન ના સ્પેશિયલ કોચિંગ હતા,રાત્રે મેઘાદીદી પણ રેવિઝન કરાવતી હતી તો પણ મને કશું સમજાતું નહતું.હકીકત માં મને ભણવા કરતા રમત માં રસ વધારે હતો.એટલે આટલા બધા કોચિંગ હતા તો પણ માંડ માડ પાસ થતો છેલ્લે તો ફેલ થયો. દીદી અને ટીચર એ શીખવાડી ને જાય પછી સમજવા પ્રયત્ન નહતો કરતો. મારા ભવિષ્ય પ્રત્યે બેજવાબદાર હતો.ઘરનો પ્રિન્સ એટલે રૂપિયા માંગો એટલા વાપરવા મળે.દાદી અને પપ્પા ના કારણે મમ્મી કે દીદી કશું મને બોલી નહતા શકતા. બસ આ પ્રેમ નો ગેરલાભ ઉઠાવીને મે ભણવા પ્રત્યે ઉદાસીન દેખાડી દીધી હતી. ઘણીવાર લાગે છે કે મમ્મી નું પારાવાર અપમાન કરવાની સજા ભગવાને આપી છે ,બિચારી એ વખતે મને કહિયા કરતી હતી કે 'બેટા,ભગવાને તને ખૂબ બુદ્ધિ આપી છે પ્રયત્ન કરી થોડી વાપરીશ તો તારુ ભવિષ્ય બનશે'

ધ્રુવ એ પોતાના જ આત્માને સમજાવતા બોલ્યો કે ધ્રુવ તને નથી લાગતું કે મમ્મી ના શબ્દો પ્રમાણે ડોક્ટર ની દવા અને કસરત સાથે ખુદ બુદ્ધિથી પ્રયત્નો કરીશ તો કદાચ આ વર્ષે તારામાં પથારી માંથી બેઠા થવાની હિંમત આવી જશે.

ધ્રુવ વિચાર માં મગ્ન હતો ત્યા એના ફિજીયો નિરાલી રૂમ માં પ્રવેશી,આમ તો નિરાલી એની બાળપણ ની ખાસ મિત્ર અને પ્રેમિકા પણ છે.નિરાલી ગયા વર્ષે ફીજીયો થેરાપી નું ભણી ને ડોક્ટર બની છે.પરંતુ આજે પણ એનો ધ્રુવ હદયમાં વસેલો છે.લગ્ન તો ધ્રુવ સાથે કરશે એવી જીદ પણ લીધી છે.રૂમમાં પ્રવેશતાં જ બોલી ધ્રુવ ક્યાં વિચારમાં પડ્યો છો? નીકળ બહાર નહિતર હું બીજા કોઈ ડોક્ટરને શોધી ભાગી જઈશ સમજ્યો...ધ્રુવ ચડાઈ ને બોલ્યો કે મારામાં તાકત નથી તને પકડવાની એટલે મોકો છે, તક છે તો ઝડપી લે નહિતર વર્ષ પછી ભાગવા નહિ મળે.નિરાલી હસતાં હસતાં બોલી કે વર્ષ પછી મારો દુલ્હો ઘોડી પર ચડવા થનગની રહ્યો છે એમને તો ચાલો પ્રયત્નો અત્યારથી શરૂ કરી દઈએ. નિરાલી ની વાત સાંભળી ને ધ્રુવ હસવા લાગ્યો ને બોલ્યો કે વાહ ભાઈ વાહ ૯માં ધોરણ માં હતા ત્યારે યાદ છે આપણે બન્ને ક્લાસ બંક કરી રિવરફ્રન્ટ ની પાળી ઉપર બેઠા હતા ત્યારે મે તને કિસ કરવા કેટલી મનાવવી હતી પરંતુ ત્યારે તો મારી બેટીથી કોઈ પ્રયત્નો જ નહતા થતાં... નિરાલી એ ધ્રુવ ના નિર્જીવ પડેલા શરીર ને આલિંગન આપી ને કહ્યું કે એ કિસ તો લગ્ન પછી મળશે,એ મેળવવા તારે પ્રયત્નો કરવા પડશે. ચલ ત્યારે થઈ જા તૈયાર મીણ ગરમ થાય એ પહેલા તારે ફ્રેશ થવું છે તો પહેલા બોલજે કેમકે અધવચ્ચે બોલીશ તો ના સાંભળવા મળશે.

ઓહો!!!નિરાલી દરરોજ શું એક જ વાત બોલ્યાં કરે છે,નથી ફ્રેશ થવું હવે તો દોડતા થવું છે તારી મેડિકલ માં કોઈ એવું સંશોધન નથી થયું કે જેના કારણે મારા જેવા મૂર્ખ અને ગધેડાઓ બેઠા થઈ શકે..ખબરદાર ધ્રુવ, મારો ભાવિ પતિ ગધેડો કે મૂર્ખ નથી,એતો આળસુ છે એને પથારી એવી ગમી ગઈ છે કે ક્યારેય ઊભા નથી થવું. માત્ર બધા સામે દયાનું પાત્ર બની પડ્યા રહેવુ છે.ધ્રુવ બોલ્યો કે તને એવું લાગે છે કે હું કોઈ પ્રયત્નો નથી કરતો, તું ગરમ ગરમ મીણ આખા શરીરે લગાવે છે તો તને કાઈ બોલુ છુ..નિરાલી એકદમ ભડકી ને બોલી,ધ્રુવ એ ગરમ મીણ ની ગરમી તને ક્યાં સ્પર્શે છે,એતો શરીર ના નિર્જીવ ભાગમાં લગાડું છું..નિરાલી મને એના કારણે બરડાના ભાગ એટલે પીઠ પાછળ નો ગળાથી નીચેનો ભાગમાં દર્દ થવા લાગે છે

નિરાલી ધ્રુવ ના વાક્યો સાંભળી ને ચોંકી ને પૂછ્યું 'ખરેખર ,સાચું તને દુખે છે' ધ્રુવ બોલ્યો કે દુઃખે એટલે શું? દુઃખે છે એટલે તો બોલુ છું.પરંતુ તું આટલી બધી ખુશ કેમ છો? નિરાલી બોલી કે ધ્રુવ તારી કરોડરજ્જુ માં શકિત નો સંચાર શરૂ થઇ ગયો હોય એવું લાગે છે.ધ્રુવ આ નિર્જીવ શરીરને માટે લાંબા સમય પછી ઉઠવું એ કઠિન છે.હું તો બનતાં બધા પ્રયત્નો કરીશ પરંતુ મહેનત એ તારે જ કરવી પડશે.આ કડવું ધ્રુવ સત્ય છે એટલું સમજી લેજે.

# ડૉ. બી આર આંબેડકર ટોચના ક્વોટ્સ

- મને તે ધર્મ ગમે છે, જે સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ શીખવે છે.
- જે ઈતિહાસ ભૂલી જાય છે, તેઓ ઈતિહાસ ક્યારેય રચી શકતા નથી.
- શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો.
- જો મને લાગે કે બંધારણનો દુરુપયોગ થઈ રહ્યો છે, તો હું તેને બાળી નાખનારો પ્રથમ બનીશ.
- મનની ખેતી એ માનવ અસ્તિત્વનું અંતિમ લક્ષ્ય હોવું જોઈએ.
- આપણે આપણા પોતાના પગ પર ઊભા રહેવું જોઈએ અને આપણા અધિકારો માટે શક્ય તેટલું શ્રેષ્ઠ લડવું જોઈએ. તેથી તમારું આંદોલન ચાલુ રાખો અને તમારા દળોને સંગઠિત કરો. સંઘર્ષ દ્વારા સત્તા અને પ્રતિષ્ઠા તમારી પાસે આવશે.
- હું સમુદાયની પ્રગતિને મહિલાઓએ હાંસલ કરેલી પ્રગતિની ડિગ્રીથી માપું છું.
- પુરુષો નશ્વર છે, વિચારો પણ છે. વિચારને પ્રચારની એટલી જ જરૂર હોય છે, જેટલી છોડને પાણી આપવાની જરૂર હોય છે. નહિંતર બંને સુકાઈ જશે અને મરી જશે.
- સામાજિક જુલમની તુલનામાં રાજકીય જુલમ કંઈ નથી અને સમાજનો વિરોધ કરનારા સુધારક સરકારનો વિરોધ કરનારા રાજકારણી કરતાં વધુ હિંમતવાન માણસ છે.
- એક મહાન માણસ પ્રતિષ્ઠિત વ્યક્તિથી અલગ છે, કે તે સમાજનો સેવક બનવા તૈયાર છે.
- જ્ઞાતિ એ ઈંટોની દીવાલ કે કાંટાળા તાર જેવી કોઈ ભૌતિક વસ્તુ નથી કે જે હિંદુઓને એકબીજા સાથે ભળતા અટકાવે અને તેને નીચે ખેંચી લે. જાતિ એક કલ્પના છે, તે મનની સ્થિતિ છે.
- બંધારણ ગમે તેટલું સારું હોય, જો તેનો અમલ કરનારાઓ સારા ન હોય તો તે ખરાબ સાબિત થશે. બંધારણ ગમે તેટલું ખરાબ હોય, જો તેનો અમલ કરનારાઓ સારા હશે તો તે સારું સાબિત થશે.




"ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરનું સ્વપ્ન હતું કે, ભારત જાતિમુક્ત બને, ઔદ્યોગિક રાષ્ટ્ર બને, કાયમ લોકશાહી રહે."

કાયદો અને વ્યવસ્થા એ શરીરની રાજનીતિની દવા છે અને જ્યારે રાજકીય શરીર બીમાર પડે ત્યારે દવા આપવી જ જોઈએ.

# 14TH APRIL AMBEDKAR JAYANTI

## જાણો મહાન રાષ્ટ્રના વિઝનરી બાબાસાહેબની જીવન સફર અને વિચારો

ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરનું સ્વપ્ન હતું કે, ભારત જાતિમુક્ત બને, ઔદ્યોગિક રાષ્ટ્ર બને, કાયમ લોકશાહી રહે. આંબેડકરને લોકો માત્ર એક દલિત નેતા તરીકે બાંધે છે, જ્યારે તેમણે બાળપણથી જ જાતિ પ્રથાનો ખુલ્લેઆમ વિરોધ કર્યો હતો. બાબાસાહેબે જાતિવાદથી મુક્ત આર્થિક રીતે મજબૂત ભારતનું સપનું જોયું હતું, પરંતુ દેશના ગંદા રાજકારણે તેમને સર્વ સમાજના નેતાને બદલે દલિત સમાજના નેતા તરીકે સ્થાપિત કર્યા છે. ડૉ. આંબેડકરનું બીજું સપનું પણ હતું કે, દલિતો શ્રીમંત બને. તેઓ હંમેશા માત્ર નોકરી શોધનારા જ નહીં પણ નોકરી આપનારા પણ હોવા જોઈએ. બાબા સાહેબ માનતા હતા કે, વર્ગવિહીન સમાજ બનાવતા પહેલા સમાજને જાતિવિહીન બનાવવો જોઈએ. આજે મહિલાઓના અધિકારો મેળવવા માટે બંધારણીય સુરક્ષા, કાયદાકીય જોગવાઈઓ અને સંસ્થાકીય પગલાંઓ આપણા માટે ઉપલબ્ધ છે, જેનો શ્રેય માત્ર એક જ વ્યક્તિને જાય છે, તે છે ડૉ. ભીમરાવ આંબેડકર. ભારતીય સંદર્ભમાં જ્યારે પણ સમાજમાં જાતિ, વર્ગ અને લિંગના સ્તરે પ્રવર્તતી અસમાનતાના મુદ્દાઓ અને તેના સુધારણાના મુદ્દાઓ પર ચિંતન થાય છે, ત્યારે ડૉ. આંબેડકરના વિચારો અને પરિપ્રેક્ષ્યને સમાવ્યા વિના વાત પૂર્ણ થઈ શકે નહીં. બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરની જન્મજયંતિ દર વર્ષે 14 મી એપ્રીલના રોજ ઉજવવામાં આવે છે.

## બાબાસહેબનો જન્મ-જીવન સફર

બાબાસાહેબ ભીમરાવ આંબેડકરનો જન્મ 14 એપ્રીલ, 1891ના રોજ મહુ, મધ્યપ્રદેશમાં એક ગરીબ પરિવારમાં થયો હતો. તેઓ ભીમરાવ રામજી માલોજી સકપાલ અને ભીમાબાઈના 14 મું સંતાન હતા. તેમનો પરિવાર મરાઠી હતો અને મહારાષ્ટ્રના રત્નાગિરી જિલ્લાના અંબાવડે શહેરનો રહેવાસી હતો. બાબાસાહેબ બાળપણનું નામ ભીમરાવ રામજી સકપાલ હતું. તેઓ હિંદુ મહાર જાતિના હતા, જેમને સંબંધિત સમયે અસ્પૃશ્ય માનવામાં આવતા છે. તેમની જાતિ સામાજિક અને આર્થિક રીતે ઊંડો ભેદભાવ ધરાવતા હતા. અસ્પૃશ્ય પરિવારમાં જન્મ લેવાને કારણે તેમણે બાળપણ મુશ્કેલીઓમાં વિતાવવું પડ્યું હતું. ભારતીય સંદર્ભમાં, આંબેડકર કદાચ પ્રથમ વિદ્વાન હતા. જેમણે જ્ઞાતિના બંધારણમાં મહિલાઓનું સ્થાન સમજવાનો પ્રયાસ કર્યો હતો. તેણીના સમગ્ર વિચાર-મંથન અભિગમનો સૌથી મહત્વનો ભાગ મહિલા સશક્તિકરણ હતો. આંબેડકર સમજતા હતા કે, માત્ર ઉપરથી ઉપદેશ આપવાથી મહિલાઓની સ્થિતિ સુધરશે નહીં, તેમના માટે કાયદાકીય વ્યવસ્થા બનાવવી પડશે. હિન્દુ કોડ બિલ એ મહિલા સશક્તિકરણની વાસ્તવિક શોધ છે. તેથી જ આંબેડકર હિંદુ કોડ બિલ લાવ્યા હતા. હિંદુ કોડ બિલ એ ભારતીય મહિલાઓ માટે તમામ દમનોની વિલીનીકરણની શરૂઆત હતી, પરંતુ અફસોસ, આ બિલ સંસદમાં પસાર થઈ શક્યું નહીં અને આ કારણોસર આંબેડકરે કાયદા પ્રધાન પદેથી રાજીનામું આપી દીધું હતું. ડૉ. ભીમરાવ આંબેડકરનું મહિલાઓની ચિંતાઓ પ્રત્યેનું સમર્પણ કોઈ જુસ્સાથી ઓછું ન હતું. ભારતીય ઈતિહાસમાં પહેલીવાર એવી ઘટના બની હતી કે, કોઈ કાયદા પ્રધાને રાજીનામુ આપ્યું હોય.

## ડૉ. આંબેડકરે પોતાનું કામ પૂરું કર્યા પછી પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે..

મને લાગે છે કે, ભારતનું બંધારણ પ્રાપ્ય, લવચીક છે, પરંતુ તે જ સમયે તે એટલું મજબૂત છે કે, તે દેશને શાંતિ અને યુદ્ધ બંનેમાં એકસાથે પકડી શકે. હું કહી શકું છું કે, જો બંધારણનો ઉપયોગ કરનારા લોકોની નિયત ખરાબ હશે, તો તેની બદ નિયતને કારણે બંધારણ ખરાબ કહેવાશે. આંબેડકરે 1952માં સ્વતંત્ર ઉમેદવાર તરીકે લોકસભાની ચૂંટણી લડી હતી, પરંતુ તેઓ હારી ગયા હતા. માર્ચ 1952 માં, તેઓ રાજ્યસભા માટે નામાંકિત થયા. તેઓ તેમના મૃત્યુ સુધી ઉપલા ગૃહના સભ્ય રહ્યા હતા. ડૉ. આંબેડકરે તેમના લાખો સમર્થકો સાથે નાગપુરમાં એક જાહેર સમારંભમાં 14 ઓક્ટોબર, 1956ના રોજ બૌદ્ધ સાધુ પાસેથી બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો. રાજકીય મુદ્દાઓથી પરેશાન, આંબેડકરની તબિયત સતત બગડતી રહી હતી. 6 ડિસેમ્બર, 1956ના રોજ ડૉ. આંબેડકરનું દિલ્હીમાં તેમના ઘરમાં ઊંઘમાં અવસાન થયું હતું. 7 ડિસેમ્બરના રોજ બોમ્બેમાં ચોપાટી બીચ પર બૌદ્ધ શૈલીમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જેમાં તેમના હજારો સમર્થકો, કાર્યકરો અને પ્રશંસકોએ હાજરી આપી હતી. બાબાસાહેબ ડૉ. આંબેડકરને 1990માં ભારત રત્ન એનાયત કરવામાં આવ્યો હતો. સરકારોની અવગણનાના કારણે બાબાસાહેબને ભારત રત્ન એવોર્ડ બહુ મોડો મળ્યો હતો. જેના તેઓ પ્રથમ સ્થાને હકદાર હતા. દિલ્હીમાં 26 અલીપોર રોડ ખાતે આંબેડકરના ઘરે એક સ્મારક બનાવવામાં આવ્યું છે, જ્યાં તેઓ સાંસદ તરીકે રહેતા હતા. સમગ્ર દેશમાં આંબેડકર જયંતિ પર જાહેર રજા મનાવવામાં આવે છે. તેમના માનમાં અનેક જાહેર સંસ્થાઓનું નામ તેમના નામ પર રાખવામાં આવ્યું છે. ભારતીય સંસદ ભવનમાં આંબેડકરની એક મોટી તસવીર લગાવવામાં આવી છે. દર વર્ષે 14 એપ્રીલ અને 6 ડિસેમ્બરના રોજ ઘણા લોકો તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે મુંબઈમાં તેમના સ્મારકની મુલાકાત લે છે.

## આંબેડકરનું શિક્ષણ

બાબાસાહેબ બાળપણથી જ બુદ્ધિશાળી અને અભ્યાસમાં સારા હતા. જોકે, તે સમયગાળા દરમિયાન અસ્પૃશ્યતા જેવી સમસ્યાઓના વ્યાપને કારણે, તેમના પ્રારંભિક શિક્ષણમાં ઘણી મુશ્કેલી હતી, પરંતુ તેમણે જ્ઞાતિની સાંકળો તોડીને પોતાનો અભ્યાસ પૂરો કર્યો હતો. મુંબઈના એલ્ફિન્સ્ટન રોડ પર આવેલી સરકારી શાળામાં તેઓ પ્રથમ અસ્પૃશ્ય વિદ્યાર્થી હતા. જે બાદમાં 1913માં આંબેડકરે અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાંથી આગળનું શિક્ષણ લીધું હતું. વર્ષ 1916 માં બાબાસાહેબને તેમના સંશોધન માટે સન્માનિત કરવામાં આવ્યા હતા, તે એક મહાન સિદ્ધિ હતી.

## બાબાસાહેબને ડૉક્ટરનું બિરુદ મળ્યું

લંડનમાં અભ્યાસ કરતી વખતે તેમની શિષ્યવૃત્તિ સમાપ્ત થયા બાદ, તેઓ ઘરે પાછા ફર્યા અને મુંબઈની સિડનમ કોલેજમાં પ્રોફેસર તરીકે કામ કરવાનું શરૂ કર્યું હતું. 1923 માં, તેમણે એક થીસીસ પૂર્ણ કરી, જેના માટે તેમને લંડન યુનિવર્સિટી દ્વારા ડૉક્ટર ઓફ સાયન્સની ડિગ્રી એનાયત કરવામાં આવી. બાદમાં વર્ષ 1927માં આંબેડકરે કોલંબિયા યુનિવર્સિટીમાંથી પીએચડી પણ પૂર્ણ કર્યું હતું.

## બાબાસાહેબ આંબેડકરની સિદ્ધિ

આંબેડકરના રાજકીય જીવનની વાત કરીએ તો તેમણે લેબર પાર્ટીની રચના કરી હતી. તેઓ બંધારણ સમિતિના અધ્યક્ષ હતા. આઝાદી બાદ, તેઓ કાયદા પ્રધાન તરીકે નિયુક્ત થયા હતા. જે બાદમાં બોમ્બે નોર્થ સીટ પરથી દેશની પ્રથમ સામાન્ય ચૂંટણી લડી, પરંતુ હારનો સામનો કરવો પડ્યો હતો. બાબાસાહેબ બે વખત રાજ્યસભામાંથી સાંસદ તરીકે ચૂંટાયા હતા. આવા સમયે, 6 ડિસેમ્બર, 1956 ના રોજ ડૉ. ભીમરાવ આંબેડકરનું અવસાન થયું હતું. તેમના મૃત્યુ બાદ વર્ષ 1990માં બાબાસાહેબને ભારતના સર્વોચ્ચ સન્માન, ભારત રત્નથી નવાજવામાં આવ્યા હતા.

## સામાજિક અસમાનતા સામે લડ્યા બાબાસાહેબ

તેમનું માનવું હતું કે, જો આપણે છોકરાઓની સાથે છોકરીઓના શિક્ષણ પર ધ્યાન આપવાનું શરૂ કરીએ તો આપણે પ્રગતિ કરી શકીશું. શિક્ષણ પર કોઈ એક વર્ગનો અધિકાર નથી. સમાજના દરેક વર્ગને શિક્ષણનો સમાન અધિકાર છે. પુરૂષ શિક્ષણ કરતાં સ્ત્રી શિક્ષણ વધુ મહત્વનું છે. સ્ત્રી એ સમગ્ર કુટુંબ વ્યવસ્થાની ધરી હોવાથી એ વાતને નકારી શકાય તેમ નથી. આંબેડકરનું પ્રખ્યાત સૂત્ર 'શિક્ષિત કરો' થી શરૂ થાય છે. આ મૂળ મંત્રને અનુસરીને આજે ઘણી સ્ત્રીઓ શિક્ષિત થઈને આત્મનિર્ભર બની રહી છે. બાબાસાહેબ આંબેડકર કુલ 64 વિષયોમાં માસ્ટર હતા. તેઓ હિન્દી, પાલી, સંસ્કૃત, અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન, મરાઠી, ફારસી અને ગુજરાતી એમ 9 ભાષાઓમાં સારી રીતે જાણકાર હતા. આ સિવાય તેમણે લગભગ 21 વર્ષ સુધી વિશ્વના તમામ ધર્મોનો તુલનાત્મક અભ્યાસ કર્યો હતો. ડૉ. આંબેડકર એકમાત્ર ભારતીય છે, જેમની પ્રતિમા લંડનના મ્યુઝિયમમાં કાર્લ માર્ક્સ સાથે સ્થાપિત કરવામાં આવી છે. આટલું જ નહીં, તેમને દેશ-વિદેશમાં અનેક પ્રતિષ્ઠિત સન્માનો પણ મળ્યા છે. ભીમરાવ આંબેડકર પાસે કુલ 32 ડિગ્રી હતી. તે વિશ્વની સૌથી મોટી ખાનગી પુસ્તકાલય હતી. 15 ઓગસ્ટ, 1947ના રોજ ભારતની આઝાદી પછી જ્યારે કોંગ્રેસની આગેવાની હેઠળની નવી સરકારની રચના કરવામાં આવી ત્યારે ડૉ. આંબેડકરને દેશના પ્રથમ કાયદા મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. 29 ઓગસ્ટ, 1947ના રોજ સ્વતંત્ર ભારતનું નવું બંધારણ તૈયાર કરવા માટે ડૉ. આંબેડકરની બંધારણ મુસદ્દા સમિતિના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. 26 નવેમ્બર, 1949 ના રોજ, બંધારણ સભાએ તેમના નેતૃત્વ હેઠળ બનેલા બંધારણને અપનાવ્યું હતું.

## ભીમરાવ આંબેડકરનું જીવનચરિત્ર

ડૉ. ભીમરાવ આંબેડકરનો જન્મ 14 એપ્રીલ, 1891ના રોજ મધ્ય પ્રદેશના એક નાનકડા ગામ મહુમાં થયો હતો. જોકે તેમનો પરિવાર મૂળ રત્નાગીરી જિલ્લાનો હતો. આંબેડકરના પિતાનું નામ રામજી માલોજી સકપાલ હતું, જ્યારે તેમની માતાનું નામ ભીમાબાઈ હતું. ડૉ. આંબેડકર મહાર જાતિના હતા. આવી સ્થિતિમાં તેમને બાળપણથી જ ભેદભાવનો સામનો કરવો પડ્યો હતો.

## બાબાસાહેબ આંબેડકરની કારકિર્દી

બાબાસાહેબે તેમના જીવનમાં જાતિ અને અસમાનતાનો સામનો કર્યો હતો. આ જ કારણ છે કે, તેઓ દલિત સમુદાય માટે સમાન અધિકારો માટે કામ કરતા રહ્યા હતા. આંબેડકરે બ્રિટિશ સરકાર પાસે અલગ મતદાર મંડળની માંગણી કરી હતી, જેને મંજૂર પણ કરવામાં આવી હતી, પરંતુ જ્યારે ગાંધીજી વિરોધમાં ભૂખ હડતાળ પર ઉતર્યા ત્યારે આંબેડકરે તેમની માગ પાછી ખેંચી લીધી હતી.



## ડૉ. બાબાસાહેબ આંબેડકર વિશે સંપૂર્ણ માહિતી

| | |
|---|---|
| નામ \| | ડૉ. ભીમરાવ રામજી આંબેડકર |
| જન્મદિવસ \| | 14 એપ્રિલ 1891 ( આંબેડકર જયંતિ ) |
| જન્મસ્થળ \| | મહુ, ઈન્દોર મધ્યપ્રદેશ |
| પિતાનું નામ \| | રામજી માલોજી સકપાલ |
| માતાનું નામ \| | ભીમાબાઇ મુબારડકર |
| પત્નીનું નામ \| | પ્રથમ પત્ની: રમાબાઈ આંબેડકર (1906.1935) |
| બીજી પત્ની \| | સવિતા આંબેડકર (1948.1956) |
| ટીમ \| | સમતા સૈનિક દળ, સ્વતંત્ર મજૂર પક્ષ, અનુસૂચિત જાતિ સંઘ |
| વિચારધારા \| | સમાનતા |
| શિક્ષણ \| | એલ્ફિન્સ્ટન હાઇસ્કૂલ, બોમ્બે યુનિ., 1915 M.A., 1916માં કોલંબિયા યુનિવર્સિટીમાંથી (અર્થશાસ્ત્ર) ,1921માં PHD, 1923માં માસ્ટર ઓફ સાયન્સ, ડોક્ટર ઓફ સાયન્સ |
| પ્રકાશન \| | અસ્પૃશ્યતા અને અસ્પૃશ્યતા પર નિબંધ, જાતિ કા વિનાશ (જાતિનો નાશ) વિજા ચી પ્રતિક્ષા (વિજાની રાહ જોવી) |
| મૃત્યુ \| | 6 ડિસેમ્બર 1956 (મહાપરિનિર્વાણ દિવસ ) |





# એક્ટ્રેસને ડેટ કરવા અંગે બોલ્યો કાર્તિક

## કહ્યું, 'એક સમયે બે એક્ટ્રેસને ડેટ કર્યું, આજે બેસ્ટ ફ્રેન્ડ છે; મને આનો ખુબ જ અફસોસ છે'...

(એજન્સી) મુંબઇ | કાર્તિક આર્યને હાલમાં જ એક ઈન્ટરવ્યૂ દરમિયાન તેની લવ લાઈફ વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે તે એક સમયે બે એક્ટ્રેસોને ડેટ કરતો હતો, જે આજે બેસ્ટ ફ્રેન્ડ્સ છે. તેઓ આનાથી શરમ પણ અનુભવે છે. જોકે તેમણે કોઈનું નામ લીધું ન હતું.

હકીકતમાં નેહા ધૂપિયાના ચેટ શો 'નો ફિલ્ટર વિથ નેહા'માં કાર્તિકને પૂછવામાં આવ્યું કે શું તેને બે મિત્રોને સાથે ડેટ કરવામાં શરમ આવે છે.



આ સવાલ સાંભળીને તે થોડીવાર ચૂપ રહ્યો, પછી તેમણે કહ્યું- મેં ક્યારેય બે છોકરીઓને એકસાથે ડેટ કરી નથી, પણ હા, પછી બંને ખૂબ સારા મિત્રો બની ગયા. કાર્તિકે વધુમાં કહ્યું કે આ હોવા છતાં તે આ માટે પોતાને દોષિત માને છે. કાર્તિકના આ નિવેદન પરથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે તેણે સારા અલી ખાન અને જાહન્વી કપૂર વિશે વાત કરી છે.

રિપોર્ટ્સ અનુસાર, કાર્તિકનું નામ પહેલાં સારા અલી ખાન અને પછી જાહન્વી કપૂર સાથે જોડાયું હતું.

કાર્તિકે સારાને ડેટ કરી હતી જ્યારે તે 'લવ આજ કલ 2'નું શૂટિંગ કરી રહ્યો હતો. આ પછી સમાચાર આવ્યા કે તેમણે ફિલ્મ 'દોસ્તાના 2' ના શૂટિંગ દરમિયાન જાહન્વી કપૂરને ડેટ કરવાનું શરૂ કર્યું.

'કોફી વિથ કરન સીઝન 7'માં સારા અલી ખાન અને જાહન્વી ગેસ્ટ તરીકે આવ્યા હતા. અહીં બંનેએ કહ્યું કે તેઓ બેસ્ટ ફ્રેન્ડ છે. આના પર કરને બંનેને સવાલ કર્યો હતો કે સારાનો એક્સ જાહન્વીનો એક્સ કેમ છે? આના પર સારાએ કહ્યું હતું કે તે બધાની એક્સ છે.

કાર્તિકના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે છેલ્લે 'સત્યપ્રેમ કી કથા' ફિલ્મમાં જોવા મળ્યો હતો. આગામી દિવસોમાં તે 'ચંદુ ચેમ્પિયન'માં જોવા મળશે. તો 'ભુલ ભુલૈયા 3' પણ છે.

**પ્રસિદ્ધ ભારતીય અભિનેતા મહેશ બાબુએ તાજેતરમાં જ પોતાના વ્યસ્ત શેડ્યૂલમાંથી વિરામ લઈને સ્વિટ્ઝલૈંન્ડમાં આનંદદાયક કુટુંબ વેકેશન પર જવા નીકળ્યા છે. આનંદ અને આરામની ક્ષણો શેર કરીને, મહેશે તેના ચાહકોને તેના Instagram એકાઉન્ટ દ્વારા તેમની યાદગાર સફરની ઝલક બતાવી.**

# મહેશ બાબુની ફેમીલિ યુરોપ ટ્રીપ...

(એજન્સી) મુંબઇ | મનમોહક સ્નેપશોટની શ્રેણીમાં, મહેશ બાબુએ તેમના યુરોપિયન એસ્કેપેડમાં એક ઝલક પૂરી પાડી. તેમની પત્ની નમ્રતા શિરોડકર, તેમના બાળકો સિતારા અને ગૌતમ અને તેમની ભાભી શિલ્પા શિરોડકરના પરિવાર સાથે, મહેશે તેમના મનોહર વેકેશનની નિખાલસ ક્ષણો શેર કરી. 'યુરોપ 2024' કેપ્શન સાથે, અભિનેતાએ સ્વિટ્ઝલૈંન્ડના આકર્ષક લેન્ડસ્કેપ્સની વચ્ચે તેમના કૌટુંબિક સમયની સુંદરતા અને હૂંફ શેર કરી.



ફોટા મહેશ બાબુ દ્વારા તેમના પ્રિયજનો સાથે શેર કરેલી હૃદયસ્પર્શી ક્ષણો દર્શાવે છે. તેમની પુત્રી સિતારાને નજીક રાખવાથી, તેમના વહેતા વાળથી તેમના ચહેરાઓ અસ્પષ્ટ થઈ ગયા, સિતારા અને પુત્ર ગૌતમ સાથેના આનંદકારક ઉદાહરણો કેપ્ચર કરવા સુધી, મહેશે ખુશી અને સંતોષ ફેલાવ્યો. સિતારા, પણ, પરિવાર સાથે બોટ રાઈડનો આનંદ માણતી જોવા મળી હતી, તેમના સાહસની દરેક ક્ષણને વળગી રહી હતી.

કૌટુંબિક બંધન ઉપરાંત, વેકેશન રોમાંચક પ્રવૃત્તિઓ અને શોધખોળથી ભરેલું હતું.

મહેશ બાબુએ બરફથી ઢંકાયેલી શેરીઓની તસવીરો શેર કરી, જેમાં યુરોપિયન શિયાળુ આકર્ષણનો સાર કબજે કર્યો. મનપસંદ સ્થળોની શોધખોળથી માંડીને આરામથી સહેલનો આનંદ માણવા સુધી, બાબુ પરિવારે તેમના યુરોપિયન ગેટવેનો સૌથી વધુ ઉપયોગ કર્યો. નોંધપાત્ર રીતે, સિતારાએ પ્રખ્યાત F1 ડ્રાઈવર કાર્લોસ સેંઝ સાથે લીધેલી રમતિયાળ સેલ્ફી પણ શેર કરી, તેમની વેકેશનની યાદોમાં ઉત્સાહનો સ્પર્શ ઉમેર્યો. કૌટુંબિક સમયનો આનંદ માણતી વખતે, મહેશ બાબુની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાઓ નોંધપાત્ર રહે છે. ત્રિવિક્રમ શ્રીનિવાસ દ્વારા દિગ્દર્શિત તેમનું નવીનતમ સિનેમેટિક સાહસ, 'ગુંટુર કરમ', તેની થિયેટર રિલીઝ દરમિયાન ધ્યાન ખેંચ્યું હતું અને હવે તે Netflix પર ઉપલબ્ધ છે.

અન્ય રિલીઝની હરીફાઈનો સામનો કરવા છતાં, આ ફિલ્મે અદભૂત કલાકારોને ગૌરવ અપાવ્યું અને દિગ્દર્શક અને અભિનેતા વચ્ચેના ત્રીજા સહયોગને ચિહ્નિત કર્યો.આગળ જોઈ રહ્યા છીએ, મહેશ બાબુ તેમના બ્લોકબસ્ટર 'RRR' માટે જાણીતા ડિરેક્ટર એસએસ રાજામૌલી સાથે મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે તૈયારી કરી રહ્યા છે. સુપ્રસિદ્ધ 'ઈન્ડિયાના જોન્સ' પાસેથી પ્રેરણા લઈને આગામી સાહસ એક્શન-એડવેન્ચર સ્પેક્ટેકલ બનવાનું વચન આપે છે. સ્ક્રિપ્ટ ફાઈનલ અને પ્રી-પ્રોડક્શન ચાલુ હોવાથી, વખાણાયેલા દિગ્દર્શક સાથે મહેશના સહયોગની અપેક્ષા વધી રહી છે.

# કરણ જોહરે ઐશ્વર્યા રાય અને રણબીર કપૂર અભિનીત ADHMમાંથી ક્લિપ શેર કરી...

(એજન્સી) મુંબઇ | બોલિવૂડના જાણીતા ફિલ્મ નિર્માતા કરણ જોહરે તાજેતરમાં જ ઐશ્વર્યા રાય બચ્ચનની કાલાતીત સુંદરતા અને પ્રતિભાની પ્રશંસા કરવા માટે તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લીધો હતો. નોસ્ટાલ્જિક હાવભાવમાં, તેણે તેની ફિલ્મ 'એ દિલ હૈ મુશ્કિલ' માંથી એક વિડિયો સ્નિપેટ શેર કર્યો, જ્યાં ઐશ્વર્યા એક કવયિત્રીના તેના આકર્ષક ચિત્રણથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરે છે. શેર કરેલ દ્રશ્ય ઐશ્વર્યાના પાત્ર અને રણબીર કપૂરના પાત્ર વચ્ચેના સંવાદની આપ-લે કેપ્ચર કરે છે, જે કથામાં વણાયેલી કરુણ ક્ષણોને પ્રતિબિંબિત કરે છે. શેર કરેલી ક્લિપમાં, રણબીર કપૂરનું પાત્ર વિમાનની મુસાફરી દરમિયાન ઐશ્વર્યાના પાત્ર સાથે વાતચીતમાં જોડાવવાની ઈચ્છા વ્યક્ત કરે છે. ઐશ્વર્યા, એક કવયિત્રીની ભૂમિકા નિભાવીને, છટાદાર જવાબ આપે છે, 'ગુફ્તગુ બેઝાર લોગો કી આદત હૈ, જો આંખેં કહે દેતી હૈ, ઉનકે આગે લફ્ઝો કા દરજા ક્યા,' જેનો અનુવાદ થાય છે 'વાતચીત એ થાકેલા આત્માઓની આદત છે; તે આંખો જે વ્યક્ત કરી શકે છે, શબ્દો તેમની આગળ શું સ્થિતિ ધરાવે છે?'



વિડિયોની સાથે, કરણ જોહરે ઐશ્વર્યાની અપ્રતિમ સુંદરતા અને તેની આંખોની ઊંડાઈ પર ભાર મૂકતા હૃદયસ્પર્શી કેપ્શન લખી છે. તેમણે શબ્દો સાથે તેમની પ્રશંસા વ્યક્ત કરી, 'તેણીની સુંદરતા, તેણીની આંખો અને તેણીએ @ aishwaryaraiibachchan.arb ★aedilhaimushkil ★ranbirkapoor.' તેના વ્યાવસાયિક પ્રયાસો પર આગળ વધતા, કરણ જોહરે આનંદ તિવારી દ્વારા દિગ્દર્શિત અને વિકી કૌશલ, તૃપ્તિ ડિમરી, એમી વિર્ક અને નેહા ધૂપિયા અભિનીત તેની આગામી ફિલ્મ 'બેડ ન્યૂઝ'ની ઝલક પણ શેર કરી.

### કુંડળી જોઈને એક પ્રોડ્યુસરે વિદ્યાને અનલકી કહી હતી...

# મોહનલાલ સ્ટારર ફિલ્મ રિલીઝ ન થઈ ત્યારે અનેક ફિલ્મમાંથી એક્ટ્રેસને રિપ્લેસ કરવામાં આવી

(એજન્સી) મુંબઇ | એક્ટ્રેસ વિદ્યા બાલનની આગામી ફિલ્મ 'દો ઔર દો પ્યાર હૈ' છે. આ ફિલ્મમાં તે પ્રતીક ગાંધીની સાથે જોવા મળશે. આ ફિલ્મના પ્રમોશન દરમિયાન આપેલા એક ઈન્ટરવ્યૂમાં વિદ્યાએ તેના શરૂઆતના દિવસોના સંઘર્ષ વિશે વાત કરી હતી.

એક્ટ્રેસે કહ્યું કે એક સમય એવો હતો જ્યારે લગભગ એક ડઝન ફિલ્મોમાંથી તેને અનલકી કહીને રિજેક્ટ કરવામાં આવી હતી. એક્સપ્રેસો સાથે વાત કરતાં વિદ્યાએ કહ્યું, 'હું ત્રણ વર્ષ સુધી આ તબક્કામાંથી પસાર થઈ છું. રિજેક્શનની તે ફીલિંગ ખૂબ જ મજબૂત હતી. દરરોજ રાત્રે હું વિચારતી હતી કે હું હવે સહન કરી શકીશ નહીં, જો કે, બીજા દિવસે ફરીથી સંઘર્ષ કરવાનું શરૂ કરી દેતી હતી.

'જ્યારે કેટલીક ફિલ્મો રિલીઝ ન થઈ શકી, ત્યારે લોકોએ તેમને કમનસીબ ગણાવી હતી' વિદ્યાએ વધુમાં કહ્યું, 'મને કેવા પ્રકારના રોલ જોઈતા હતા તે ભૂલી જાવ. મોહનલાલ સાથે એક ફિલ્મ ટળી બાદમાં ઘણી બધી ફિલ્મો ટળી રહી હતી. તે પછી લોકો મને અનલકી કહેવા લાગ્યા જે હાર્ટબ્રેકિંગ હતું. આ કારણે મારી સાથે ફિલ્મો સાઈન કરનાર ઘણા નિર્માતાઓએ પણ મને રિપ્લેસ કરવાનું શરૂ કરી દીધું હતું. એક્ટ્રેસે વધુમાં જણાવ્યું કે, જ્યારે તે એક તમિળ ફિલ્મનું શૂટિંગ કરી રહી હતી ત્યારે તેના નિર્માતાએ તેને મળવાની પણ ના પાડી દીધી હતી. થોડા દિવસો પછી ખબર પડી કે તેને ફિલ્મમાંથી રિપ્લેસ કરવામાં આવી છે.પ્રોડ્યુસરેએ કહ્યું કે તેણે વિદ્યાની કુંડળી વાંચી છે અને તે કમનસીબ છે.

# રામ ચરણને વેલ્સ યુનિવર્સિટી, ચેન્નાઈ તરફથી માનદ ડોક્ટરેટની પદવી મળશે...

(એજન્સી) મુંબઇ | રામ ચરણ, ભારતીય ફિલ્મ ઉદ્યોગના પ્રખ્યાત અભિનેતા, ચેન્નાઈની વેલ્સ યુનિવર્સિટી તરફથી આદરણીય સન્માન પ્રાપ્ત કરવા માટે તૈયાર છે. આ માન્યતા તેમની ટોપીમાં વધુ એક પીછા ઉમેરે છે, જે તેમને નાણા મંત્રી નિર્મલા સીતારમણ અને જાણીતા દિગ્દર્શક શંકર જેવા દિગ્ગજો સાથે સંરેખિત કરે છે.

રામ ચરણે 2007માં રિલીઝ થયેલી 'ચિરુથા' સાથે તેમની સિનેમેટિક સફરની શરૂઆત કરી હતી. ત્યારથી, તેમની પરાક્રમ અને વૈવિધ્યતાને વ્યાપકપણે સ્વીકારવામાં આવી છે, અને તેમને વિવિધ એવોર્ડ પ્લેટફોર્મ પર પ્રશંસા મળી છે. નોંધનીય છે કે, તેમને નંદી પુરસ્કારો, ફિલ્મફેર ટ્રોફી, દક્ષિણ ભારતીય આંતરરાષ્ટ્રીય મૂવી પુરસ્કારો વગેરેથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમની અસાધારણ પ્રતિભાએ વૈશ્વિક મંચ પર પણ ધ્યાન ખેંચ્યું છે, જે બ્લોકબસ્ટર 'RRR'માં તેમના અભિનય માટે શ્રેષ્ઠ અભિનેતાની શ્રેણીમાં ક્રિટિક્સ ચોઈસ એવોર્ડ માટેના તેમના નામાંકનમાં પ્રતિબિંબિત થાય છે.વેલ્સ યુનિવર્સિટી, જે વિવિધ ડોમેન્સમાં શ્રેષ્ઠતાને સ્વીકારવા માટે જાણીતી છે, તેણે રામ ચરણને મનોરંજન ઉદ્યોગ અને ઉદ્યોગસાહસિકતામાં તેમના નોંધપાત્ર યોગદાન બદલ સન્માન કરવાનું પસંદ કર્યું છે. આ માન્યતા ભારતીય સિનેમા અને તેનાથી આગળની તેમની બહુપક્ષીય અસરને રેખાંકિત કરે છે.

જેમાં ISROના ડૉ. પી. વીરમુથુવેલ, ત્રિવિટ્રોન હેલ્થકેરના ડૉ. GSK વેલુ અને પદ્મશ્રી પ્રાપ્તકર્તા, ટેબલ ટેનિસ ખેલાડી અચંતા શરથ કમલ જેવા દિગ્ગજોનો સમાવેશ થાય છે.

ચાહકો તેના ભાવિ પ્રયાસોની આતુરતાથી અપેક્ષા રાખતા હોવાથી, રામ ચરણ 'ગેમ ચેન્જર'ની રજૂઆત માટે તૈયારી કરી રહ્યા છે, જે એક એવી ફિલ્મ છે જે તેના આકર્ષક વર્ણન સાથે પ્રેક્ષકોને મોહિત કરવાનું વચન આપે છે. કિયારા અડવાણીની સહ-અભિનેતા, આ પ્રોજેક્ટ સિનેમેટિક લેન્ડસ્કેપમાં તરંગો બનાવવા માટે તૈયાર છે.

વધુમાં, રામ ચરણની બહુમુખી પ્રતિભા ઝળકે છે કારણ કે તે વિવિધ સિનેમેટિક સાહસો શરૂ કરે છે. આગામી ★RC16 ફિલ્મમાં જાન્હવી કપૂર સાથેનો તેમનો સહયોગ અને બુચી બાબુ સના દ્વારા સંચાલિત બહુભાષી પ્રોજેક્ટ નવી ક્ષિતિજોને શોધવાની તેમની પ્રતિબદ્ધતાનો પુરાવો છે.




# શાહિદ કપૂરે અજય દેવગણના મેદાનના વખાણ કર્યા : કહ્યું સારી ફિલ્મો જોવા લાયક છે...

(એજન્સી) મુંબઇ | બોલિવૂડના હાર્ટથ્રોબ શાહિદ કપૂરે અજય દેવગનની આગામી ફિલ્મ, મેદાન માટે તેની પ્રશંસા વ્યક્ત કરવા માટે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર લીધો. અભિનેતા સેલિબ્રિટીઝની લીગમાં જોડાયો કે જેઓ મૂવીને સમર્થન આપી રહ્યા છે, ચાહકોને સિનેમેટિક તેજસ્વીતાના સાક્ષી બનવા વિનંતી કરે છે જે તે વચન આપે છે.

સિનેમામાં તેના સમજદાર સ્વાદ માટે જાણીતા શાહિદ કપૂરે તેના અનુયાયીઓ સાથે મેદાન માટે તેની સાચી પ્રશંસા શેર કરી. મૂવીનું પોસ્ટર પોસ્ટ કરીને, તેણે ફિલ્મ જોયા પછી તેની અસાધારણ ગુણવત્તા અને પ્રદર્શન પર ભાર મૂકતા તેનો આનંદ વ્યક્ત કર્યો. તેમની નિખાલસ પોસ્ટ અધિકૃતતા સાથે પડઘો પાડે છે, કારણ કે તેમણે તેમના ચાહકોને મોટા પડદા પર મેદાનના જાદુનો અનુભવ કરવા પ્રોત્સાહિત કર્યા હતા. શાહિદ કપૂર એકમાત્ર એવો નથી કે જેણે મેદાન માટે વખાણ કર્યા. પ્રખ્યાત ફિલ્મ નિર્માતા કરણ જોહરે પણ ફિલ્મ માટે તેમની અપેક્ષા વ્યક્ત કરી હતી, જે ઉદ્યોગમાં ઘણા લોકોની લાગણીઓને પડઘો પાડે છે. એ જ રીતે, અભિનેતા વરુણ ધવને, તેના નવીનતમ પ્રોજેક્ટના સેટમાંથી તાજા, આકર્ષક વાર્તાના સાક્ષી બનવાની તેની આતુરતા શેર કરી, ખાસ કરીને તે પ્રદર્શનને પ્રકાશિત કરે છે જે ખૂબ પ્રશંસા મેળવી રહ્યાં છે. મેદાન એ માત્ર અન્ય સ્પોર્ટ્સ ડ્રામા નથી; તે ભારતીય ફૂટબોલમાં ક્રાંતિ લાવવામાં સૈયદ અબ્દુલ રહીમની અસાધારણ યાત્રાનું કરુણ ચિત્રણ છે. અજય દેવગણ રહીમના પગરખાંમાં ઉતરવા સાથે, આ ફિલ્મ ભારતીય રમતગમતના ઈતિહાસમાં ઓછા જાણીતા છતાં મહત્ત્વના પ્રકરણ પર પ્રકાશ પાડતા, એક ઈમર્સિવ સિનેમેટિક અનુભવનું વચન આપે છે. અજય દેવગણનું સૈયદ અબ્દુલ રહીમનું ચિત્રણ એ એક અભિનેતા તરીકેની તેમની બહુમુખી પ્રતિભાને દર્શાવતી ફિલ્મની મુખ્ય વિશેષતાઓમાંની એક હોવાનું અપેક્ષિત છે.



# ખુશી કપૂર અને વૈદાંગ રૈના દુબઈમાં સાથે ફરવા ગયાં...

ખુશી કપૂર પોતાના કો-સ્ટાર વેદાંગ રૈનાને ડટ કરી રહી હોવાની ચર્ચા છે. બન્ને જણાએ 'આર્ચિઝ'માં સાથે કામ કર્યું છે. તેવામાં તેઓ દુબઈમા સાથે જોવા મળ્યા હોવાની માહિતી છે.



આ દરમિયાન એક સોશિયલ મીડિયા યુઝરે ખુશી કપૂરની સાથે એક અજાણ્યો યુવક હોવાનું જણાવ્યું હતું.તેણે કહ્યું હતુ કે ખુશી આ મિસ્ટ્રી મેન સાથે દુબઈમાં ફરી રહી છે.

તેણે લખ્યું હતું કે, ખુશી કપૂર ડ્યુટી ફ્રી સોપ એક કેરી ઓન બેગ સાથે જોવા મળી હતી. જોકે મને તેની આ તસવીર પીઠ પાછળની મળી છે ફ્રન્ટથી હું તસવીર લઈ શક્યો નથી. ખુશી તથા આ યુવક બંનેએ ટવિનિંગ કર્યાનું જણાય છે. આ યુવક વૈદાંગ હોવાની શક્યતા છે એમ આ યૂઝરે જણાવ્યુ હતું. ઉલ્લેખનીય છે કે હજુ થોડા દિવસો પહેલાં જ ખુશીની મોટી બહેન જાહ્નવીએ શિખર પહાડિયા સાથેનાં તેના રિલેશનને ઓફિશિયલ કર્યાં હતાં.

# પુષ્પા ટૂ સામે ટક્કર ટાળવા સિંઘમ અગેઈન દિવાળી પર ઠેલાઈ શકે

આગામી તા. ૧૫મી ઓગસ્ટે 'પુષ્પા ધી રુલ'ની સામે 'સિંઘમ અગેઈન'નો મુકાબલો થવાનો હતો. પરંતુ, હાલમાં ઈદના દિવસે અક્ષય કુમારની 'બડે મિયાં છોટે મિયાં' તથા અજય દેવગણની 'મૈદાન' બંને ફિલ્મોને બોક્સ ઓફિસ પર ટકરાવાનું નુકસાન થયું તેને પગલે હવે રોહિત શેટ્ટીએ 'સિંઘમ અગેઈન'ની રીલિઝ આગામી દિવાળી પર ઠેલવાનું વિચાર્યું હોવાનું કહેવાય છે.




રોહિત શેટ્ટીની એક ગણતરી એવી પણ છે કે તેને રીલિઝ માટે બે-ત્રણ મહિનાનો વધુ સમય મળી જાય તો તે વીએફએક્સ તથા બેકગ્રાઉન્ડ સ્કોરને વધારે બહેતર બનાવી શકે. અગાઉ રોહિત શેટ્ટીની ટીમ તરફથી દાવો થયો હતો કે તેઓ કોઈપણ સંજોગોમાં ૧૫મી ઓગસ્ટના લોંગ વીક એન્ડનો મોકો ગુમાવશે નહીં. તેમણે કહ્યુ હતું કે ભલે 'પુષ્પા ટૂ' જેવી ફિલ્મ સામે આવતી હોય તો પણ 'સિંઘમ ' ફ્રેન્ચાઈઝીનો પણ એક ખાસ ક્રેઝ છે અને તેઓ તેમના ચાહકોને વધારે સમય માટે ફિલ્મ પાછળ ઠેલીને નિરાશ કરવા માગતા નથી.

## હાર્ટએટેકને કારણે સાઉથના વધુ એક એક્ટર અરુલમણિનું નિધન

હાર્ટએટેકના કારણે આ મહિને ચાર કલાકારોનાં મૃત્યુ થયા છે ત્યારે હવે સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી વધુ એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. સમાચાર છે કે દક્ષિણના વધુ એક લોકપ્રિય અભિનેતાનું નિધન થયું છે. તામિલ સિનેમામાં હાર્ટએટેકના કારણે સેલિબ્રિટીઝના અવારનવાર મૃત્યુએ લોકો અને ફિલ્મ ઉદ્યોગને આંચકો આપ્યો છે. લોલુ સભા સેશુ અને વિલન ડેનિયલ બાલાજીનું હાર્ટએટેકથી અવસાન થયું હતું. હવે અભિનેતા અને AIAD-MK ના સ્ટાર પ્રવક્તા અરુલમણિનું 45 વર્ષની વયે હાર્ટએટેકથી અવસાન થયું છે. અરુલમણિના નિધનથી તેમના ચાહકો અને પ્રિયજનો ખૂબ જ પરેશાન છે. અરુલમણિને ગઈકાલે રાત્રે અચાનક હૃદયરોગનો હુમલો આવ્યો અને તેમને સરકારી રોયાપેટ્ટાહ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં.

# ઈમરાન હાશમી અને મલ્લિકા શેરાવત ઝઘડો ભૂલી ગળે મળ્યાં

(એજન્સી) મુંબઇ | ઈમરાન હાશમી અને મલ્લિકા શેરાવત બે દાયકા જૂનો ઝઘડો ભૂલીને જાહેરમાં એકબીજાને પ્રેમપૂર્વક ગળે મળતાં તેમના ચાહકો ખુશ થઈ ગયા હતા.



બંનેની કેરિયરની માઈલસ્ટોન સમાન ફિલ્મ 'મર્ડર'નાં શૂટિંગ વખતે જ તેમની વચ્ચે તકરાર થઈ હતી. ચીનનું નવું મહાહથિયાર, જેને ટ્રેક કરવું પણ મુશ્કેલ, ભારત કેવી રીતે કરશે તેનો સામનો?b ફિલ્મ નિર્માતા આનંદ પંડિતની દીકરીના રિસેપ્શનમાં આ બંને કલાકારો એકઠા થઈ ગયા હતા અને એકમેકને જોઈ ઉમળકાથી ભેટી પડયા હતા. આ વીડિયો બહુ વાયરલ થયો છે. બંનેએ હસતા મુખે તસવીરકારોને પોઝ પણ આપ્યો હતો. 'મર્ડર'ની જોડીનાં રિયુનિયનને ચાહકોએ પણ વધાવ્યું હતું. કેટલાય ચાહકોએ અપેક્ષા વ્યક્ત કરી હતી કે હવે આ જોડીએ ફરી સાથે ફિલ્મો કરવી જોઈએ.

# એમ્મા સ્ટોન પતિ ડેવ મેકકેરીના દિગ્દર્શકમાં દર્શાવવા માટે ચર્ચામાં છે...



(એજન્સી) મુંબઇ | એમ્મા સ્ટોન, એક પ્રખ્યાત અભિનેત્રી અને નિર્માતા, તેના પતિ ડેવ મેકકેરીના આગામી દિગ્દર્શક સાહસમાં અભિનય કરવા માટે ચર્ચામાં છે. આ સમાચારે ચાહકો અને ઈન્ડસ્ટ્રીના અંદરના લોકોમાં તેણીની સમગ્ર કારકિર્દી દરમિયાન, એમ્મા સ્ટોને વિવેચકોની પ્રશંસા અને બે એકેડેમી એવોર્ડ સહિત અસંખ્ય વખાણ મેળવ્યા છે. તેણીની પ્રભાવશાળી ફિલ્મોગ્રાફીમાં 'લા લા લેન્ડ,' 'ધ મનપસંદ,' 'બર્ડમેન' અને તાજેતરમાં 'ધ કર્સ' માં આઈકોનિક ભૂમિકાઓનો સમાવેશ થાય છે.

ડેવ મેકકેરી, એક પ્રતિભાશાળી દિગ્દર્શક અને નિર્માતાએ મનોરંજન ઉદ્યોગમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. નોંધનીય રીતે, તેમણે 'બ્રિગ્સબી બેર' દિગ્દર્શિત કર્યું હતું અને 'સેટરડે નાઈટ લાઈવ' પર લેખક/દિગ્દર્શક તરીકે સેવા આપી હતી. પ્રોજેક્ટ વિશેની વિગતો છૂપી રહી છે, પરંતુ તે જાણીતું છે કે પેટ્રિક કાંગ અને માઈકલ લેવિને મૂળ સ્પેક પટકથા લખી હતી. ઉદ્યોગના દિગ્ગજ શૉન લેવી, ડેન કોહેન અને ડેન લેવિન માઈકલ એચ. વેબરની સાથે પ્રોડ્યુસ કરવા માટે તૈયાર છે. અનુભવી ઉત્પાદકોની સંડોવણી આ પ્રોજેક્ટની સંભવિતતાને રેખાંકિત કરે છે. સુકાન પર પ્રતિભાશાળી ટીમ સાથે, આકર્ષક અને નવીન ફિલ્મ માટે અપેક્ષાઓ વધુ છે.

'પુઅર થિંગ્સ'માં સ્ટોનના તાજેતરના અભિનયથી તેણીની વ્યાપક પ્રશંસા થઈ, જે શ્રેષ્ઠ અભિનેત્રી માટે ઓસ્કાર જીતવામાં પરિણમ્યું. ફિલ્મને તેની પ્રોડક્શન ડિઝાઈન, કોસ્ચ્યુમ ડિઝાઈન અને મેકઅપ અને હેરસ્ટાઈલ માટે પણ ઓળખ મળી હતી.મેકકેરીની સર્જનાત્મક દ્રષ્ટિ તેમના અગાઉના પ્રોજેક્ટ્સમાં સ્પષ્ટ છે, જેમાં 'એ રિયલ પેઈન' અને 'પ્રૉબ્લેમિસ્ટા'નો સમાવેશ થાય છે. સ્ટોન સાથેના તેમના સહયોગથી આશાસ્પદ પરિણામો મળ્યા છે, જે તેમના નવીનતમ સાહસની અપેક્ષાને વધુ બળ આપે છે.

# બ્રિટનમાં 5 ભારતવંશીને 122 વર્ષની સજા

## 7 મહિના પહેલાં ભારતીય મૂળના વ્યક્તિની હત્યા કરી હતી



(એજન્સી) લંડન | તા 13

બીબીસીના અહેવાલ મુજબ અર્શદીપ સિંહ, જગદીપ સિંહ, શિવદીપ સિંહ અને મનજોત સિંહને હત્યા માટે 28-28 વર્ષની સજા સંભળાવવામાં આવી છે. તે જ સમયે, હુમલામાં મદદ કરવા બદલ સુખમનદીપ સિંહને 10 વર્ષની સજા ફટકારવામાં આવી હતી. પાંચ ભારતીયોએ ઓગસ્ટ 2023માં ડિલિવરી ડ્રાઈવર અરમાન સિંહની હત્યા કરી હતી. અરમાન પર પશ્ચિમ ઈંગ્લેન્ડના શ્રુસબરી શહેરમાં કુહાડી, હોકી સ્ટિક, લોખંડના સળિયા, પાવડો, છરી, ક્રિકેટ બેટ વડે હુમલો કરવામાં આવ્યો હતો. નકાબધારી હુમલાખોરોએ હત્યા કરી હતી આ કેસમાં છેલ્લા 5 અઠવાડિયાથી સુનાવણી ચાલી રહી હતી. બે કારમાં આવેલા 8 નકાબધારી લોકો અરમાન પર હુમલો કરવા આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. તેમની પાસે ખતરનાક હથિયારો હતા અને બધાએ કાળા માસ્ક પહેરેલા હતા. આરોપી ભારતીયો વિરુદ્ધ કેસ લડી રહેલા વકીલે કોર્ટને કહ્યું, 'આરોપીઓએ અરમાનના માથા પર કુહાડીથી ત્રણ વાર હુમલો કર્યો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં માથામાં અનેક ફ્રેક્ચર જોવા મળે છે. આ પછી, સળિયા અને હોકી સ્ટીકથી હુમલો કરવામાં આવ્યો. બાદમાં અરમાનને છરી વડે મારી નાખવામાં આવ્યો.' હુમલાનું કારણ સ્પષ્ટ નથી બીબીસીના જણાવ્યા અનુસાર કોર્ટને હુમલાનું કારણ જણાવવામાં આવ્યું નથી. અરમાનના વકીલે કહ્યું કે, 'હત્યાને સાબિત કરવા માટે ન તો ઈરાદો સાબિત કરવો જરૂરી છે અને ન તો તે શા માટે થઈ તે સાબિત કરવું જરૂરી છે.તેથી, આરોપીને સજા થવી જોઈએ.' ફેબ્રુઆરીમાં બ્રિટિશ કોર્ટે એક ભારતીય દંપતીને 33 વર્ષની જેલની સજા ફટકારી હતી. આ કપલ પર ડ્રગ સ્મગલિંગનો આરોપ હતો.

### ન્યૂઝ ફ્લેશ

## હવે AI થકી ભોજનનો બગાડ અટકાવવામાં આવશે

ન્યૂયોર્ક | અમેરિકામાં ભોજનની બરબાદી રોકવા માટે AIનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રેસ્ટોરાં અને સુપરમાર્કેટમાંથી ભારે પ્રમાણમાં ભોજન કચરાપેટીમાં જતું રહે છે. તેમાંથી મોટા ભાગનું કમ્પોસ્ટ ન કરવાથી લેન્ડફિલમાં સડવાથી પ્રદૂષણનું કારણ બને છે. તેને રોકવા માટે રેસ્ટોરાં અને સુપરમાર્કેટમાં ખાસ એઆઈ ટૂલનો ઉપયોગ કરાઈ રહ્યો છે.કચરાપેટીમાં ફેંકાયેલા ખોરાકની તસવીરો લેવા માટે કેમેરા લગાવાયા છે. આ તસવીરોના માધ્યમથી એઆઈ ઓછા ખવાતા કે વધુ પ્રમાણમાં પીરસાતા ભોજનનું વિશ્લેષણ કરી રહ્યું છે. હાલમાં જ એઆઈની જાણવા મળ્યું કે તેના દ્વારા નાસ્તામાં અપાતી પેસ્ટ્રી ઘણી મોટી છે. આ કારણે કેટલાક લોકો તેને અડધી જ ખાય છે.રેફેડ, એક રિસર્ચ ગ્રૂપે તેના 2022ના અંદાજમાં જાણ્યું કે રેસ્ટોરાંમાં બરબાદ થનારા ભોજનનો 70% ભાગ પ્લેટમાં જ છોડેલો ખોરાક હોય છે.

## બાંગ્લાદેશને ભારતે ઇદની ભેટમાં સરહદ પરની જમીન આપી

ઢાકા | ભારત અને બાંગ્લાદેશ વચ્ચે 50 વર્ષ પછી જમીનની અદલાબદલી થઈ છે. બાંગ્લાદેશના લોકોએ આને ઈદની ભેટ ગણાવી છે. ભારતે બાંગ્લાદેશને સરહદ પરનાં ઠાકુરગાંવના રાનીશંકોઈ ઉપજિલ્લાની 56.86 એકર જમીન સોંપી છે. તેની સામે ભારતને પણ બાંગ્લાદેશ પાસેથી 14.68 એકર જમીન પાછી મળી છે. ભારત વતીથી બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ) અને બાંગ્લાદેશ વતીથી બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (બીજીબી) વચ્ચે પ્લેગ મીટિંગમાં જમીનોની અદલાબદલીની સમજૂતિ થઈ હતી પરંતુ રાનીશંકાઈ મુદ્દે કોઈ કાર્યવાહી થઈ શકી નહોતી. 2015માં નવી સમજૂતી પછી આ દિશામાં ઝડપ આવી હતી.બીજીબીના કેપ્ટન લે. કર્નલ તંજીર અહેમદનું કહેવું છે કે બંને દેશો વચ્ચે જમીનની અદલાબદલી સૌહાર્દપૂર્વક થઈ છે. અમને તો ઈદની ભેટ મળી છે. આ માટે અમે બીએસએફનો આભાર માની છીએ. સૂત્રોના કહેવા પ્રમાણે બાંગ્લાદેશના અન્ય 8 જિલ્લામાં જમીના ભાગલા માટે સરવે કરાશે.

## પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વામાં ઐતિહાસિક હિંદુ મંદિર તોડી પડાયું

કરાંચી | પાડોશી દેશ પાકિસ્તાનમાં હિંદુઓની આસ્થા પર સૌથી મોટો આઘાત લાગે તેવી ઘટના બની છે. ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતમાં આવેલું ઐતિહાસિક હિંદુ મંદિર તોડી પાડવામાં આવ્યું છે. પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ પાસે આવેલું એક ઐતિહાસિક હિંદુ મંદિરને સરકારે જમીનદોસ્ત કરી નાંખ્યું છે. હવે આ મંદિરના સ્થાને એક કોમર્શિયલ કોમ્પલેક્સ બનાવવામાં આવશે. આ મંદિર અને આસપાસની તમામ જમીન ભારત-પાકિસ્તાનના ભાગલા પહેલા હિંદુઓની હતી અને આ સ્થળે મોટું ઐતિહાસિક મંદિર હતું જેને લઈ આસપાસના હિંદુઓ અહીં દર્શન કરવા આવતા હતા. જો કે ભાગલા બાદ અહીંના મૂળ નિવાસી ભારત ચાલ્યા ગયા હતા. ખૈબર મંદિર પછી કાળક્રમે ધીમે ધીમે લોકોની આવન-જાવન ઘટી ગઈ. આ સ્થળે કોમ્પલેક્સનું નિર્માણ બનાવવાનો પ્રોજેક્ટ હાથ ધરાયો છે. પાકિસ્તાનના વહીવટી વિભાગના અધિકારીઓએ હિંદુ મંદિરના અસ્તિત્વ અંગે જાણકારી હોવાની ઈનકાર કરી દીધો હતો. તો વળી મંદિરના સ્થાને બની રહેલા કોમ્પલેક્સને નિયમ પ્રમાણે બની રહ્યાનું તંત્રએ દાવો કર્યો છે.

## ઈરાને મિસાઈલ તૈનાત કરી, ઈરાન-ઈઝરાયલ વચ્ચે યુદ્ધનું જોખમ વધ્યું

# અમેરિકા ઈઝરાયલમાં યુદ્ધ જહાજો મોકલી રહ્યું છે

(એજન્સી) તહેરાન | તા 13

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે અમેરિકાએ ઈઝરાયલમાં પોતાની સેના મોકલી છે. 'ટાઈમ્સ ઓફ ઈઝરાયલ'ના રિપોર્ટ અનુસાર, અમેરિકાનું એરક્રાફ્ટ કેરિયર USS ડ્વાઈટ આઈઝનહોવર લાલ સમુદ્ર થઈને ઈઝરાયલ પહોંચી રહ્યું છે. તે ઈરાન દ્વારા છોડવામાં આવતી મિસાઈલ અને ડ્રોનને રોકવામાં સક્ષમ છે. બીજી તરફ એવા પણ કેટલાક સમાચાર સામે આવી રહ્યા છે કે, ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સંભવિત યુદ્ધના ખતરાને ધ્યાનમાં રાખીને યુરોપ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ્સ ઈરાની એરસ્પેસમાંથી પસાર થશે નહીં. પશ્ચિમ યુરોપ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ્સને 2 કલાક જેટલો વધુ સમય લાગી શકે છે ન્યૂઝ એજન્સી અનુસાર, એક અમેરિકન રક્ષા અધિકારીએ કહ્યું, 'અમે યુદ્ધને વધતા રોકવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ઉપરાંત, અમે અમેરિકન દળોની સુરક્ષા વધારવા માટે મધ્ય પૂર્વમાં વધારાના સૈનિકો મોકલી રહ્યા છીએ. અહીં ભારત-અમેરિકા, બ્રિટન, રશિયા અને ફ્રાન્સ સહિત 5 દેશોએ તેમના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી છે. જેમાં નાગરિકોને ઈરાન અને ઈઝરાયલ ન જવાની સલાહ આપવામાં આવી છે. ઈરાન હુમલો કરવા તૈયાર CNNના રિપોર્ટ અનુસાર અમેરિકન ઈન્ટેલિજન્સ સાથે જોડાયેલા લોકોનું કહેવું છે કે ઈરાનમાં ડ્રોન અને ક્રૂઝ મિસાઈલની મૂવમેન્ટ જોવા મળી છે. એક વ્યક્તિએ કહ્યું કે ઈરાન 100થી વધુ ક્રૂઝ મિસાઈલ તૈયાર કરતું જોવા મળ્યું છે.ઈરાનની રાજધાની તેહરાનમાં ઈઝરાયલ સાથે બદલો લેવાની ધમકી આપતા પોસ્ટર લગાવવામાં આવ્યા છે.



### ઈરાન-ઈઝરાયલથી ભારતીયોને બચાવવાની તૈયારીઓ

જર્મન એરલાઇન લુફ્થાન્સાએ કહ્યું છે કે તેના વિમાનો ઈરાની એરસ્પેસનો ઉપયોગ કરશે નહીં. લુફ્થાન્સાએ 18 એપ્રિલ સુધી ઈરાન જતી અને તેની તમામ ફ્લાઈટ્સ રદ કરી દીધી છે. ઈરાનમાં લગભગ 4,000 ભારતીયો રહે છે. તે જ સમયે, 18,500 NRI ઈઝરાયલમાં રહે છે. સમાચાર એજન્સી પીટીઆઈએ કહ્યું કે ભારત બંને દેશોમાંથી ભારતીયોને છોડાવીને દેશમાં પરત લાવવાની તૈયારી કરી રહ્યું છે. આ સિવાય ત્યાં ભારતીયો માટે સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી રહી છે.યુરોપિયન દેશ ઓસ્ટ્રિયાએ 6 દિવસ માટે ઈરાન માટેની તમામ ફ્લાઈટ્સ રદ કરી દીધી છે. ઑસ્ટ્રિયન એરલાઈન્સે કહ્યું કે મધ્ય પૂર્વમાં વધી રહેલા તણાવ વચ્ચે વિયેનાથી તેહરાનની તમામ ફ્લાઈટ્સ 18 એપ્રિલ સુધી રદ કરવામાં આવી છે.શુક્રવારે મોડી રાત્રે અમેરિકી રાષ્ટ્રપતિએ ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધી રહેલા તણાવને લઈને ઈરાનને ચેતવણી આપી હતી. કહ્યું- હુમલો ન કરો. અમે ઈઝરાયલનો બચાવ કરીશું.

### એર ઈન્ડિયાની ફ્લાઈટ્સ ઈરાની એરસ્પેસમાંથી પસાર થશે નહીં

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સંભવિત યુદ્ધના ખતરાને ધ્યાનમાં રાખીને યુરોપ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ્સ ઈરાની એરસ્પેસમાંથી પસાર થશે નહીં. આ કારણોસર, પશ્ચિમ યુરોપ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ્સને 2 કલાક જેટલો વધુ સમય લાગી શકે છે, કારણ કે યુરોપ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ્સે ઈરાની એરસ્પેસથી બચવા માટે લાંબો રૂટ લીધો છે, આ માહિતી સૂત્રોના હવાલાથી સામે આવી છે. એવા પણ સમાચાર છે કે એર ઈન્ડિયાએ એરક્રાફ્ટમાં વધુ ઈંધણ લોડ કરવું પડશે. જો કે હજુ સુધી ફ્લાઈટના ભાડામાં વધારો કરવામાં આવ્યો નથી.

**યુદ્ધ સમગ્ર મધ્ય પૂર્વમાં ફેલાઈ શકે છે :** ઈરાન અને ઈઝરાયલ વચ્ચેની દુશ્મનાવટ જાણીતી છે, જો કે બંને દેશો ક્યારેય એકબીજાનો સીધો મુકાબલો કરવાની હિંમત એકત્ર કરી શક્યા નથી. ઈરાને હંમેશા હમાસ અને હિઝબુલ્લાહ જેવા સંગઠનોનું સમર્થન કર્યું છે. ઈઝરાયલ ઈરાની ઠેકાણાં પર સીધો હુમલો કરે છે. હવે જો ઈરાન ઈઝરાયલને સીધું નિશાન બનાવશે તો સૌથી મોટો ખતરો એ છે કે આ યુદ્ધ સમગ્ર મધ્ય પૂર્વમાં ફેલાઈ જશે અને તેના પરિણામો ખતરનાક આવશે.

### ઇસ્લામિક ક્રાંતિ

## ઈરાન માટે સદ્દામ હુસૈન સાથે ઈઝરાયલ લડ્યું હતું

### ઈરાન આગામી 48 કલાકમાં ઈઝરાયલ પર હુમલો કરી શકે



(એજન્સી) તેલ અવીવ/તેહરાન | તા 13

ઈરાન આગામી 48 કલાકમાં ઈઝરાયલ પર હુમલો કરી શકે છે. યુએસ આર્મીના વરિષ્ઠ અધિકારીઓને ટાંકીને સીબીએસ ન્યૂઝે દાવો કર્યો છે કે ઈરાન 100થી વધુ ડ્રોન અને ડઝનબંધ મિસાઈલો સાથે એક સાથે હુમલાની તૈયારી કરી રહ્યું છે. બંને દેશો વચ્ચે તણાવ એટલો વધી ગયો છે કે અમેરિકન આર્મી ઓફિસરો ઈઝરાયલ પહોંચી ગયા છે. અમેરિકા ચીન અને સાઉદીને ફોન કરીને સમાધાન માટે પ્રયાસ કરી રહ્યું છે. આ બધું હોવા છતાં જો ઈરાન જવાબી કાર્યવાહી કરશે તો ઈઝરાયલને એક સાથે બે મોરચે યુદ્ધ લડવું પડી શકે છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે કેવી રીતે સર્જાઈ આ સ્થિતિ, યુદ્ધ લડવાની તૈયારી કરી રહેલા છે આ બંને દેશ એક સમયે મિત્રો હતા, કેવી રીતે બન્યા દુશ્મન જાણો ઈરાન અને ઈઝરાયલ વચ્ચેની મિત્રતા અને દુશ્મનીની અજાણી વાતો આ વાર્તામાં

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધનો ડર હવે કેમ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે... ઈરાન અને ઈઝરાયલ લાંબા સમયથી એકબીજા સાથે પ્રોક્સી વોર લડી રહ્યા છે. જોકે, બંને દેશો વચ્ચે ક્યારેય સીધું મોટું યુદ્ધ થયું નથી. ઈરાન પર આરોપ છે કે તે હમાસ અને હિઝબુલ્લાહ જેવા સંગઠનો દ્વારા વારંવાર ઈઝરાયલ અથવા તેના દૂતાવાસ પર હુમલા કરે છે. તે જ સમયે, ઈઝરાયલ આ હુમલાઓનો જવાબ હમાસ, હિઝબુલ્લાહ અથવા ઈરાની ઠેકાણા પર સીધા હુમલો કરીને આપે છે.એવું કહેવાય છે કે ઈરાને ઈઝરાયલ સાથે ક્યારેય ખુલ્લેઆમ મિત્રતા વ્યક્ત કરી ન હતી. બધું પડદા પાછળ થયું.

### તે પરમાણુ હુમલો કરવામાં સક્ષમ છે

## રશિયાએ સીક્રેટ બેલેસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું

(એજન્સી) મોસ્કો | તા 13

રશિયાએ શુક્રવારે તેની કાપુસ્તિન યાર રેન્જમાંથી ટોપ સિક્રેટ ઈન્ટર-કોંટિનેંટલ બેલિસ્ટિક મિસાઈલ (ICBM)નું પરીક્ષણ કર્યું હતું. રશિયન મીડિયા RT અનુસાર, આ મિસાઈલ પરમાણુ હુમલો કરવામાં સક્ષમ છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયે આ મિસાઈલના પરીક્ષણની પુષ્ટિ કરી છે. મંત્રાલયે કહ્યું કે આ મિસાઈલ રશિયાની સુરક્ષાને મજબૂત કરવામાં મદદ કરશે. RT અનુસાર, ICBM એક સોલિડ ફ્યુલ મિસાઈલ છે જે થર્મો-ન્યુક્લિયર વોરહેડ લઈ જવા માટે સક્ષમ છે. તે જમીન પર કોઈપણ જગ્યાએ અથવા ચાલતા વાહન પર પણ તૈનાત કરી શકાય છે. જો કે, હાલમાં તેની ક્ષમતાઓ અને વિશેષતાઓને લઈને કોઈ માહિતી આપવામાં આવી નથી. પુતિને કહ્યું- નવા હથિયારો કોઈપણ ખૂણે હુમલો કરી શકે છે શુક્રવારે અગાઉ, રશિયાએ તેની હાઈપરસોનિક ન્યુક્લિયર મિસાઈલની પ્રથમ રેજિમેન્ટ તહેનાત કરી હતી. ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર, રશિયાના રક્ષા મંત્રી સર્ગેઈ શોઇગુએ રાષ્ટ્રપતિ પુતિનને આ અંગે જાણકારી આપી હતી. જો કે રશિયાએ આ મિસાઈલ ક્યાં તહેનાત કરી છે તેની માહિતી સામે આવી નથી.

# સિડની મોલમાં છરાબાજી, 4 લોકોનાં મોત થયા

ન્યૂ સાઉથ વેલ્સ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'શનિવારની સાંજે 4 વાગ્યા પહેલા વેસ્ટફિલ્ડ બોન્ડી જંક્શન પર ઈમરજન્સી સેવાઓને બોલાવવામાં આવી હતી

(એજન્સી) સિડની | તા 13

ઓસ્ટ્રેલિયાના સિડની શહેરના એક શોપિંગ મોલમાં છરાબાજીની ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં ચાર લોકોના મોત થયા છે અને ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ હોવાનું કહેવાય છે. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, આ ઘટના વેસ્ટફિલ્ડ બોન્ડી જંક્શન શોપિંગ સેન્ટરમાં બની હતી, ગોળીબારનો અવાજ પણ સંભળાયો હતો. પોલીસ રેસ્ક્યુ ઓપરેશન ચલાવી રહી છે. ઓસ્ટ્રેલિયન ન્યૂઝ વેબસાઈટ news.com.auના અહેવાલ મુજબ, સાક્ષીઓએ જણાવ્યું હતું કે પોલીસ દ્વારા ગોળી ચલાવવામાં આવે તે પહેલાં એક વ્યક્તિએ મહિલા અને તેના બાળક સહિત દુકાનદારોને રેન્ડમ રીતે છરી મારવાનું શરૂ કર્યું.એક સાક્ષીએ news.com.auને જણાવ્યું કે પોલીસ ઘણી દુકાનોમાં પીડિતોના જીવ બચાવવા માટે સંઘર્ષ કરતી જોવા મળી, જ્યારે ભીડવાળા મોલમાં આખા ફ્લોર પર લોહીની રેલમછેલ થઈ ગઈ હતી. જંકશન શોપિંગ સેન્ટરમાંથી સેંકડો લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા.

# બ્રિટને પાકિસ્તાનને યાત્રા માટે બતાવ્યું જોખમી: ટ્રાવેલ એડવાઈઝરીમાં કર્યું બ્લેકલિસ્ટ

(એજન્સી) લંડન | તા 13

બ્રિટને યાત્રા માટે સૌથી ખતરનાક દેશોના યાદીમાં પાકિસ્તાનનો સમાવેશ કર્યો છે. બ્રિટનના ફોરેન એન્ડ કૉમનવેલ્થ ઓફિસ(FCO)એ ટ્રાવેલ એડવાઈઝરીમાં પાકિસ્તાનને બ્લેકલિસ્ટમાં જાહેર કરી દીધું છે. જેમા ખાસ કરીને સિંધ, ખેબર પખ્તૂનખ્વા, બલૂચિસ્તાન, પાક-અફગાન બોર્ડર અને PoKને વધું જાખમી જાહેર કર્યા છે. આ લિસ્ટમાં વધું 8 નવા દેશોના નામ જોડવામાં આવ્યા છે, જેમાં ઈરાન, રૂસ, યુક્રેન, ઈઝરાયેલ, બેલારૂસ અને પેલેસ્ટાઈનનો સમાવેશ થાય છે. આની સાથે જ બ્લેકલિસ્ટ થયેલા દેશોની સંખ્યા કુલ 24 સુધી પહોંચી છે. આ સિવાય બ્રિટને ભારતને પણ રેડ લિસ્ટમાં રાખ્યું છે. એટલે કે બ્રિટિશ નાગરિકોને જ્યાં સુધિ બહું જરૂરી ન હોય ત્યાં સુધી ભારતના કેટલાક વિસ્તારોમાં ન જવા માટેની સલાહ આપી છે. જેમાં જમ્મૂ-કશ્મીર, મણિપુર અને ભારત-પાક. બોર્ડરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અફગાનિસ્તાન-ઈરાકનો પણ બ્લેકલિસ્ટમાં સમાવેશ પાકિસ્તાન સિવાય બ્લેકલિસ્ટ કરેલા દેશોમાં અફગાનિસ્તાન, ઈરાક, યમન, સીરિયા અને સોમાલિયા જેવા દેશ સામેલ છે. ત્યાંજ ભારત સાથે રેડ લિસ્ટમાં ઈજીપ્ત, ઈન્ડોનેશિયા, મલેશિયા, ફિલિપાઈન્સ અને સાઉદી અરેબિયા જેવા દેશોના નામનો ઉલ્લેખ છે. માન્ચેસ્ટર ઈવનિંગ સમાચારના જણાવ્યા અનુસાર, બ્રિટને મુસાફરી સલાહકાર જંગ, અપરાધ, આતંક, ગંભીર બીમારી અને કુદરતી આપત્તિ જેવા જોખમોને ધ્યાનમાં રાખીને જાહેર કર્યું છે.



## કેરળના યુવકને ફાંસીની સજા સંભળાવવામાં આવી

# સાઉદીની જેલમાં કેદ ભારતીયને બચાવવા માટે 34 કરોડ ભેગા કર્યા



(એજન્સી) અબુધાબી | તા 13

સાઉદી અરેબિયામાં મૃત્યુદંડની સજા પામેલા વ્યક્તિને બચાવવા માટે કેરળના લોકોએ 34 કરોડ રૂપિયા ભેગા કર્યા છે. આ વ્યક્તિનું નામ અબ્દુલ રહીમ છે અને તે કોઝિકોડનો રહેવાસી છે. 2006માં, તેના પર સાઉદીના એક છોકરાના મૃત્યુનો આરોપ લાગ્યો હતો. તે છેલ્લા 18 વર્ષથી સાઉદીની જેલમાં બંધ છે. તેની મુક્તિ માટે રચાયેલી એક્શન કમિટી પાંચ દિવસ પહેલા સુધી ખૂબ જ નાની રકમ એકઠી કરવામાં સફળ રહી હતી, પરંતુ જેમ જેમ ઝુંબેશ આગળ વધતી ગઈ તેમ તેમ વિશ્વભરમાં વસતા કેરળના લોકોએ 34 કરોડ રૂપિયા એકત્ર કરવામાં મદદ કરી.

મામલો શું હતો... રહીમ 18 વર્ષથી જેલમાં છે. તેના પર 2006માં સાઉદીમાં એક બાળકની હત્યા કરવાનો આરોપ છે. સ્થાનિક લોકોએ જણાવ્યું કે 2006માં સાઉદી અરેબિયામાં એક બાળકનું આકસ્મિક મૃત્યુ બાદ રહીમને જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો. રહીમ બાળકની સંભાળ રાખી રહ્યો હતો. બાળકના પરિવારે રહીમને માફી આપવાનો ઈનકાર કર્યો હતો, જે પછી 2018માં રહીમને ફાંસીની સજા ફટકારવામાં આવી હતી. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, રહીમને સાઉદી અરેબિયાના પરિવારે તેમના 15 વર્ષના સ્પેશિયલ એબલ્ડ બાળકના ડ્રાઈવર અને કેરટેકર તરીકે રાખ્યો હતો. 2006માં રહીમની ભૂલને કારણે બાળકના ગળામાં રહેલી નળી તેની જગ્યાએથી હટી ગઈ. જ્યાં સુધી રહીમને કંઈ સમજાય, ત્યાં સુધીમાં ઓક્સિજન ન મળવાને બાળક બેભાન થઈ ગયો. તે તેને હોસ્પિટલ લઈ ગયો ત્યાં સુધીમાં બાળક મૃત્યુ પામ્યો હતો. રહીમને બાળકના મૃત્યુ માટે જવાબદાર ઠેરવવામાં આવ્યો હતો અને તેને 2012માં જેલમાં ધકેલવામાં આવ્યો હતો. બાળકના પરિવારે રહીમને માફ કરવાનો ઈનકાર કર્યો હતો. તેને સૌપ્રથમ 2017માં મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી અને પછી તેને 2022 સુધી યથાવત રાખવામાં આવી હતી. તેની પાસે બે જ વિકલ્પ હતા. કાં તો માથું કપાવીને મોતને પસંદ કરે અથવા 34 કરોડ બ્લડ મનીની વ્યવસ્થા કરે અને બાળકના પરિવારને આપે. એક્શન કમિટીના સભ્યોએ જણાવ્યું હતું કે ટોચની અદાલતોએ રહીમની મુક્તિ માટેની તમામ અપીલોને ફગાવી દીધી હતી, પરંતુ બાદમાં પરિવાર બ્લડ મનીના બદલામાં તેને મુક્ત કરવા સંમત થયો હતો. આ પછી, રિયાધના 75 સંગઠનો, કેરળના ઉદ્યોગપતિઓ, ઘણા રાજકીય સંગઠનો અને સામાન્ય લોકો ભેગા થયા અને નાણાં એકત્ર કરવામાં મદદ કરી.

### મંદિરો અને હિન્દુઓ પર હુમલાની સંખ્યા વધી

## અમેરિકામાં હિન્દુ ખતરામાં: બાળકો સાથે શાળા-કૉલેજોમાં બુલિંગ

વૉશિંગ્ટન | તા 13

અમેરિકાની સંસદના નીચલા ગૃહ હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સ (પ્રતિનિધિ સભા)માં 'હિન્દુ ફોબિયા' એટલે કે હિન્દુ ધર્મ પ્રત્યે પૂર્વગ્રહ, હિન્દુવિરોધી કટ્ટરતા અને હેટ ક્રાઈમની ટીકા કરતો પ્રસ્તાવ રજૂ કરાયો છે. હિન્દુ બાળકો સાથે શાળા-કૉલેજોમાં બુલિંગ, ભેદભાવ, હેટ સ્પીચ અને પૂર્વગ્રહથી પ્રેરિત ગુના વધી રહ્યા છે. કોંગ્રેસના સભ્ય શ્રી થાનેદાર વતીથી લવાયેલા પ્રસ્તાવમાં કહેવાયું છે કે એફબીઆઈના અહેવાલ પ્રમાણે ભારતીયો વિરુદ્ધ હેટ ક્રાઈમ વધ્યો છે અને તે અમેરિકન સમાજ માટે બહુ મોટાં જોખમનો સંકેત છે.

પ્રસ્તાવમાં કહેવાયું છે કે એફબીઆઈના હેટ ક્રાઈમ સ્ટેટિસ્ટિક રિપોર્ટ પ્રમાણે મંદિરો અને વ્યક્તિઓને નિશાન બનાવનારા હિન્દુવિરોધી હેટ ક્રાઈમમાં દર વર્ષે વધારો થઈ રહ્યો છે. એટલું જ નહીં, દુર્ભાગ્યવશ ફોબિયા વધી રહ્યો છે. અહેવાલ લાખથી વધુ હિન્દુઓનું સ્વાગત પ્રત્યેક ઉદ્યોગમાં હિન્દુ-અમેરિકનોના યોગદાનથી દેશને ફોર ઈન્ડિયા એન્ડ ઈન્ડિયન ડાયસ્પોરા સ્ટડીઝની નીતિ અને રણનીતિના પ્રમુખ ખાંડેરાવ કાંડે કહ્યું હતું કે શ્રદ્ધાળુઓને ડરાવવા માટે મંદિરોમાં ચોરીની સાથેસાથે તોડફોડની ઘટનાઓમાં વધારો થયો છે.

### બિહારના વિકાસ માટે તેજસ્વી યાદવની પ્રતિબદ્ધતા

# આરજેડીના તેજસ્વી યાદવે ચૂંટણી પહેલા 'પરિવર્તન પત્ર' મેનિફેસ્ટોનું અનાવરણ કર્યું

(એજન્સી) બિહાર | તા. 13

બિહારના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન અને રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના નેતા તેજસ્વી યાદવે તાજેતરમાં આગામી લોકસભા ચૂંટણી પહેલા 'પરિવર્તન પત્ર' મેનિફેસ્ટોનું અનાવરણ કર્યું હતું. આ ઢંઢેરામાં 24 વચનોનો સમાવેશ થાય છે જેનો ઉદ્દેશ્ય નિર્ણાયક વિકાસલક્ષી મુદ્દાઓને ઉકેલવા અને બિહારમાં લોકોના કલ્યાણને વધારવાનો છે.

તેજસ્વી યાદવે 'પરિવર્તન પત્ર' મેનિફેસ્ટોમાં દર્શાવેલ 24 વચનોને પરિપૂર્ણ કરવા તરફ RJD પાર્ટીની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. તેમણે બિહાર અને તેના નાગરિકોની સુખાકારીને લગતા મુખ્ય વિકાસલક્ષી મુદ્દાઓ પર મેનિફેસ્ટોનું ધ્યાન પુનરાવર્તિત કર્યું.ઢંઢેરાની મુખ્ય વિશેષતા એ છે કે જો RJDની આગેવાની હેઠળનું ભારતીય જૂથ સત્તા પ્રાપ્ત કરે તો દેશભરમાં એક કરોડ યુવાનોને સરકારી નોકરીઓ આપવાનું વચન છે.

યાદવે બેરોજગારીને એક મહત્વપૂર્ણ પડકાર તરીકે લેબલ કરીને, તેને સંબોધવાની દબાણની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે આરજેડીના સક્રિય અભિગમ સાથે વિપરીત આ મુદ્દાને પર્યાપ્ત રીતે ઉકેલવામાં ભાજપની નિષ્ફળતાની ટીકા કરી. રોજગાર સર્જન ઉપરાંત, મેનિફેસ્ટોમાં જૂની પેન્શન યોજના (OPS) લાગુ કરવા અને બિહારને વિશેષ દરજ્જો આપવાનું વચન આપવામાં આવ્યું છે. તેજસ્વી યાદવે 15 ઓગસ્ટથી દેશભરમાં નોકરીની જોગવાઈઓ શરૂ કરવા અને વંચિત પરિવારોને આર્થિક સહાયતા આપવાના તેમના વિઝનને સ્પષ્ટ કર્યું.




તેજસ્વી યાદવે ભાજપ સરકારની ટીકા કરી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ગરીબી, બેરોજગારી અને બિહારનો વિશેષ દરજ્જો જેવા ગંભીર મુદ્દાઓને પ્રાધાન્ય આપવા વિનંતી કરી. તેમણે રેટરિક અને એક્શન વચ્ચેની અસમાનતાને હાઈલાઈટ કરીને આ મુદ્દાઓ પર મહત્વની ચર્ચાઓ ટાળવાનો ભાજપ પર આરોપ લગાવ્યો.

### '24 વચનો'ની વિશેષતાઓ

મેનિફેસ્ટોમાં દર્શાવેલ '24 વચનો'માં નોકરીની ગેરંટી, મહિલાઓ માટે નાણાકીય સહાય, પરવડે તેવા ગેસ સિલિન્ડરો અને જૂની પેન્શન યોજનાના અમલીકરણ સહિત વિવિધ કલ્યાણકારી પગલાંનો સમાવેશ થાય છે. આ પહેલ બિહારની વસ્તીની વિવિધ જરૂરિયાતોને પહોંચી વળવા માટે તૈયાર કરવામાં આવી છે.

### નોકરીની જોગવાઈની પહેલ શરૂ કરવાની જાહેરાત

યાદવે 15 ઓગસ્ટના રોજ કરી, જે બેરોજગારીમાંથી મુક્તિનું પ્રતીક છે. તદુપરાંત, તેમણે રક્ષાબંધનના તહેવાર સાથે, ગરીબ મહિલાઓને વાર્ષિક રૂ. 1 લાખની આર્થિક સહાય પૂરી પાડવાનું વચન આપ્યું હતું. વધુમાં, મેનિફેસ્ટોમાં પોસાય તેવા ગેસ સિલિન્ડર અને અન્ય કલ્યાણકારી યોજનાઓનું વચન આપવામાં આવ્યું છે. કનેક્ટિવિટી વધારવા અને આર્થિક વૃદ્ધિને સરળ બનાવવા માટે, આરજેડી બિહારમાં પાંચ નવા એરપોર્ટ બનાવવાની યોજના ધરાવે છે. પૂર્ણિયા, ભાગલપુર, મુઝફ્ફરપુર, ગોપાલગંજ અને રક્સૌલમાં આવેલા આ એરપોર્ટનો ઉદ્દેશ્ય પ્રાદેશિક વિકાસને વેગ આપવા અને સુલભતામાં સુધારો કરવાનો છે.

### બિહારના ચૂંટણી પરિદ્રશ્યની ઝાંખી

બિહાર આગામી લોકસભા ચૂંટણી માટે તૈયારી કરી રહ્યું છે, ચૂંટણી લેન્ડસ્કેપ ગતિશીલ રહે છે. બહુવિધ તબક્કામાં મતદાન થવાનું હોવાથી, રાજકીય પક્ષો મતદારોનો ટેકો મેળવવા માટે તેમના અભિયાનને વધુ તીવ્ર બનાવી રહ્યા છે. અગાઉના ચૂંટણી પરિણામો સ્પર્ધાત્મક વાતાવરણ સૂચવે છે, જેમાં NDA અને મહાગઠબંધન વર્ચસ્વ માટે સ્પર્ધા કરી રહ્યાં છે. તેજસ્વી યાદવ દ્વારા 'પરિવર્તન પત્ર' મેનિફેસ્ટોનું અનાવરણ, બિહારના વિકાસલક્ષી પડકારોને સંબોધવા માટે આરજેડીના સક્રિય વલણને રેખાંકિત કરે છે. વચનોના વ્યાપક સમૂહને સ્પષ્ટ કરીને, યાદવનો ઉદ્દેશ્ય જાહેર સમર્થન મેળવવા અને તેમના પક્ષને ચૂંટણીમાં સફળતા તરફ આગળ વધારવાનો છે.

### બળવાખોરીની રાજકીય સ્પોન્સરશિપ

# ત્રિપુરાના આદિવાસી લોકોને કથિત રીતે શસ્ત્રો ઉપાડવાની ફરજ પાડવામાં આવી: બિપ્લબ દેબ

(એજન્સી) ત્રિપુરા | તા. 13

ઘટનાઓના તાજેતરના વળાંકમાં, ત્રિપુરાના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને પશ્ચિમ ત્રિપુરા સંસદીય મતવિસ્તારના વર્તમાન ભાજપના ઉમેદવાર બિપ્લબ કુમાર દેબે કોંગ્રેસ અને ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્કસિસ્ટ) (સીપીઆઈ(એમ) સામે આક્ષેપોનો દોર શરૂ કર્યો છે. ). તેમનો આરોપ છે કે આ પક્ષો, એક સમયે ત્રિપુરાના રાજકીય લેન્ડસ્કેપનું સુકાન સંભાળતા હતા, તેમણે ત્રિપુરાની આદિવાસી જનતાને સશસ્ત્ર આતંકવાદનો માર્ગ અપનાવવા દબાણ કર્યું હતું. સિપાહીજાલા જિલ્લાના ધાનપુર વિધાનસભા મતવિસ્તારમાં જાહેર સભા દરમિયાન કરવામાં આવેલા દેબના નિવેદનોએ પ્રદેશમાં રાજકીય અગ્નિ તોફાનને સળગાવી દીધું છે.

ડાબેરી મોરચાની સરકારના 35 વર્ષના શાસન દરમિયાન, ત્રિપુરામાં વિદ્રોહી ચળવળોના પ્રસાર દ્વારા ચિહ્નિત થયેલ તોફાની સમયગાળો જોવા મળ્યો હતો. નેશનલ લિબરેશન ફ્રન્ટ ઓફ ત્રિપુરા (NLFT) અને ઓલ ત્રિપુરા ટાઈગર ફોર્સ (ATTF) જેવા વિદ્રોહી જૂથો સાથે આ યુગમાં હિંસક પ્રવૃત્તિઓમાં કેવી રીતે વધારો થયો તે ડેબ દર્શાવે છે.

### CPIM અને કોંગ્રેસની સાંઠગાંઠ

દેબે CPI(M) અને કોંગ્રેસ પર ત્રિપુરામાં વિદ્રોહ માટે અનુકૂળ વાતાવરણ ઉભું કરવાનો આરોપ લગાવ્યો. તેમનો આરોપ છે કે આ પક્ષોએ બળવાખોર જૂથોને ભૌતિક સમર્થન અને રાજકીય સમર્થન પૂરું પાડ્યું હતું, જેનાથી રાજ્યના સામાજિક-રાજકીય માળખું વધુ ખરાબ થયું હતું. દેબ ત્રિપુરાના લેન્ડસ્કેપને અસર કરતી રાજકીય હત્યાઓના ઘણા કિસ્સાઓનું વર્ણન કરે છે. તેમણે વિધાનસભ્ય પરિમલ સાહા, વિધાનસભ્ય મધુસુદન સાહા અને એસડીએમ સુક્રમ દેબબર્મા જેવી અગ્રણી વ્યક્તિઓની હત્યાઓનો ઉલ્લેખ કર્યો છે, જે બધા દિવસના પ્રકાશમાં હુમલાખોરોની ગોળીઓનો ભોગ બન્યા હતા.

દેબ હિંસા અને અશાંતિના વાતાવરણને ઉત્તેજન આપવામાં સામેલ રાજકીય સંસ્થાઓ પાસેથી જવાબદારીની જોરદાર માંગ કરે છે. તેમણે માનિક સરકાર અને આશિષ સાહા સહિતના સીપીઆઈ(એમ) નેતાઓને ચૂંટણીમાં સમર્થન મેળવવા પહેલાં તપસ્યામાં માથું મુંડન કરવા જેવા પ્રતિકાત્મક સંકેતો હાથ ધરવા આહ્વાન કર્યું છે.

### જોડાણની નિંદા "ગેરકાયદેસર" સહયોગ

દેબ CPI(M) અને કોંગ્રેસ વચ્ચેના જોડાણને 'ગેરકાયદેસર' મિલીભગત તરીકે વખોડે છે, જે ત્રિપુરાની જનતાના કલ્યાણની સાચી ચિંતાને બદલે સ્વ-સેવા હિતોને કારણે ચાલે છે.લોકસભાની ચૂંટણીઓ ક્ષિતિજ પર આવી રહી છે ત્યારે ત્રિપુરા પોતાને નિર્ણાયક મોરચે શોધે છે.

પશ્ચિમ ત્રિપુરા બેઠક, જેના માટે દેબ દાવેદાર છે, 19 એપ્રિલે મતદાન થવાનું છે, ત્યારબાદ પૂર્વ ત્રિપુરામાં 26 એપ્રિલે મતદાન થવાનું છે. આ ચૂંટણીઓના પરિણામો પ્રદેશના રાજકીય માર્ગ માટે નોંધપાત્ર અસર ધરાવે છે.CPI(M) અને કોંગ્રેસ વિરુદ્ધ બિપ્લબ કુમાર દેબના આરોપો ત્રિપુરાના રાજકીય વર્ણનમાં એક વિવાદાસ્પદ પ્રકરણ ખોલે છે. જેમ જેમ ચૂંટણીનો ઉત્સાહ વધતો જાય છે તેમ, મતદારોને ઐતિહાસિક ફરિયાદો અને સમકાલીન તણાવથી ઘેરાયેલા જટિલ લેન્ડસ્કેપમાં નેવિગેટ કરવાનું કામ સોંપવામાં આવે છે.

### ન્યૂઝ કોર્નર

#### ઈમરાન મસૂદે ભાજપ સરકાર હેઠળ મુસ્લિમોની સુરક્ષા

નવી દિલ્હી | લોકસભા ચૂંટણી પહેલા, કોંગ્રેસ પાર્ટીના અગ્રણી નેતા અને સહારનપુરના તેના ઉમેદવાર ઈમરાન મસૂદે ભાજપ સરકાર હેઠળ મુસ્લિમોની સુરક્ષા અંગેની તેમની ટિપ્પણીથી વિવાદ ઉભો કર્યો હતો. આ લેખમાં મસૂદના નિવેદનની અસરો અને વિવિધ ક્વાર્ટરમાંથી આવનારી પ્રતિક્રિયાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

ઈમરાન મસૂદનું નિવેદન મજબૂત રીતે પડઘો પડ્યું, ખાસ કરીને ઉગ્ર રાજકીય તણાવની પૃષ્ઠભૂમિમાં. તેમણે ભાજપની આગેવાની હેઠળની સરકાર હેઠળ મુસ્લિમો સાથેના વ્યવહાર અંગે ચિંતા વ્યક્ત કરી, આગામી ચૂંટણીમાં સામેલ દાવ પર પ્રકાશ પાડ્યો.

#### લક્ષદ્વીપ : ઉન્નત બજાર ઍક્સેસ માટે ભૌગોલિક ટેગ શોધે છે

નવી દિલ્હી | અરબી સમુદ્રના નીલમ પાણીની વચ્ચે વસેલું લક્ષદ્વીપ શુદ્ધતા અને ટકાઉપણાના પ્રમાણપત્ર તરીકે ઊભું છે. સિક્કિમના પગલે ચાલીને, આ શાંત દ્વીપસમૂહને 100% ઓર્ગેનિક પ્રમાણપત્ર પ્રાપ્ત કરનાર પ્રથમ કેન્દ્રશાસિત પ્રદેશ તરીકેનો પ્રતિષ્ઠિત દરજ્જો પ્રાપ્ત થયો છે. લક્ષદ્વીપના લીલાછમ લેન્ડસ્કેપ્સ કૃત્રિમ ખાતરો અને જંતુનાશકોથી મુક્ત ખેતીની ગર્વ કરે છે, જે નારિયેળની ખેતી માટે આશ્રયસ્થાન પ્રદાન કરે છે.તેની કુદરતી બક્ષિસ હોવા છતાં, લક્ષદ્વીપમાં નાળિયેર આધારિત ઉદ્યોગ નોંધપાત્ર પડકારોનો સામનો કરી રહ્યો છે.

### 2014માં મહેબૂબા મુફ્તીની જીતથી લઈને હસનૈન મસૂદીની તાજેતરની વરણી

# અનંતનાગ લોકસભા ચૂંટણીમાં અવાજ વિનાનાને અવાજ આપવો

(એજન્સી) નવી દિલ્હી | તા. 13

અનંતનાગ લોકસભા મતવિસ્તારના રાજકીય લેન્ડસ્કેપમાં, એક અપક્ષ ઉમેદવાર, દિલીપ પંડિત, આશાના કિરણ તરીકે ઉભરી આવ્યા છે, જે અવાજહીન અને ચેમ્પિયન સામાજિક ન્યાયનું પ્રતિનિધિત્વ કરવાનું વચન આપે છે. ચૂંટણીની ગતિશીલતાના જટિલ જાળા વચ્ચે, પંડિતનું વર્ણન પરિવર્તન અને ન્યાયીપણાની શોધ સાથે પડઘો પાડે છે. જમ્મુના રહેવાસી દિલીપ પંડિતે તેમની ચૂંટણી યાત્રાને સામાજિક ન્યાયને જાળવી રાખવાના મિશન તરીકે દર્શાવી છે. તેમનો સંકલ્પ દલિત લોકોની દુર્દશાને સંબોધવાની ગહન ઈચ્છામાંથી ઉદ્ભવે છે, જે રાજકીય તંત્ર દ્વારા બાજુ પર પડેલા લોકોને આશાની ઝાંખી આપે છે.અનંતનાગ લોકસભા મતવિસ્તારમાં વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે, જેમાં 16 વિધાનસભા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. પહેલગામના શાંત લેન્ડસ્કેપ્સથી લઈને પુલવામાની ખળભળાટવાળી શેરીઓ સુધી, દરેક વિભાગ અનંતનાગની ચૂંટણીની ગતિશીલતાની જટિલ ટેપેસ્ટ્રીમાં ફાળો આપે છે. ચૂંટણીના ઈતિહાસની તપાસ કરવાથી જીત અને સંક્રમણોના મોઝેકનું અનાવરણ થાય છે. 2014માં મહેબૂબા મુફ્તીની જીતથી લઈને હસનૈન મસૂદીની તાજેતરની વરણી સુધી, અનંતનાગમાં રાજકીય પરિવર્તનનો કેલિડોસ્કોપ જોવા મળ્યો છે.

### મોદી અને રાષ્ટ્રપતિ મુર્મુએ જલિયાવાલા બાગ હત્યાકાંડના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી



જલિયાવાલા બાગ હત્યાકાંડ આઝાદીની લડતમાં અસંખ્ય ભારતીયોએ આપેલા બલિદાનની કરુણ યાદ અપાવે છે. 13 એપ્રિલ, 1919 ના રોજ, અમૃતસરના જલિયાવાલા બાગમાં સેંકડો નિઃશસ્ત્ર નાગરિકોને બ્રિટિશ દળો દ્વારા નિર્દયતાથી માર્યા ગયા. આ ક્રૂર ઘટનાએ ભારતના ઈતિહાસ પર અમીટ છાપ છોડી દીધી, જે બ્રિટિશ સંસ્થાનવાદી શાસનના અત્યાચારનું પ્રતીક છે.

### લોકશાહી માટે ગંભીર ખતરો ગણાવી

# ફોન ટેપિંગ સુરક્ષા ચેતવણીએ આંધ્ર પ્રદેશના રાજકીય લેન્ડસ્કેપમાં વિવાદ

(એજન્સી) નવી દિલ્હી | તા 13

એપલ દ્વારા જારી કરાયેલ તાજેતરના ફોન ટેપિંગ સુરક્ષા ચેતવણીએ આંધ્ર પ્રદેશના રાજકીય લેન્ડસ્કેપમાં વિવાદને વેગ આપ્યો છે, જેમાં ખાસ કરીને તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) ના રાષ્ટ્રીય મહાસચિવ લોકેશ નારા સામેલ છે. આ લેખ આ ઘટનાની અસરો અને તેના પર લોકેશ નારાના પ્રતિભાવની તપાસ કરે છે. લોકેશ નારા, આંધ્રપ્રદેશના રાજકારણમાં એક અગ્રણી વ્યક્તિ છે, જે TDPના રાષ્ટ્રીય મહાસચિવ તરીકે સેવા આપે છે. તેમનો રાજકીય વંશ અને પક્ષમાં સક્રિય સંડોવણી તેમને રાજ્યના રાજકીય ક્ષેત્રે મુખ્ય ખેલાડી બનાવે છે.ફોન ટેપીંગના પ્રયાસ અંગે Appleની ચેતવણી આંચકા તરીકે આવી હતી, જે ગોપનીયતા અને સુરક્ષાના સંભવિત ભંગને દર્શાવે છે. આ ઘટસ્ફોટથી સંચાર ચેનલોની અખંડિતતા અને રાજકીય વ્યક્તિઓને નિશાન બનાવવા અંગે ગંભીર ચિંતાઓ ઊભી થઈ છે. ભયજનક સુરક્ષા ચેતવણીના જવાબમાં, લોકેશ નારાએ આ ઘટનાને લોકશાહી માટે ગંભીર ખતરો ગણાવીને સખત નિંદા વ્યક્ત કરી. તેમણે હાઈલાઈટ કર્યું કે આવા પ્રયાસોની આ પ્રથમ ઘટના નથી અને તાત્કાલિક પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.TDP પાસે ફોન ટેપિંગ પર ચિંતા વ્યક્ત કરવાનો ઈતિહાસ છે, જે દેખરેખની પેટર્ન અને ગોપનીયતામાં ઘૂસણખોરી સૂચવે છે. લોકેશ નારાની ટિપ્પણી આ મુદ્દાની દ્રઢતા અને તેને સંબોધવા માટે પક્ષની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.લોકેશ નારાએ મામલો વધારવામાં, ચૂંટણી પંચ અને સંબંધિત સુરક્ષા એજન્સીઓને ફરિયાદો કરવામાં કોઈ સમય બગાડ્યો નહીં. આ સક્રિય અભિગમ એ ગંભીરતાને પ્રતિબિંબિત કરે છે કે જેની સાથે ટીડીપી ઘટનાની સારવાર કરી રહી છે.

# આસામના ભૂતપૂર્વ પ્રધાન ચંદન બ્રહ્મા યુપીપીએલમાં જોડાયા: બોડોલેન્ડમાં રાજકીય પરિવર્તન

(એજન્સી) નવી દિલ્હી | તા. 13

રાજ્યના ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી ચંદન બ્રહ્માના બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટ (BPF)માંથી યુનાઈટેડ પીપલ્સ પાર્ટી લિબરલ (UPPL)માં જવાના તાજેતરના પગલાએ આસામના રાજકીય લેન્ડસ્કેપમાં તોફાનો મોકલ્યા છે. UPPLમાં ચંદન બ્રહ્માનો ઔપચારિક સમાવેશ એ આસામમાં આગામી લોકસભા ચૂંટણી પહેલા જોડાણમાં નોંધપાત્ર ફેરફાર દર્શાવે છે.ચિરાંગ જિલ્લાના કાજલગાંવ માર્કેટ કોમ્યુનિટી કોમ્પ્લેક્સમાં આયોજિત એક ભવ્ય સમારોહમાં બ્રહ્માના નિર્ણયને મજબૂત બનાવવામાં આવ્યો હતો, જ્યાં તે UPPL સુપ્રીમો પ્રમોદ બોરોની હાજરીમાં UPPLમાં જોડાયો હતો. તેમની સંતોષ વ્યક્ત કરતાં, ચંદન બ્રહ્માએ પ્રગતિ માટે જરૂરી સામૂહિક પ્રયત્નો પર પ્રકાશ પાડ્યો, આ પ્રયાસ માટે શ્રેષ્ઠ પ્લેટફોર્મ તરીકે UPPL પર ભાર મૂક્યો.ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે, UPPL, શાસક ગઠબંધનમાં મુખ્ય ખેલાડી, વ્યૂહાત્મક લાભ માટે બ્રહ્માના પ્રવેશનો લાભ લઈને, તેની સ્થિતિને મજબૂત બનાવવાનું લક્ષ્ય રાખે છે.

બ્રહ્માની વિદાય બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટને નોંધપાત્ર ફટકો આપે છે, જે પ્રદેશમાં સત્તાની ગતિશીલતામાં સંભવિત પરિવર્તનને રેખાંકિત કરે છે.તેમના નિવેદનમાં, બ્રહ્માએ UPPLના નેતૃત્વ હેઠળ વિકાસ અને એકતાની ગતિને ટકાવી રાખવાની આવશ્યકતા પર ભાર મૂક્યો, પ્રદેશની પ્રગતિ માટે તેમની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી.તેમણે વિસ્તારના વિકાસને આગળ વધારવા માટે UPPL સાથે સહયોગ કરવાનું વચન આપ્યું હતું.

જે પ્રાદેશિક પડકારોને સંબોધવા તરફ સક્રિય અભિગમનો સંકેત આપે છે.ઈન્ડક્શન સમારોહમાં રાજ્યસભાના સાંસદ રંગૌરા નરઝારી અને કોકરાઝાર લોકસભાના ઉમેદવાર જયંત બસુમતારી સહિત અનેક અગ્રણી વ્યક્તિઓની હાજરી જોવા મળી હતી.

પ્રભાવશાળી વ્યક્તિત્વો અને સમુદાયના નેતાઓના સમર્થન સાથે, બ્રહ્માનું UPPLમાં સંક્રમણ રાજકીય પ્રભાવને મજબૂત કરવાના હેતુથી વ્યૂહાત્મક સંરેખણને પ્રતિબિંબિત કરે છે.અ પોલિટિકલ પેરાડાઈમ શિફ્ટ BPF થી UPPL તરફ ચંદન બ્રહ્માનું પગલું પ્રાદેશિક ગતિશીલતા અને ચૂંટણી પરિણામો માટે દૂરગામી અસરો સાથે, આસામના રાજકીય લેન્ડસ્કેપમાં એક નમૂનારૂપ પરિવર્તનને દર્શાવે છે.



**બ્રેકિંગ ન્યૂઝ**

#### રીવામાં 5 વર્ષના છોકરાના ખુલ્લા બોરવેલમાં પડી જવાની દુ:ખદ ઘટના

દેશભરમાં ચિંતા ફેલાવી દીધી છે. ચાલો આ ઘટનાની વિગતો અને ચાલી રહેલા બચાવ કાર્ય વિશે જાણીએ.મધ્ય પ્રદેશના એક જિલ્લો, રીવા, તાજેતરમાં એક દુ:ખદ ઘટનાનો સાક્ષી બન્યો કારણ કે એક નાનું બાળક આકસ્મિક રીતે એક કૃષિ ખેતરમાં ખુલ્લા બોરવેલમાં પડી ગયું. 5 વર્ષનો છોકરો આસપાસમાં નિર્દોષપણે રમતા રમતા 6 સેમીના વ્યાસવાળા બોરવેલમાં પડ્યો હતો. સ્થાનિક અધિકારીઓને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી, અને બોરવેલની ઊંડાઈમાંથી બાળકને બહાર કાઢવા માટે બચાવ પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતા.

#### ભાજપના સર્વાનંદ સોનોવાલ ડિબ્રુગઢમાં વિજયની નજરે છે

જેમ વાઈબ્રન્ટ બિહુ ઉત્સવ આસામની ભાવનાને પ્રકાશિત કરે છે, ચૂંટણીની રાજનીતિનો ગુંજ ડિબ્રુગઢની શેરીઓમાં એટલી જ મજબૂત રીતે ગુંજ્યો. રાજ્યમાં ચૂંટણીના પ્રથમ તબક્કાના ભાગરૂપે 19 એપ્રિલે યોજાનારી ચૂંટણીની તૈયારી કરતી વખતે આ મહત્ત્વની સંસદીય બેઠક હેડલાઈન્સ મેળવી રહી છે.આસામના મધ્યમાં આવેલું ડિબ્રુગઢ રાજ્યના રાજકીય રંગભૂમિમાં મુખ્ય યુદ્ધભૂમિ તરીકે ઉભરી આવે છે. દાવ ઊંચો અને સ્પોટલાઈટ તીવ્ર હોવાને કારણે, ઉમેદવારો અને પક્ષો આ નિર્ણાયક મતવિસ્તારમાં સર્વોચ્ચતા માટે ઉત્સુકતાથી લડી રહ્યા છે.

#### ઉદ્ધવ ઠાકરેએ "નકલી શિવસેના" ટિપ્પણી પર પીએમ મોદી પર વળતો પ્રહાર કર્યો

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે વચ્ચે તાજેતરના શબ્દોના વિનિમયમાં, પીએમ મોદીએ પક્ષને 'બનાવટી' તરીકે લેબલ કરતાં તણાવ વધી ગયો. ઠાકરેએ ઝડપી પ્રતિક્રિયા આપી, ભારપૂર્વક જણાવ્યું કે તેમનો પક્ષ 'તમારી ડિગ્રી' જેવો નથી, જેનો અર્થ એ છે કે શિવસેનાની કાયદેસરતાને મનસ્વી રીતે નક્કી કરી શકાતી નથી.પીએમ મોદીની ટિપ્પણી મહારાષ્ટ્રમાં એક જાહેર રેલી દરમિયાન આવી હતી.

**ઉત્સવ** | **થિમિથી ફેસ્ટિવલનો ઇતિહાસ અને મૂળ**

# મરિયમ્માન મંદિરમાં થિમિથી ઉત્સવમાં મોટી સંખ્યામાં ભક્તો ભાગ લે છે

(એજન્સી) નવી દિલ્હી | તા. 13

તમિલનાડુના માયલાદુથુરાઈ જિલ્લામાં સ્થિત થરંગંબડીના મેલા મરિયમ્મન મંદિરમાં દર વર્ષે થિમિથી તહેવાર મોટી સંખ્યામાં ભક્તોને આકર્ષે છે. આ સદીઓ જૂની પરંપરા નોંધપાત્ર ધાર્મિક મહત્વ ધરાવે છે અને ઉત્સાહ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. ચાલો આ શુભ તહેવારના ઈતિહાસ, ધાર્મિક વિધિઓ અને મહત્વના ઊંડાણમાં જઈએ.

થિમિથિ, જેને ફાયર વૉક તરીકે પણ ઓળખવામાં આવે છે, એ એક હિંદુ તહેવાર છે જે તમિલ મહિનામાં ઐપ્પીમાં ઉજવવામાં આવે છે, જે સામાન્ય રીતે ઑક્ટોબરના મધ્યથી નવેમ્બરના મધ્યમાં આવે છે. તેના મૂળ સદીઓ પાછળ જાય છે, તેના મૂળ હિંદુ પૌરાણિક કથાઓ અને માન્યતાઓ સાથે ઊંડાણપૂર્વક જોડાયેલા છે. આ તહેવાર મુખ્યત્વે દેવી દ્રૌપદી અમ્માનનું સન્માન કરે છે, જેઓ દેવી મરિયમના અવતાર તરીકે આદરણીય છે.



ઉત્સવની શરૂઆત ભક્તોની ભવ્ય સરઘસ સાથે થાય છે, જેમાં કાવડીઓ, 16 ફૂટ સુધીની લંબાઈ સુધીની પ્રતીકાત્મક રચનાઓ હોય છે. મેલા પર્ક્યુસન વાદ્યોની લયબદ્ધ બીટ સાથે, ભક્તો કાવેરી નદીના કિનારેથી મંદિર તરફ આગળ વધે છે. મંદિર પર પહોંચ્યા પછી, શક્તિ કારગામ, એક પવિત્ર પ્રતીક, અગ્નિના ખાડામાં ઉતરે છે, અગ્નિની ઔપચારિક લાઈટિંગની શરૂઆત કરે છે.

પીળા પોશાક પહેરેલા ભક્તો, શુદ્ધતા અને ભક્તિ દર્શાવે છે, ગરમ કોલસા અથવા પથ્થરો પર ખુલ્લા પગે ચાલે છે - એક પ્રથા શુદ્ધિકરણ અને ઈચ્છાઓની પરિપૂર્ણતાનું પ્રતીક માનવામાં આવે છે. આ સાહસિક પરાક્રમ પછી, ભક્તો માવિલાક્કુ દીપમ (દીવો) પ્રગટાવે છે અને દેવી મરિયમ્મનને પ્રાર્થના કરે છે, તેમના આશીર્વાદ અને તેમના જીવનમાં દૈવી હસ્તક્ષેપની માંગ કરે છે.

મેલા મરિયમ્મન મંદિર તમિલનાડુમાં ગહન સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્વ ધરાવે છે. દેવી મરિયમ્માનને સમર્પિત, હવામાન અને રક્ષણની દેવી તરીકે પૂજાય છે, તે આશ્વાસન, ઉપચાર અને આશીર્વાદ મેળવવા માંગતા ભક્તો માટે પવિત્ર યાત્રાધામ તરીકે સેવા આપે છે. થિમિથી તહેવાર દેવી અને તેમની દૈવી શક્તિઓ પ્રત્યે ઉપાસકોની ઊંડી શ્રદ્ધા અને ભક્તિને રેખાંકિત કરે છે.

જ્યારે મેલા મરિયમ્મન મંદિરમાં થિમિથી ઉત્સવ નોંધપાત્ર ધ્યાન ખેંચે છે, સમાન ઉજવણી તમિલનાડુના વિવિધ મરિયમ્માન મંદિરોમાં થાય છે.

### કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલની બિહુ ઉજવણીમાં વાઇબ્રન્ટ સહભાગિતા

(એજન્સી) નવી દિલ્હી | તા 13

બિહુ, આસામના સાંસ્કૃતિક વારસાનો એક અભિન્ન ભાગ છે, આસામી નવા વર્ષની શરૂઆત ઉત્સાહપૂર્ણ ઉજવણીઓ અને વર્ષો જૂની ધાર્મિક વિધિઓ સાથે કરે છે.તહેવારોની શરૂઆત ગોરુ બિહુ સાથે થાય છે, જે આસામી લોકોની કૃષિ આજીવિકાને ટકાવી રાખતા પશુધનને સન્માનિત કરવા અને તેની ઉજવણી કરવા માટે સમર્પિત દિવસ છે.


**ઉત્તર મધ્ય રેલ્વે** G20

પત્ર નંબર:- ઝાંસી/ELG/W/T-44/2023-24/RT. તારીખ :- 10-04-2024

**ટેન્ડર સૂચના**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (જનરલ), નોર્થ સેન્ટ્રલ રેલવે, ઝાંસી દ્વારા નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| **કામનું વર્ણન:** SSE/ELM-પૂર્વ/ઝાંસી, પશ્ચિમ/ઝાંસી, DRM ઓફિસ/ઝાંસી, ડીઝલ શેડ/ઝાંસી અને લલિતપુર ડેપોના અધિકારક્ષેત્રમાં ત્રણ વર્ષના સમયગાળા માટે એસી યુનિટ અને વોટર કુલરનો વાર્ષિક જાળવણી કરાર ઝાંસી વિભાગ. | |
| **ટેન્ડર કિંમત (રૂ):** 6007260.30. | **બાનાની રકમ (રૂ):** 120200/- |

**ટેન્ડર ફોર્મ કિંમત :** શૂન્ય, **કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો :** ત્રણ વર્ષ (36 મહિના ), **ટેન્ડર બંધ થવાની તારીખ :** 03-05-2024 (15:00 કલાક સુધી ) **ટેન્ડર ખુલવાની તારીખ :** 03-05-2024 (15:30 વાગ્યા સુધી ) જો ટેન્ડર ખોલવાની તારીખે રજા હોય અથવા વેબસાઈટમાં ટેક્નિકલ સમસ્યા હોય તો તે જ રીતે બીજા કામકાજના દિવસે ટેન્ડરો ખોલવામાં આવશે. ટેન્ડરર્સ 03-05-2024 ના રોજ 15:00 કલાક સુધી ઓનલાઈન ટેન્ડર સબમિટ કરી શકશે અને સંપૂર્ણ વિગતો માટે, ભારતીય રેલ્વેની વેબસાઈટ https://www.ireps.gov.in પર જાઓ. 643/24 (ADM)

@CPRONCR North central railways @ cproncrly @northcentralrailway www.ncr.indianrailways.gov.in

**ઉત્તર મધ્ય રેલવે** G20

ઈ-ટેન્ડરિંગ ટેન્ડર નોટિસ નંબર અને તારીખ :- JHS-DY-CEE-C-T-06-R-2023

**ઈ-ટેન્ડર સૂચના**

ડેપ્યુટી ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (બાંધકામ), ઉત્તર મધ્ય રેલ્વે, ઝાંસી ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી નીચેના કામ માટે **સિંગલ પેકેટ સિસ્ટમ** પર ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે. વેબસાઈટ **https://www.ireps.gov.in** પર 01-05-2024 ના રોજ 15:00 કલાક સુધી ટેન્ડર ઓનલાઈન સબમિટ કરી શકાય છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે.

ટેન્ડર નંબર :- ઈ-ટેન્ડર નોટિસ નંબર :- JHS-DY-CEE-C-T-06-R-2023

**કાર્યનું નામ:** મહોબા-ખૈરાર જંક્શનને બમણું કરવાના સંબંધમાં 25 KV, 50 Hz, AC વર્તમાન/ નવા SP/SSP/TSS અને SSP/SP/TSS બિલ્ડીંગનું વિદ્યુતીકરણ/ડિઝાઈન, સપ્લાય, ઈરેક્શન, ટેસ્ટિંગ અને કમિશનિંગ અને NC રેલ્વેમાં JHS ડિવિઝનના લલિતપુર ખાતે ફ્લાયઓવર સાથે લલિતપુર-બિરડી લાઈનનું ડબલિંગ.

**અંદાજીત કિંમત :** રૂ 56500472.70/-, **બાના રકમ :-** રૂ:432500/-, **કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો :-** 06 મહિના, લણણી અને ચોમાસાના સમયગાળા સહિત. **ટેન્ડર ખુલવાની તારીખ :-** 01-05-2024 **માન્ય અવધિ :-** 60 દિવસ . સંપૂર્ણ માહિતી માટે તેમજ ટેન્ડર સબમિટ કરવા માટે ભારતીય રેલવેની વેબસાઈટ https://www.ireps.gov.in પર જોઈ શકાય છે . 641/24 (D)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @ CPRONCR

## પાર્કિંગમાં રમતી બાળકીને કારચાલકે કચડી

અમદાવાદ | અમદાવાદમાં ફરી એકવાર બેફામ કારચાલકના કારણે સામાન્ય જનતાનો ભોગ લેવાયો હોય તેવી ઘટના સામે આવી છે. જેમાં અમદાવાદના નેહરુનગર વિસ્તારમાં પાર્કિંગમાં રમતી બાળકી પર કાર ચાલકે કાર ચઢાવી દીધી હતી અને બાળકીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. આ અંગેની માહિતી અનુસાર, અમદાવાદના નહેરૂનગર વિસ્તારમાં આવેલી કલાનિકેતન સોસાયટીમાં પાર્કિંગમાં રમતી બાળકીને કારચાલકે કચડી નાખી હતી. સોસાયટીમાં જ સિક્યુરિટી ગાર્ડનું કામ કરતાં ગાર્ડની બાળકી પર કારચાલકે કાર ચઢાવી દીધી હતી.


# સિટી એક્સપ્રેસ

SUNDAY 14 APRIL-2024

AHMEDABAD


## AMC બોપલ અને ઘુમામાં વસૂલશે 100% ટેક્સ

અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં હદ વિસ્તારમાં 2018 માં બોપલ-ઘુમા નગરપાલિકાને ભેળવી દેવામાં આવી હતી. ત્યારે શરૂઆતનાં 3 વર્ષ બોપલ-ઘુમા વિસ્તારનાં નાગરિકોને પ્રોપર્ટી ટેક્સમાં રાહત આપવામાં આવતી હતી હવે બોપલ-ઘુમા વિસ્તારનાં નાગરિકોને પુરો પ્રોપર્ટી ટેક્સ ચૂકવવો પડશે.તેની સામે સ્થાનિકો આક્ષેપ છે કે,કોર્પોરેશન દ્વારા કઈ પણ સુવિધા જોઈએ એ રીતે અપાતી નથી.AMC અને AUDA સુવિધા માટે એક-બીજાને ખો આપે છે.ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લા 3 વર્ષથી પ્રોપર્ટી ટેક્સમાં રાહત આપવામાં આવતી હતી.



# તંત્રએ આપી મંજૂરી : સૌરાષ્ટ્રની ભૂમિ પર રાજપૂતોનું શક્તિપ્રદર્શન

## આજે રાજકોટમાં ક્ષત્રિયોનું મહાસંમેલન, 1300 બસ અને 4600 કારથી લોકો રતનપર પહોંચશે

(એજન્સી) રાજકોટ | તા.13

રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાનો એક તરફ જોરશોરથી પ્રચાર ચાલી રહ્યો છે અને 16 એપ્રિલે ઉમેદવારી ફોર્મ ભરવાનાં છે. ત્યારે બીજી તરફ સૌરાષ્ટ્રની ભૂમિ પર રાજપૂતોનું શક્તિપ્રદર્શન થવા જઈ રહ્યું છે. આવતીકાલે 14 એપ્રિલને રવિવારે સાંજે રાજકોટથી 14 કિલોમીટર દૂર આવેલા રતનપર ગામે ક્ષત્રિય સમાજનું મહાસંમેલન મળવા જઈ રહ્યું છે.

રતનપર મંદિર સામેના 30 વીઘાના મેદાનમાં 2 લાખથી વધુ લોકો બેસી શકે એ પ્રકારની વ્યવસ્થા થઈ છે. આ સંમેલનમાં રાજકોટ ઉપરાંત અમદાવાદ, વડોદરા, સુરત, સુરેન્દ્રનગર, ભાવનગર, જામનગર અને મોરબી સહિતના જિલ્લાઓમાંથી કાર અને બસોમાં ક્ષત્રિય સમાજના યુવાનો, મહિલાઓ અને વડીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવાના છે. એ માટે કરણીસેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજ શેખાવત અને મહિપાલસિંહ મકરાણા તેમજ રાજ્યના અલગ-અલગ સ્ટેટના રાજવીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યાં છે.

જૂનાગઢ રાજપૂત કરણીસેનાના જિલ્લા-પ્રમુખ ધર્મેન્દ્રસિંહ વાઘેલા, શહેર પ્રમુખ મયૂરધ્વજ સિંહ રાણા સહિત રાજપૂત સમાજની તમામ સંથાઓના અગ્રણીઓ મહાસંમેલનમાં હાજરી આપશે. આ ઉપરાંત અમરેલીના સાવરકુંડલા કાઠી ક્ષત્રિય સમાજના અગ્રણી પ્રતાપ ખુમાણ પણ હાજર રહેવાના છે. મોટું મેદાન હોવાથી 5 લાખ જેટલા લોકો ઊમટે એવી સંભાવના છે. જો ધાર્યા કરતાં વધુ લોકો આવી પહોંચે તોપણ કહી શકાય નહીં. મહારાષ્ટ્ર અને રાજસ્થાન સહિતનાં રાજ્યોમાંથી પણ સમાજના લોકો જોડાશે. આ કાર્યક્રમમાં SOG, ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી, સ્થાનિક પોલીસ સહિતના 250થી વધુ સુરક્ષાકર્મીઓ ફરજ બજાવશે.



### 2થી 5 લાખ લોકો ઉપસ્થિત રહે એવી ધારણાઃ આગેવાન

મહાસંમેલનને લઈ વધુમાં પી. ટી. જાડેજાએ જણાવ્યું હતું કે ભાજપના લોકસભાના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે જે નિવેદન કર્યું છે એના વિરોધમાં આવતીકાલે 14 એપ્રિલે રાજકોટના રતનપર મંદિર સામે ક્ષત્રિય સમાજનું મહાસંમેલન મળવાનું છે, જેમાં 2થી 5 લાખ લોકો ઉપસ્થિત રહે એવી ધારણા છે. અહીં 15 જેટલા લોકોને સ્ટેજ ઉપરથી સ્પીચ આપવાની પરવાનગી આપવામાં આવશે. આ સંમેલન માટે મંજૂરી મળી ગઈ હોવાનું તેમણે જણાવ્યું હતું. તો સાથે જ તેમણે કહ્યું હતું કે આ સંમેલનમાં રાજ શેખાવત ઉપરાંત મહિપાલસિંહ મકરાણાને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ સાથે જ ગામેગામ અને તાલુકા તેમજ શહેરમાંથી ક્ષત્રિય સમાજના યુવાનો, મહિલાઓ અને વડીલો ઊમટી પડશે. એ માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.

### 'રાજવીઓને આમંત્રણ અપાયાં છે'

આ ઉપરાંત તેમણે રાજકોટના રાજવીને આમંત્રણ બાબતે પૂછવામાં આવતાં જણાવ્યું હતું કે અમે રાજ્યના તમામ સ્ટેટના રાજવીઓને આમંત્રણ આપ્યાં છે. તાજેતરમાં પાટણમાં બે દિવસ પહેલાં ક્ષત્રિય સમાજનું મહાસંમેલન હતું. એમાં પણ 8થી 10 સ્ટેટના રાજવીઓ આવ્યા હતા,. જેથી રતનપરમાં પણ મળનારા સંમેલનમાં રાજવીઓ પણ ઉપસ્થિત રહેશે એવો અમને વિશ્વાસ છે.

### 'ત્રણ-ચાર લોકોના કહેવાથી સમાજ અલગ નથી થઈ જતો'

આ સાથે કાઠી ક્ષત્રિય સમાજે ભાજપને આપેલા સમર્થન બાબતે તેમણે જણાવ્યું હતું કે ત્રણથી ચાર લોકો જાહેર કરી દે એનાથી કાઠી ક્ષત્રિય સમાજ ક્ષત્રિય સમાજથી અલગ નથી થઈ જતો. રાજકોટમાં રેલી હતી ત્યારે પણ પ્રાચી ક્ષત્રિય સમાજના આગેવાન ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આવતીકાલે મળનારા સંમેલનમાં પણ પ્રાચી ક્ષત્રિય સમાજના લોકો હાજર રહેશે.

### જામનગરમાંથી 40 હજારથી વધુ લોકો પહોંચવાનો દાવો

જામનગરથી રાજપૂત કરણીસેનાના પ્રદેશ ઉપાધ્યક્ષ દોલુભા જાડેજાની આગેવાની હેઠળ 40થી 50 હજાર ભાઈઓ અને બહેનો રાજકોટના મહાસંમેલનમાં હાજરી આપશે. જિલ્લામાં રાજપૂત સમાજની વસતિ ધરાવતાં તમામ ગામોમાંથી એક બસ રાજકોટ ખાતે સંમેલનમાં જશે, જેમાં સરપંચો સહિત ગામના આગેવાનો મોટી સંખ્યામાં રતનપર જશે.

### અમદાવાદથી 30થી વધુ લક્ઝરી બસ અને 100થી વધુ ગાડીઓમાં લોકો રાજકોટ જશે

અમદાવાદના નરોડા, કૃષ્ણનગર, નવા નરોડા, વસ્ત્રાલ, લાંભા, સિટીએમ, ખોખરા, ચાંદખેડા, મેઘાણીનગર અસારવા નોબલનગર સહિતના વિસ્તારોમાંથી બસો અને ગાડીઓમાં લોકો રાજકોટ સંમેલનમાં ભાગ લેવા જશે. આજે શનિવારે રાત સુધીમાં તમામ લોકોને ક્યાંથી બસ જશે, તે તમામ પ્રકારની માહિતી આપી દેવામાં આવશે. આવતીકાલે સવારે 10 વાગ્યાથી વિવિધ વિસ્તારોમાંથી 30થી વધુ લક્ઝરી બસો અને 100થી વધુ ગાડીઓમાં લોકો રાજકોટ ખાતે પહોંચશે.

### વડોદરા શહેરમાંથી બે હજારથી વધુ લોકો આવશે

વડોદરાથી સાત જેટલી બસો અને પ્રાઈવેટ વાહનોમાં બે હજારથી વધુ ક્ષત્રિયો મહાસંમેલનમાં ભાગ લેવા માટે પહોંચશે. આ અંગે મહાકાલ સેનાના અગ્રણી મહેન્દ્રસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, બસોની વ્યવસ્થા કરી દેવામાં આવી છે. પુરુષોત્તમ રૂપાલા સામે લડત આપવા ક્ષત્રિય સમાજ એક થઇ ગયો છે. હવે જ્યાં સુધી અમારી માગ પૂરી નહિ થાય, ત્યાં સુધી ક્ષત્રિય સમાજ લડત ચાલુ રાખશે. રૂપાલાની ટિકિટ રદ નહીં થાય તો આવનારા દિવસોમાં આ લડત ઉગ્ર પણ બની શકે છે.

---

**Quick Read**

### વરસાદી સિસ્ટમ વચ્ચે ગરમીનો પારો પણ વધવાની શક્યતા : હવામાન વિભાગ



અમદાવાદ | રાજ્યમાં એક તરફ ગરમીનો પારો વધી રહ્યો છે. આ વચ્ચે વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. જેના પગલે વિવિધ ભાગોમાં વરસાદ પડી પણ રહ્યો છે ત્યાં આગામી બે દિવસ વરસાદની આગાહી વચ્ચે ગરમીનો પારો વધવાની શક્યતા વ્યક્ત કરી છે.

જેના અંગે હવામાન વિભાગે આજે આગાહી કરતાં જણાવ્યું કે, ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ પર જે સાયક્લોનિક સરક્યુલેશન બનેલું હતુ તે હવે રાજસ્થાન અને ઉત્તર ગુજરાત તરફ વળ્યુ છે. જેના કારણે આજે અને આવતીકાલે બે દિવસ છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદ થવાની આગાહી છે. આ અંગે હવામાન વિભાગના રામાશ્રય યાદવે જણાવ્યુ છે કે, આજે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરાવલી, મહિસાગર અને દાહોદમાં છૂટાછવાયા સ્થળે સામાન્ય વરસાદની શક્યતા છે. આવતીકાલે એટલે રવિવારે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠામાં છૂટાછવાયા સ્થળે સામાન્ય વરસાદની શક્યતા છે. તેમજ રાજ્યમાં બે બાદ તાપમાનનો પારો ફરી એકવાર વધી શકે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

### મહત્વના સમાચાર : PSIની નવેમ્બર ડિસેમ્બરમાં લેવાશે શારિરીક પરીક્ષા



અમદાવાદ | PSI તથા લોકરક્ષક ભરતીની તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં તેમની પરીક્ષા અંગે મહત્વની માહિતી સામે આવી છે. જેના અનુસાર, નવેમ્બર ડિસેમ્બરમાં શારિરીક પરીક્ષા લેવાશે. જ્યારે જાન્યુઆરી 2025માં શારિરીકનું પરિણામ આવશે તેવી માહિતી સામે આવી રહી છે. આ સાથે જ બોર્ડે PSI અને LRDની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો છે. જે મુજબ 30 એપ્રિલ સુધી PSI અને લોકરક્ષક માટે ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકશે. તો વય મર્યાદા અને શૈક્ષણિક લાયકાત પાછળથી પૂર્ણ કરતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. ઉલ્લેખનીય છે કે, ઓગષ્ટ કે સપ્ટેમ્બર મહિનામાં ઉમેદવારો અરજી કરી શકશે. જેના સાથે જ આ ભરતીની પરીક્ષા નવેમ્બર કે ડિસેમ્બર 2024માં શારીરિક કસોટી લેવાશે. બિન હથિયારી PSIની લેખિત પરીક્ષા જાન્યુઆરી કે ફેબ્રુઆરી 2025માં યોજાશે. તો લોકરક્ષકની લેખિત પરીક્ષા ફેબ્રુઆરી 2025માં યોજાશે. જ્યારે PSIની પરીક્ષાનું ઓગસ્ટ અને લોકરક્ષકની પરીક્ષાનું પરિણામ મે 2025માં જાહેર થશે.

---

## ભરઉનાળે સૌરાષ્ટ્ર-કચ્છમાં કમોસમી વરસાદ

# કેસર કેરીના આંબા ધરાવતા ખેડૂતોના જીવ અદ્ધર

### કચ્છથી લઇને અમરેલીમાં કમોસમી વરસાદથી ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા, ગોંડલમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટા પડ્યાં

(એજન્સી) અમદાવાદ | તા.13

રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા વરસાદ અંગે આગાહી કરવામાં આવી હતી. જે વચ્ચે વિવિધ ભાગોમાં શનિવારે ફરી એકવાર વરસાદી માહોલ જામ્યો છે. જેમાં કચ્છના ભચાઉથી લઈ સૌરાષ્ટ્રના અમરેલીના ધારી અને ગોંડલમાં ભારે પવના સાથે વરસાદી ઝાપટાં પડ્યા છે. જેના સાથે જ હવામાનમાં પલટો જોવા મળ્યો છે.

હવામાન વિભાગ દ્વારા 11 એપ્રિલથી 13 એપ્રિલ સુધી વિવિધ ભાગોમાં વરસાદની આગાહી હતી. જેમાં આજે અમરેલી અને કચ્છ જિલ્લામાં પવન સાથે ક્યાંક ધોધમાર તો ક્યાંક હળવો વરસાદ પડ્યો છે. જ્યારે ગોંડલામાં ઉકળાટ અને બફારા વચ્ચે છાંટા ખરતા જોવા મળ્યા છે.



### અમરેલી અને કચ્છમાં પવન સાથે વરસાદ

આ તરફ અમરેલી, ધારી અને ગીરના પાતળા, તરશિંગડા, રાજસ્થળી, ગઢીયા અને ચાવંડ સહિતના આસપાસના વિસ્તારમાં કમોસમી વરસાદ વરસ્યો છે. આ તરફ કચ્છના ભુજ તાલુકામાં વરસાદી માહોલ છવાયો છે. ગાજવીજ સાથે ભારે વરસાદ પડતાં કચ્છના ખેડૂતો મુંઝવણમાં મુકાઇ ગયા છે.

**ગોંડલના હવામાનમાં પલટો :** આ તરફ ગોંડલ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં માવઠાની આગાહી વચ્ચે હવામાનમાં પલટો જોવા મળ્યો હતો. ગોંડલ શહેર અને પંથકમાં અસહ્ય ઉકળાટ અને બફારા વચ્ચે વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. આ તરફ ભરઉનાળે ચોમાસા જેવો માહોલ જામતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ખેડૂતોને કેરીના પાકમાં નુકસાનના કારણે જીવ ટાળવે ચોંટ્યો છે.

**ક્યા પાકને નુકસાનને શક્યતા :** વરસાદના કારણે ઉનાળું પાકમાં તલ, બાજરી, મગ, અડદ, મગફળી, ડુંગળી, ટેટી, તરબૂચથી લઈ કેરીના પાકને સૌથી વધુ નુકસાનની શક્યતા વર્તાઈ રહી છે. જેમાં પણ કેસર કેરીના આંબા ધરાવતા ખેડૂતોના જીવ અદ્ધર થઈ ગયા છે. તેમજ માર્કેટિંગ યાર્ડમાં તૈયાર પાકને નુકસાન પહોંચ્યો છે.

---

*ટ્રેનની ટક્કરમાં બસ પલ્ટી ગઇ*

## ખુલ્લા ફાટક પાસે ટ્રેન અને બસ વચ્ચે અકસ્માત સર્જાયો



(એજન્સી) અમદાવાદ | તા.13

ઉનામાં ટ્રેનની અડફેટેમાં બસ આવતાં મોટી દુર્ઘટના બની છે. જેમાં કોડીનારના પિછવી અને હડમડીયા ગામ વચ્ચે ખુલ્લા રેલવે ફાટક પાસે દેલવાડા-જૂનાગઢ રૂટની લોકલ ટ્રેન સાથે ખાનગી ટ્રાવેલ્સ હડફેટે બસ પલ્ટી ગઈ હતી. જોકે કોઈપણ જાનહાનિ થઈ નથી.

તેમજ રેલવે ટ્રેક પર લોકલ ટ્રેન જતી હતી ત્યારે ખુલ્લા ફાટક પાસે બસ પસાર થતા ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. કામધેનું નામની ખાનગી બસ નં.જીજે 26 ટી 6232 પલ્ટી ખાઇ ગઈ હતી. જો કે, સદનસીબે જાનહાનિ નહીં હતી. જોકે બસમાં સવાર લોકોને ઈજા પહોંચી છે. આ દરમિયાન બસમાં સવાર ત્રણ લોકોમાંથી એક ડ્રાઈવરને સમાન્ય ઈજા થઈ છે. જેમાં 108 દ્વારા તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા. તેમજ રેલવે વિભાગ દ્વારા પણ આ બેદરકારી અંગે તપાસ કરવામાં આવી રહી છે.

---

## પોરબંદરના માર્કેટીંગ યાર્ડમાં બરડાની કેસર કેરીની આવક

(એજન્સી) પોરબંદર | તા.13

હાલ ઉનાળાના સમયમાં કેરીની આવક શરૂ થતી હોય છે. ગીરની કેસર કેરીની જેમ પોરબંદરના બરડા પંથકની કેસર કેરી પણ પ્રખ્યાત છે. હાલ પોરબંદરના માર્કેટીંગ યાર્ડમાં બરડાની કેસર કેરીની આવક જોવા મળી રહી છે. ખેડૂતોને કેરીના ભાવ પણ સારા મળી રહ્યા છે. હજુ ગીરની કેસર કેરીની આવક શરૂ થઈ નથી. ગીરની કેસર કેરી પ્રખ્યાત છે. તેમ પોરબંદરના બરડા પંથકની કેસર કેરી પ્રખ્યાત છે. સામાન્ય રીતે એપ્રિલ માસના અંતમા કેસર કેરીની આવક જોવા મળતી હોય છે, પરંતુ પોરબંદરના બરડા પંથકની કેસર કેરીની આવક વ્હેલી જોવા મળી રહી છે. બરડા પંથકના કાટવાણા, આદિત્યાણા, બિલેશ્વર, ખંભાળા અને હનુમાનગઢમાં કેરીના બગીચા આવેલા છે.

હાલ બરડા પંથકની કેસર કેરીની આવક જોવા મળી રહી છે. પોરબંદરના યાર્ડમાં હાલ 400 કિલો બરડા પંથકની કેસર કેરીની આવક જોવા મળી રહી છે. તેમનો 10 કિલોનો ભાવ રૂ. 900થી 1800 જેવો મળી રહ્યો છે. બરડા પંથકની કેસર કેરી રસદાર અને વજનદાર હોય છે.

## મતદાનના દિવસે ગુજરાતીઓ ફરવા નહીં જઇ શકે



**ટૂર ઓપરેટરોએ કમરકસી, ડોમેસ્ટિક-ઇન્ટરનેશનલ ટૂરનું બુકિંગ નહીં કરે; એડવાન્સ બુકિંગનું મળશે રિફંડ**

(એજન્સી) અમદાવાદ | તા.13

ગુજરાતમાં આગામી સાતમી મેના રોજ યોજાનારી લોકસભાની ચૂંટણીમાં સૌથી વધુ મતદાન થાય તે માટે ગુજરાતના મોટા ટૂર ઓપરેટરોએ કમરકસી છે, વિશ્વની સૌથી મોટી લોકશાહીના પર્વમાં વધુ લોકો સહભાગી બની 'વોટ ફસ્ટ નેશન ફસ્ટ'ને ધ્યાનમાં રાખી અમદાવાદ ખાતે એક ટ્રાવેલ એસો. ની એક બેઠક મળી હતી. મતદાનમાં સૌથી વધુ લોકો જોડાય તેના ભાગરૂપે સર્વ સંમતિથી એક એવો નિર્ણય લેવાયો હતો કે 7મીને મતદાનના દિવસે ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ગ્રુપ ડિપાર્ચર માટે ઈન્કવાયરી આવશે તો બુકીંગ નહીં કરવા અને 8મી મેથી ટ્રીપનું આયોજન કરવા ટૂરિસ્ટોને સમજાવાશે. અલબત્ત જેમને અગાઉથી આ તારીખમાં એડવાન્સ બુકીંગ કરી પૈસા ભરી દીધા છે તેમને સુધી ચૂંટણીના એક દિવસ પહેલા આવી જાય તે માટે અમે સંપૂર્ણ મદદ કરી રહ્યા છીએ, કેન્સલેશન પોલિસીમાં હોટલ અને એરલાઇન તરફથી પણ સારો સહકાર મળી રહ્યો છે. એક અંદાજ મુજબ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલના 500 જેટલા ગ્રુપ ટૂરના થયેલા એડવાન્સ બુકીંગનો આખો પ્લાન બદલવામાં આવ્યો છે અને ચૂંટણીને ધ્યાનમાં રાખી તારીખો આગળ પાછળ કરી ફેરફાર કરાયો છે.

---

**મુન્નાભાઇ....** કમ્પાઉન્ડરમાંથી બની ગયા ડોક્ટર:, એલોપેથિક દવાના જથ્થા સાથે ઝબ્બે

## સુરતમાં બે શખસ ડિગ્રી વગર ક્લિનિક ચલાવતા પકડાયા

(એજન્સી) સુરત | તા.13

સુરતના પાંડેસરામાં બે અલગ અલગ બનાવવામાં પોલીસે ડુપ્લીકેટ ડોક્ટરને ઝડપી પાડ્યા છે. બંને ડોક્ટર પાસે કોઈપણ પ્રકારની ડિગ્રી ન હોવા છતાં પણ તેઓ ખાનગી પ્રેક્ટિસ કરતા હતા. ડિગ્રી વગર જ તેઓ ક્લિનિકમાં એલોપેથીક દવાનો જથ્થો રાખતા હતા. જેથી પોલીસે બંને સામે ડુપ્લીકેટ તબીબનો ગુનો દાખલ કરી બંનેની ધરપકડ કરી છે. પોલીસે બંને ડોકટરોની પ્રાથમિક પૂછપરછમાં અગાઉ હોસ્પિટલમાં કમ્પાઉન્ડર તરીકે નોકરી કરી સામાન્ય બીમારીમાં કઈ કઈ દવા,



ઈન્જેકશન આપવાની માહિતી મેળવી લીધા બાદ જાતે જ ડોક્ટર બની ગયા હોવાની કબૂલાત કરી હતી. પોલીસે બંને



ક્લિનિકમાંથી દવા, ઈન્જેક્શન સહિત કુલ રૂપિયા 30 હજારનો દવાનો જથ્થો કબ્જે કર્યો હતો.

**નોકરી છોડી ક્લિનિક ચાલુ કર્યું :** વડોદ ગામ ભગવતીનગરમાં આવેલ નીર ક્લિનીકમાં દરોડા કરતા 28 વર્ષીય સદામ શકુર બનખાન ઝડપાયો હતો. સદામના ક્લિનિકમાંથી દવા, ઈન્જેક્સન, સિરપ મળી રૂપિયા 11,979નો જથ્થો કબ્જે કર્યો હતો. વધુમાં SOGના જણાવ્યા મુજબ બંને બોગસ ડોકટરોની પુછપરછમાં તેઓ અગાઉ હોસ્પિટલમાં કમ્પાઉન્ડર તરીકે નોકરી કરતા હતા. ત્યારે ડોક્ટર સાથે મદદમાં રહી દર્દીઓને દવા આપતો હતો.

## વિસાવદર વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણી થવાની શકયતા નહીંવત

(એજન્સી) અમદાવાદ | તા.13

રાજ્યમાં લોકસભાની ચૂંટણી સાથે વિધાનસભાની પેટા ચૂંટણીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે વિસાવદર બેઠકની ચૂંટણી અંગે હાઈકોર્ટમાં સુનાવણી ચાલી રહી છે, જેમાં આગામી સુનાવણી 1 મેના રોજ હાથ ધરવામાં આવી હોવાના કારણે હવે વિસાવદર બેઠકની પેટા ચૂંટણી હાલમાં યોજાઈ તેવી શક્યતા નહીંવત રહેલી છે.

ગુજરાતમાં લોકસભાની 26 બેઠકની સાથે ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણીની 7 મેના રોજ યોજાઈ રહી છે. જેમાં વિજાપુર, ખંભાત, વાઘોડિયા, માણાવદર અને પોરબંદર આ પાંચ બેઠક પર ચૂંટણી યોજાશે. વિસાવદર વિધાનસભા બેઠક પર પેટાચૂંટણીનું કોકડું ગુંચવાયું છે. જેમાં હાઈકોર્ટમાં હર્ષદ રિબડીયાએ અરજી કરી છે. જેમાં ભૂપત ભાયાણીની જીતને પડકારી હતી.

આ અરજ પેન્ડીંગ હોવાના કારણે ચૂંટણી પંચે તારીખ જાહેર ન કરી હતી. જ્યારે હવે તેની સુનાવણી 1મેના રોજ હાથ ધરવામાં આવશે. જ્યારે 7 મેના રોજ પેટાચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે જેથી હાલમાં વિસાવદર બેઠક પર ચૂંટણી યોજાવાની શક્યતા નહીંવત લાગી રહી છે.